Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : ૩૪ ● અંક : ૮૩
તા.૨૯-૦૪-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ વૈશાખ સુદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

સૂર્યોદય : ૦૬:૦૯ સૂર્યાસ્ત : ૦૭:૦૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૮ | વડોદરા | ૪૧.૧ |
| અમદાવાદ | ૪૨.૪ | સુરત | ૩૪.૨ |
| ગાંધીનગર | ૪૦.૫ | નલિયા | ૩૫.૫ |

ચાંદી : ૪૦,૨૦૦ સોનું : ૩૦,૩૦૦

# સરહદે તંગદિલી ઘટાડવા ભારત-ચીન સહમત

## સેનાઓને સ્ટ્રેટેજીક ગાઈડન્સ આપવા મોદી-ઝિનપિંગ તૈયાર : ડોકલામ અને સીપીઈસીના મુદ્દા પર કોઈ ચર્ચા ન થઈ : વિદેશ મંત્રાલયની જાહેરાત



વુહાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બે દિવસીય ચીનની યાત્રા ભલે અનૌપચારિક રહી છે પરંતુ આ દરમિયાન ચીની પ્રમુખ શી ઝિનપિંગની સાથે મોદીએ ગંગા સફાઇ સહિત અનેક મુદ્દા પર વિસ્તારપૂર્વક વાતચીત કરી છે. જો કે જટિલ ડોકલામ અને સીપીઇસીને લઇને કોઇ ચર્ચા કરવામાં આવી નથી. મોદીની ચીન યાત્રાને લઇને વિદેશ સચિવ વિજય ગોખલેએ આજે પત્રકાર પરિષદ યોજીને પુરતી માહિતી આપી હતી. તેમણે કહ્યુ હતુ કે વાતચીત દરમિયાન ગંગા સફાઇથી લઇને વેપાર સંતુલન સહિત અનેક મુદ્દા પર વાતચીત થઇ હતી. ગોખલેએ કહ્યુ હતુ કે બેટકમાં બન્ને નેતાઓની વચ્ચે સરહદ પર તંગદીલીને ઘટાડી દેવાને લઇને પણ સહમતી થઇ હતી. બન્ને નેતાઓએ કહ્યુ હતુ કે તેઓ પોતાની સેનાને સ્ટ્રેટેજિનક ગાઈડન્સ આપશે. પત્રકારો સાથે વાતચીત કરતા વિદેશ મંત્રાલયના સચિવ ગોખલેએ કહ્યુ હતુ કે આ ગાળા દરમિયાન ચીનના બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટ અને ડોકલામ મામલે સીધી રીતે કોઇ વાતચીત થઇ ન હતી. તમામ લોકો જાણે છે કે ચીનના બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટ હેઠળ બની રહેલા ચીન-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોરનો એક હિસ્સો ભારતના જમ્મુ કાશ્મીર રાજયના પાકિસ્તાન કબજા હેઠળના વિસ્તારમાંથી પસાર થાય છે. આને લઇને ભારતને વાંધો છે. શુક્રવારના દિવસે બન્ને નેતાઓ વચ્ચે થયેલી બેઠકમાં શાંતિપૂર્ણ, સ્થિર અને સારા આર્થિક સંબંધજાળવી રાખવાના મુદ્દા પર વાતચીત થઇ હતી. આ ગાળા દરમિયાન દ્વિપક્ષીય અને વૈશ્વિક સંબંધ સાથે જોડાયેલા વિષયો પર પણ વાતચીત થઇ હતી. બન્ને નેતાઓએ કબુલાત કરી હતી કે ભારત અને ચીનમાં દુનિયાની ૪૦ ટકા વસ્તી રહે છે. આવી સ્થિતીમાં બન્ને દેશો સાથે મળીને ચાલે તે જરૂરી છે. ઝિનપિંગ અને મોદીએ સેનાઓની વચ્ચે વધારે સારા સંવાદની જરૂરિયાત પર ભારે મુક્યો હતો.

વિદેશ સચિવ ગોખલેએ કહ્યુ હતુ કે બન્ને દેશો વચ્ચે કેટલાક એવા ક્ષેત્રો શોધી કાઢવાના પ્રયાસ થઇ રહ્યા છે જેમાં બન્ને દેશો સાથે મળીને આગળ વધી શકે છે. બન્ને દેશો પોતાના વિવાદોને પારસ્પિક વાતચીત મારફતે ઉકેલી લેવા સક્ષણ છે. સરહદના પ્રશ્ને ભારત અને ચીન નક્કરણે માને છે કે આ વિવાદને શાતિપર્ણ રીતે ઉકેલી શકાય છે.

## વિચાર વૈભવ...

ઈશ્વર ‘ચમત્કાર’ આજે પણ કરે જ છે. એને ‘યોગાનુયોગ’ કહી આપણે આંખ આડા કાન કરીએ છીએ, શ્રદ્ધા- વિશ્વાસ અને દૃષ્ટિ હોય તો એ ‘સાક્ષાત્કાર’ જ છે.

ન્યૂ યોર્ક શહેરમાં એક માતાના સાત વર્ષના પુત્રને માથામાં ગાંઠ હતી. ડોક્ટરની સલાહ લીધી, ડોક્ટરે હાથ ખંખેરી નાખ્યા અને આકાશ તરફ આંગળી કરી કહ્યું, હવે આને કોઈ ‘ચમત્કાર’ જ બચાવી શકે!

એ ભાઈની પાંચ વર્ષની નાની બહેન આ સંવાદ સાંભળતી હતી. ભાઈ પ્રત્યેનો પ્રેમ અને માની આંખમાંથી નીકળતાં આંસુથી એ પણ ચિંતિત અને દુઃખી હતી. પણ ઉપાયની ખબર નો’તી. ત્યાં ઝબકાર થયો. કોઈ ‘ચમત્કાર’ જ બચાવી શકે’ એ ડોક્ટરના શબ્દો યાદ આવ્યા.

પોતાની ખાનગી બચતના બે ડોલર લઈ દવાની દુકાને ગઈ ને કહ્યું, મને ‘ચમત્કાર’ આપો. દુકાનદારે બાળાની વિગત સાંભળી. તે વખતે પ્રસિદ્ધ ન્યુરો સર્જન ડૉ.કાર્લસ આર્મસ્ટ્રોંગ ત્યાં ઊભા હતા. બાળકીની નિર્દોષતા તેને સ્પર્શી ગઈ. તેણે કહ્યું, ચાલ! મારી પાસે ‘ચમત્કાર’ છે, તારા ભાઈ પાસે લઈ જા!

ભાઈની દવાખાનામાં ડૉ.આર્મસ્ટ્રોંગે સારવાર કરી, મગજનું જટિલ ઓપરેશન કર્યું અને ‘ચમત્કાર’ સર્જ્યો... બહેનને ભાઈ મળ્યો.

- સુરેશ પ્રા.ભટ્ટ

## પેટ્રોલ ૭૫ અને ડિઝલ સૌ પ્રથમવાર ૭૦ને પાર

## રાજયમાં પેટ્રોલ-ડિઝલના ભાવ આસમાને : પ્રજામાં રોષ

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતભરમાં અને સમગ્ર દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવો રોજેરોજ નવી ઉંચાઈએ પહોંચી રહ્યા છે, ત્યારે આજે અમદાવાદમાં ડીઝલનો ભાવ ઈતિહાસમાં સૌપ્રથમવાર રૂ.૭૦ને પાર કરી ગયો હતો. અમદાવાદમાં આજે ડીઝલ ૭૦.૬૪ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાઈ રહ્યું હતુ, જ્યારે શેલના પેટ્રોલ પંપો પર પેટ્રોલ રેકોર્ડતોડ રૂ.૭૫.૯ પ્રતિ લિટરના ભાવે અને આઈઓસીના પેટ્રોલપંપો પર રૂ. ૭૩.૭૭ પ્રતિ લિટરના ભાવે વેચાઈ રહ્યું હતુ. પેટ્રોલ-ડિઝલના ભડકે બળતા ભાવોને જોઈને પ્રજામાં ઉગ્ર આક્રોશ ભભૂકી ઉઠયો હતો. રાજય સરકાર સહિત કેન્દ્ર સરકારને પેટ્રોલ-ડિઝલમાં આટલી હદના રેકોર્ડ તોડ ભાવવધારા છતાં તેને અંકુશમાં લેવાના કોઇ સક્રિય પ્રયાસો નહી થતાં લોકોમાં ભારોભારો રોષ પ્રવર્તી રહ્યો છે. બીજીબાજુ, પેટ્રોલ-ડિઝલને હજુ સુધી જીએસટી હેઠળ આવરી નહી લેવાતાં પણ ભાવવધારો બેકાબૂ બન્યો છે. પેટ્રોલ-ડિઝલમાં રેકોર્ડ તોડ અને સામાન્ય જનતા માટે અસહ્ય એવા ભાવવધારાનો ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે જોરદાર વિરોધ નોંધાવતાં જણાવ્યું છે કે, જો કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડિઝલનો તાત્કાલિક જીએસટીમાં સમાવેશ નહી કરે તો, લોકસભાની આગામી ચૂંટણીમાં મતદાર ગ્રાહક જાગૃતિ અભિયાન શરૂ કરી ગ્રાહક મતદારોને ચૂંટણીમાં કોઈપણ પક્ષના ઉમેદવારોને મત નહી આપવા નોટાનું એલાન આપવામાં આવશે. કેન્દ્ર સરકાર અને રાજય સરકારની લોકહિત વિરોધી નીતિના કારણે પેટ્રોલ-ડિઝલના ભાવો બેકાબૂ બન્યા છે. આટલી હદના ભાવોમાં નાગરિકોને તેમના વાહનોમાં કોઈપણ રીતે પેટ્રોલ-ડિઝલ પૂરાવવું પરવડે તેમ નથી તેમછતાં કેન્દ્ર સરકાર અને રાજય સરકાર શા માટે પ્રજાહિતમાં પેટ્રોલ-ડિઝલના ભડકે બળતા ભાવોને નિયંત્રણમાં લેવા કોઈ નક્કર પગલા લેતી નથી. સમિતિના પ્રમુખ મુકેશ પરીખે વધુમાં ઉમેર્યું હતું કે, અમદાવાદમાં આખોય એપ્રિલ મહિનો પેટ્રોલ ૭૩ રૂપિયાથી નીચે ઉતર્યું જ નથી.

## મોદી પહેલી મેથી કર્ણાટકમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરશે

### ૯૦ ટકા લોકોને કોંગ્રેસમાં હવે વિશ્વાસ નથી : યેદુરપ્પા

બેંગલોર

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા એકબીજાને પછાડવા માટે બનતા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસે તમામ તાકાત ચૂંટણીમાં લગાવી દીધ છે. કર્ણાટકમાં ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર બીએસ યેદયુરપ્પાએ કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહની ઉપસ્થિતિમાં ભાજપની જીતવાની તકો ૫૦ ટકા વધારે વધી ગઈ છે. યેદીયુરપ્પાએ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું છે કે આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પરિણામોનું પુનરાવર્તન કરશે. પાર્ટી ઓર્ગેનાઈઝેશનની સ્થિતિ મોદીના નેતૃત્વ હેઠળ ખૂબ મજબત થઈ છે. યેદીયુરપ્પાએ દાવો કર્યો છે કે કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી ૨૨૪ વિધાનસભા બેઠકો પૈકી ૧૪૦ સીટો જીતીને સપાટો બોલાવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે ૨૦૦૮ બાદથી સ્થિતિમાં ઘણા ફેરફાર થઈ ચુક્યા છે. ૨૦૦૮માં કર્ણાટકમાં ભાજપને ૧૧૦ સીટો મળી હતી. યેદીયુરપ્પાનું કહેવું છે કે ગુજરાત, ઉત્તરપ્રદેશ અને અન્ય રાજ્યો કરતા પણ પાર્ટી સંગઠન કર્ણાટકમાં ખૂબ મજબૂત છે. શાહ અને મોદીના લીધે પાર્ટીની સ્થિતિ વધારે મજબૂત થઈ છે. બીજી બાજુ મોદી પોતે કર્ણાટકમાં ચૂંટણીને લઈને ઝંઝાવતી પ્રચાર કરવા માટે સજ્જ થઈ ચુક્યા છે. પહેલી મેથી મોદી ઝંઝાવતી પ્રચાર કરનાર છે. મોદીના પ્રચાર બાદ પાર્ટીની સ્થિતિમાં વધારે મજબૂતી જોવા મળી શકે છે. બીજી બાજુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પણ આક્રમક પ્રચારમાં વ્યસ્ત થયેલા છે. ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર યેદીયુરપ્પાએ દાવો કર્યો છે કે રાજ્યના ૯૦ ટકાથી વધુ લોકો મુખ્યમંત્રી સિદ્ધારમૈયામાં વિશ્વાસ ગુમાવી ચુક્યા છે.

## સાર સમાચાર...

### સુરેન્દ્રનગરમાં કાર-ડમ્પર ટકરાતા ચાર લોકોના મોત

અમદાવાદ

ગુજરાતમાં બે જુદા જુદા માર્ગ અકસ્માતોમાં સાતથી વધુ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. સુરેન્દ્રનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ અહીં થયેલા અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે. ચુડાના ભગુપુર-કર્મડ રોડ પર ડમ્પરે કારને અડફેટે લેતા ચાર લોકોના કરૂણ મોત થયા હતા. ઘાયલ થયેલી એક અન્ય વ્યક્તિને લીમડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ અકસ્માતમાં મોતને ભેટનારા તમામ લોકો રાણપુરા તાલુકાના હોવાનું જાણવા મળ્યું છે.

### સુપ્રિમમાં સુનાવણીને લઈને તમામની નજર કેન્દ્રિત

## એસસી-એસટી રિવ્યૂ અરજી પર ચોથીએ સુનાવણી કરાશે

### દલિત સમુદાયમાં સુપ્રિમ કોર્ટના ચુકાદા બાદથી હાલમાં નારાજગી છે : કેન્દ્ર સરકાર વતી અરજીમાં તર્કદાર દલીલો

નવી દિલ્હી

એસસી-એસટી સમીક્ષા અરજી પર સુપ્રિમ કોર્ટ ચોથી મેના દિવસે સુનાવણી કરવા માટે તૈયાર થઈ ગઈ છે. સરકાર દ્વારા કરવામાં આવેલી સમીક્ષા અરજી પર આ સુનાવણી કરવામાં આવનાર છે. ૨૦મી માર્ચના દિવસે સુપ્રિમ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યા બાદ દલિત સમુદાયના લોકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. જેના લીધે ઘણા રાજ્યોમાં વ્યાપક હિંસા પણ થઈ હતી. આના કારણે ૧૩થી વધુ લોકોના મોત થયા હતા. સુપ્રિમ કોર્ટે ૨૦મી માર્ચના દિવસે આપેલા પોતાના ચુકાદામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર અટકાયત ધારામાં વધારાની સુરક્ષાને લઈને કેટલીક વાત કરી હતી. આ મામલામાં સુપ્રિમ કોર્ટે કાયદા હેઠળ તરત ધરપકડ કરવાને રોકવાનો આદેશ કર્યો હતો. જેના પરિણામ સ્વરૂપે દેશભરમાં દલિત સમુદાયના લોકો નાખુશ દેખાયા હતા. એટર્ની જનરલ એ.કે. વેણુગોપાલે સમીક્ષા અરજીના સંદર્ભમાં વિગતવાર માહિતી સુપ્રિમ કોર્ટ સમક્ષ રજુ કરી હતી. જસ્ટીસ આદર્શકુમારના નેતૃત્વમાં બેચ સમક્ષ આ રજુઆતો કરવામાં આવી હતી. જસ્ટીસ ગોયલે ત્યારબાદ આ મામલામાં ચોથી મેના દિવસે વધુ સુનાવણી હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. જસ્ટીસ આદર્શકુમાર ગોયલના નેતૃત્વમાં બેચ સમક્ષ તીવ્ર દલીલો રજુ કરવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટમાં ખુલ્લી કોર્ટમાં સુનાવણી કરવાની રજુઆત પણ થઈ ચુકી છે. તાકીદે સુનાવણી કરવાની માંગ આ અરજીના સંદર્ભમાં થઈ ચુકી છે. પ્રાથમિક તપાસ પૂર્ણ કરવા માટે એક સપ્તાહની મહેતલ સુપ્રિમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટના ચુકાદા બાદ કાયદાને નબળો કરવાના સંકેત દલિત સમુદાયમાં જતા આને લઈને દલિત સમુદાયના લોકો વ્યાપક હિંસા પર ઉતરી આવ્યા હતા. અલબત્ત સરકારે કહ્યું હતું કે સુપ્રિમ કોર્ટ તરફથી કોઈ ફેરફાર કાયદામાં કરાયા નથી.

### ગુજરાત સહિત ચાર રાજ્યોમાં બેન્કો ચાલુ રહેશે

## બંગાળ અને મહારાષ્ટ્રમાં બે દિવસ બેંકો બંધ રહેશે

નવી દિલ્હી

બેંકોમાં ફરી એકવાર લાંબી રજા આવી રહી છે. અલબત્ત જુદા જુદા રાજ્યોમાં આ રજાની અસર રહેનાર છે. લોકોને રોકડની કોઈ તકલીફ ન પડે તે માટે સરકારે એટીએમમાં પુરતા પ્રમાણમાં નાણાં ઉપલબ્ધ કરાવી દીધા છે. બીજી બાજુ ઓનલાઈન પણ લોકો પૈસા ઉપાડી શકે છે. એમ માનવામાં આવી રહ્યું છે કે કેટલાક રાજ્યોમાં બેંકો ત્રણ દિવસ સુધી બંધ રહેશે. જ્યારે કેટલીક જગ્યા ઉપર પહેલી મેના દિવસે બેંક ખુલી જશે. આજે શનિવારના દિવસે બેંકો બંધ રહી હતી. બીજી બાજુ સોમવાર એટલે કે ૩૦મી એપ્રિલના દિવસે બુદ્ધપૂર્ણિમા અને પહેલી એપ્રિલના દિવસે લેબર ડે હોવાના પરિણામ સ્વરૂપે બેંકો બંધ રહેશે. ઈન્ડિયન બેંક એસોસિએશનની વેબસાઈટ પર ૧૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં બેંકોમાં રહેલી રજાઓની યાદી આપવામાં આવી છે જે મુજબ ૩૦મી એપ્રિલના દિવસે સોમવારે બુદ્ધપૂર્ણિમાંના પ્રસંગે દિલ્હી, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, હિમાચલપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળમાં બેંકોમાં રજા રહેશે. આવી જ રીતે આગલા દિવસે પહેલી એપ્રિલના દિવસે લેબર ડે હોવાના કારણે આંધ્રપ્રદેશ, ગોવા, કર્ણાટક, કેરળ, મણીપુર, તમિલનાડુ, તેલંગાણા, પશ્ચિમ બંગાળમાં બેંકોમાં રજા રહેશે. મહારાષ્ટ્રમાં પણ બેંકોમાં રજા રહેશે. સોમવાર અને મંગળવારના દિવસે જે રાજ્યોમાં બેંકોમાં રજા રહેનાર છે તેમાં પશ્ચિમ બંગાળમાં ક્રમશઃ બુદ્ધપુર્ણિમાં અને લેબર ડેના કારણે રજા રહેશે. બંગાળ અને મહારાષ્ટ્રમાં બંને દિવસે બેંકો બંધ રહેશે. સોમવાર અને મંગળવારના દિવસે આ રાજ્યોમાં બેંકો બંધ રહેવાથી કામગીરી ન ખોરવાય તે માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.

## ધાનેરા ખાતે ૪૨ કરોડના ખર્ચે બંધાનાર રેલ્વે ઓવર બ્રીજનું કાલે ભૂમિપૂજન થશે

### નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે ભૂમિપૂજન કરાશે

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાની વર્ષોથી રેલ્વે બ્રીજની માંગણી હવે સંતોષાશે અને સમસ્યાનો અંત આવશે. તેમ માવજીભાઈ દેસાઈએ જણાવી કહ્યું હતું કે રૂા. ૪૨ કરોડના ખર્ચે ધાનેરા રેલ્વે ઓવર બ્રીજ બનશે અને સોમવારે તેનું ખાતમુહુર્ત ભૂમિપૂજન નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના વરદ હસ્તે થશે.

ધાનેરામાં આ રેલ્વે બ્રીજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧૬ એ ઉપર આવેલ છે. જેનો એલ.સી. નંબર ૧૪૯ એ છે આ રેલ્વે લાઈન જોધપુર, સમદડી, ભીલડી, સામખ્યાલી કચ્છની જોડતી તેમજ કંડલા, મુન્દ્રા, બંદરોના માલવાહનના અવર-જવર માટે મહત્વની લાઈન છે અને અહીંથી રોજની અનેક માલવાહક તેમજ પેસેન્જર ટ્રેનો પસાર થાય છે. આ રેલ્વે બ્રીજ રાજસ્થાનના રાણીવાડા સાંચોર તાલુકાને જોડતો કડીરૂપ છે. પરંતુ પુલ સાંકડો હોઈ ટ્રાફિકની ભારે સમસ્યાનો સામનો કરવો પડતો હતો. જેથી ધાનેરા ભાજપના કાર્યકર્તાઓ દ્વારા તથા અગ્રણીઓ, સેવાભાવી સંસ્થાઓ તેમજ કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા રજુઆતો કરતાં ૨૦૧૪ માં ભારત સરકારના ૫/૪/૧૪ ના ગેઝેટથી રાજ્ય ધોરી માર્ગમાંથી, રાષ્ટ્રિય ધોરીમાર્ગ તરીકે પરિવર્તિત થયેલ હાઈવે ઉપર રેલ્વે બ્રીજના નવિનીકરણ માટે ૪૨ કરોડ મંજુર કરવામાં આવતાં ધાનેરામાં ખુશાલી જોવા મળી રહી છે.

આ હયાત રેલ્વે બ્રીજની પહોળાઈ ૫ મીટર છે. જેને નવિનીકરણમાં હયાત બ્રીજની બંને બાજુ એવી રીતે ફોરલેન બ્રીજની અને તેમાં ૮.૫ મીટરનો રસ્તાની પહોળાઈ સાથે તેમજ ૩.૫ મીટર પહોળા સર્વિસ રોડ અને સાઈડમાં ગટર લાઈન, ફુટપાથ સાથે ધાનેરા શહેરમાં જવા માટે ગરનાળાના અને ધાનેરા અને ડીસા બાજુ અંદાજે ૩૫૦ મીટરની એપ્રોચ લંબાઈ સાથે પુલ ઉપર સ્ટ્રીટ લાઈટ સાથેની કામગીરીની મંજુરી મળતાં તેનું ખાતમુહુર્ત સોમવારે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે થનાર છે. જેમાં મનસુખ એલ. માંડવીયા (કેન્દ્રિય રાજ્યમંત્રી માર્ગ પરિવહન), કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી, ધારાસભ્ય પરબતભાઈ પટેલ તથા નથાભાઈ એચ.પટેલ હાજર રહેશે. ધાનેરા - પાંથાવાડાને પણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ

અનુસંધાન પાના નં.૬

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

## બનાસકાંઠા જિલ્લામાં કાળઝાળ ગરમી યથાવત : ડીસામાં ૪૧.૮ ડીગ્રી તાપમાન


નરસિંહ દેસાઈ

પ્રતિ વડાવળ

ડીસા સહિત જિલ્લાભરમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે બપોરના સમયે ગરમીનું પ્રમાણ સૌથી વધુ રહેતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે જિલ્લાભરમાં લગ્નોની સીઝન ચાલી રહી છે. તેવા ટાંકણે ગરમી વધતા લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે સખત ગરમી પડતી હોવાથી બપોરના સમયે લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. જેથી જનજીવન ખોરવાઈ ગયું છે અને રસ્તાઓ પણ સુમસામ બની રહ્યા છે. રાજયમાં અનેક સ્થળો પર ૪૨ ડીગ્રી જેટલું તાપમાન નોંધાયું છે. ડીસા સહિત જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનનો પારો ઉંચકાતા સમગ્ર પંથકમાં હીટવેવનો માહોલ પ્રર્વતી રહ્યો છે આકાશમાંથી વરસતી અગનવર્ષા અને સરહદી વિસ્તારોમાં ફુંકાતા ગરમ પવનોને લઈ તાપમાન વધતા પ્રજાજનો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. એપ્રિલના અંતિમ દિવસોમાં ઉનાળો રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે જો કે ગરમીના કારણે ખેતીના પાક બાજરી વગેરેને ખુબ સારો ફાયદો થઈ રહ્યો છે. પણ તાપમાનનો પારો ઉંચકાતા ગરમીના આગોશમાં સપડાયેલ પંથકમાં જનજીવન પર ખુબ મોટી અસર જોવા મળી રહી છે. જેના પગલે બપોરના ૧૨ કલાકથી ૪ કલાક દરમિયાન રસ્તાઓ પણ સુમસામ ભાસી રહ્યા છે. મહંદઅંશે લોકોએ સવારે કાંતો મોડી સાંજે બહાર નીકળવવાનું વધારે પસંદ કરી રહ્યા છે. જિલ્લાભરમાં લગ્નોની સીઝન જામી છે તે સમયે ગરમીનું પ્રમાણ વધતા લોકોનું આરોગ્ય પણ જોખમાયું છે ત્યારે શનિવારના રોજ ડીસાનું મહત્તમ તાપમાન ૪૧.૮ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૮ ડીગ્રી સાથે પવનગતિ ૦૯ કિલોમીટર પ્રતિ કલાક રહેવા પામી છે.

સૂર્યોદય - ૬.૦૯ સૂર્યાસ્ત - ૭.૦૫

## તિથિદર્શન
વૈશાખ સુદ-૧૪ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ સુદ :ચૌદસ રવિનાર નક્ષત્ર:ચિત્રા બપોરે ૨.૦૭ પછી સ્વાતી યોગ :વજ્ર કરણ: વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### જીવન્તો અપિ મૃતાઃ પંચઃ વ્યાસન પરકીર્તિતાઃ દરિદ્રો, વ્યાધિનો મૂર્ખ પ્રવાસી નિત્ય સેવકઃ

'નિર્ધન- ગરીબ- પૈસા વિનાનો માણસ, માંદો- રોગી, માણસ,મૂર્ખ, મુસાફર અને હંમેશ માટેનો સેવક (નોકર- દાસ) આ પાંચ જીવતાં છતાં પણ મરેલા જેવા જ છે. એમ વ્યાસ મુનિ કહે છે.'

સમાજ, કુટુંબ- પરિવારમાં ભલે વડીલ હોય કે વિદ્વાન- સન્માનીય વ્યક્તિત્વ હોય તોપણ જો નિર્ધન હોય તો ઘર- કુટુંબ તો ઠીક પણ અન્ય સામાજિક વ્યવહારમાં પણ એને ખાસ મહત્વ આપતું નથી.

બીમારીને કારણે બગડેલો સ્વભાવ હોઈ અને જાતને જ પૂર્વગ્રંથીથી પીડાતો રોગી પોતાનું હવે કંઈ જ મહત્વ નથી એવું માનવા લાગે છે અને રોજના રોગી પર પરિવાર પણ કેટલો પ્રેમ વરસાવે?

જેમની વાતોમાં મૂર્ખાઈ જ ભરી હોય એને કોઈ સાંભળતું નથી,સાંભળે તો કોઈ ધ્યાને લેતું નથી.

જે સદાય મુસાફરી કરવા હોય કે મુસાફરી પુરતો સાથ હોય એમની વાતચીત કે સ્વભાવ કે વર્તનનું ખાસ મહત્વ હોતું નથી. જેને સદાય અન્ય લોકોની સેવાચાકરી અને દાસત્વપણું જ લખાયું હોય એને બધાં લોકો કામ ચીંધ્યા જ કરે છે, કામ સિવાય એનું ક્યાંય કોઈ મહત્વ રહેતું નથી. આમ, આ પાંચ જીવતા હોવા છતાં પણ મૃત દશામાં જીવતા હોય એવા જ છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) મોઢે આવેલો કોળિયો છીનવાઇ જાય. પડવા-વાગવાથી સંભાળવું.**

**વૃષભ : (બ.વ.ઉ.) આરોગ્ય અંગે સાવચેત રહેવું હિતાવહ. અણધાર્યો લાભ થાય.**

**મિથુન : (ક.છ.ઘ.) શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.**

**કર્ક : (ડ.હ.) કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.**

**સિંહ : (મ.ટ.) મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.**

**કન્યા : (પ.ઠ.ણ.) મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ મળે.**

**તુલા : (ર.ત.) મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.**

**વૃશ્ચિક : (ન.ય.) વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.**

**ધન : (ભ.ફ.ધ.)ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.**

**મકર : (ખ.જ.) લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.**

**કુંભ : (ગ.શ.સ.) ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યનું આયોજન થાય.**

**મીન : (દ.ચ.જ.થ.) અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

અમદાવાદના જાણીતા સેવાભાવી યશસ્વી રાયબહારદુર શ્રી રણછોડલાલની જન્મજયંતી છે.

એમનો જન્મ તા.૨૯-૪-૧૮૨૩ના રોજ અમદાવાદમાં થયો હતો.

ઈ.સ.૧૮૮૪થી ૨૯-૪-૧૮૯૮ સુધી ચૌદ વર્ષ અમદાવાદ મ્યુનિસિપાલીટીના પ્રમુખ તરીકેની તેમની સેવાઓ નોંધપાત્ર છે. અમદાવાદના કાપડ ઉદ્યોગની શરૂઆત પણ તેમણે કરી હતી.

આ મહામાનવનું તા.૨૬-૧૦-૧૮૯૮ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ઓ.બી.રાયકા એજ્યુકેશન ટ્રસ્ટ આયોજીત ટાટના વર્ગોનો શુભારંભ

ડીસા

ઓ.બી.રાયકા એજ્યુકેશન ટ્રસ્ટ દારા દર વર્ષે શિક્ષક બનવા માટે સરકાર દ્વારા લેવાતી ટાટા અને ટેટની પરીક્ષા માટે બીએડ કરેલ પીટીસી કરેલ ઉમેદવારો આ પરીક્ષા પાસ થાય તો જ શિક્ષક બની શકે ત્યારે અત્યારે સ્પર્ધાત્મક પરીક્ષા માટે આ ટ્રસ્ટ દ્વારા નહીંવત ખર્ચ લઇ રોજના પાંચ કલાક સુધી તૈયારી કરાવવા દ્વારા સમગ્ર આયોજનબધ્ધ અને શિક્ષણ કાર્ય કરવામાં આવે છે. ટ્રસ્ટનો નફાનો કોઈ હેતુ નથી અને સાચા માર્ગદર્શન હેઠળ સમગ્ર મટેરીયલ આપી સમગ્ર ટેસ્ટ લેવામાં આવશે અને સારા પરિણામ માટે સખત મહેનત કરવામાં આવશે ગઇ સાલ નહિવત ખર્ચથી ચલાવેલા વર્ગમાં સમગ્ર જિલ્લામાં સૌથી વધુ પરિણામ અને તે પણ સૌથી ઊંચા ગુણ ૧૩૫ પ્રાપ્ત પણ આ વર્ગમાંથી આ વર્ગનું ૯૭% પરિણામ આવેલ આ વર્ગમાં તમામ સમાજ અને ધર્મ ના લોકો ને તેમજ આર્થિક રીતે પણ જે લોકો ઉંચી ફી ભરી શકતા નથી તેવા લોકો માટે આ ટ્રસ્ટ આશીર્વાદરૂપ બનવાના હેતુથી તેમજ પૂર પ્રકોપમાં આ ટ્રસ્ટ પૂરમાં લોકોને મદદ રૂપ થઈ સમગ્ર સેવાના હેતુથી કાર્ય કરી રહેલ છે ટાટ ટેટના વર્ગનું આયોજન ઓધારભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવેલ છે તમામ ટ્રસ્ટ સભ્યોએ શિક્ષકોનો સેવા યજ્ઞ માટે આભાર વ્યક્ત કરેલ જરૂરિયાતમંદ તાલીમાર્થીર્ઓને લાભ લેવા આહવાન કરેલ બેસવા માટે દેવ હોસ્ટલના ટ્રસ્ટી રાજાભાઈ તરફથી મફત સગવડ આપેલ છે.

# બનાસકાંઠા જિલ્લાના ટુ વ્હીલર વાહન માલિકોએ પસંદગીના નંબર મેળવવા અંગે

પાલનપુર

આર.ટી.ઓ. પાલનપુર દ્વારા તમામ ટુ વ્હીલર વાહન માલિકોને જણાવવામાં આવે છે કે ટુ વ્હીલરની નવી સીરીઝ જીજે ૮ બીએલ થી ૯૯૯૯ સુધી તા.૩/૫/૨૦૧૮ના રોજ શરૂ કરવામાં આવનાર છે. પસંદગીના નંબર મેળવવાની ઈચ્છા ધરાવતા વાહન માલિકોને તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી પસંદગીના નંબર માટે ઈ-ફોર્મ્સ, પસંદગીની ફી ની રકમના ડીમાન્ડ ડ્રાફટ સાથે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી (પેએબલ એટ પાલનપુર) ના નામનો કઢમવી બંધ કવરમાં આર.ટી.ઓ. કચેરી પાલનપુરને રજી.એડી.થી તા.૩/૫/૧૮ના સાંજના ૬.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. કવર ઉપર ફક્ત વાહન માલિકનું નામ અને સરનામું જ લખવું, પસંદગીનો નંબર લખવો નહી. અન્યથા ફોર્મ રદ કરવામાં આવશે.

વધુમાં જીજે ૦૮ બીજે, બીકે સીરીઝ સીલ્વર ગોલ્ડન નંબરો પેન્ડીંગમાં છે તેનું લીસ્ટ પેટામાં સામેલ રાખેલ છે. જે સૌ પ્રથમ ઓકશનથી હરાજી કરવાની રહેશે. આ સીરીઝ તા.૩/૫૨૦૧૮ના રોજ ખોલવમાં આવશે. પસંદગીના નંબર મેળવવા માટે અરજદારશ્રીઓએ તા.૩/૫/૧૮ના રોજ હાજર રહેવા જણાવવામાં આવે છે. અરજદારોની રૂબરૂમાં એક જ નંબર માટે વધુ અરજીઓ હશે. જે પૈકી અરજદારની પસંદગી ફી ની રકમ હશે તેને તે નંબર ફાળવવામાં આવશે. જેની સર્વે વાહન માલિકોએ નોંધ લેવી.

# ત્રિપદા તેમજ કાપડિયા સ્કુલમાં પરિણામને અટકાવાતાં વિવાદ

અમદાવાદ

શાળાઓની ફી ને લઈ શાળા સંચાલકો અને વિદ્યાર્થીઓ-વાલીઓ વચ્ચેનો વિવાદ અને ઘર્ષણ દિન પ્રતિદિન વધતા જ જાય છે. તાજેતરમાં જ સુપ્રીમકોર્ટે પણ વાલીઓને કોઇ રાહત નહી આપતાં સંચાલકોને કંઇક હાશકારો આપતા નિર્દેશને પગલે શાળા સંચાલકો વધુ તોરમાં આવી ગયા છે. અમદાવાદમાં પણ શાળા સંચાલકો બોર્ડની પરીક્ષા ટાણે વિદ્યાર્થીઓની હોલ ટિકિટ અટકાવી તેમની મનમાની ફી ભરવા મજબૂર કરતાં હતા તે જ પ્રકારે હવે વિદ્યાર્થીઓના પરિણામ અટકાવી વાલીઓને માંગ્યા મુજબની ફી ભરવા મજબૂર કરાતાં હોવાની ગંભીર ફરિયાદ સામે આવી છે. શહેરની ગુરૂકુળ રોડ પર મેમનગર વિસ્તારમાં આવેલી એચ.બી.કાપડિયા સ્કૂલ અને ઘાટલોડિયાની ત્રિપદા હાઈસ્કૂલ સહિતની કેટલીક શાળાઓમાં આવી ફરિયાદો ઉઠતાં વાલીઓમાં ઉગ્ર આક્રોશ ફેલાયો હતો. જો કે, આઘાતજનક વાત એ છે કે, આટલી ગંભીર ફરિયાદો ઉઠવા છતાં રાજય સરકાર કે શિક્ષણમંત્રી દ્વારા આવી શાળા કે શાળા સંચાલકો વિરૂધ્ધ કોઇ જ પગલાં લેવાતા નથી. ગુજરાત વિધાનસભા ચૂંટણી દરમ્યાન વોટબેંકની રાજનીતિનમાં ભાજપ સરકારે વાલીઓને ફી મામલે ઘણી હૈયાધારણાઓ આપી હતી અને હવે છેલ્લી ઘડીયે સરકારે ગુલાંટ મારી વાલીઓને તોતિંગ ફી ભરવા માટે મજબૂર બનાવી દીધા છે. જેને પગલે શાળા સંચાલકોની દાદાગીરી એટલી વધી ગઈ છે કે, પહેલા બોર્ડની પરીક્ષા ટાણે શાળા સંચાલકો વિદ્યાર્થીઓની હોલ ટીકીટ અટકાવતા હતા અને હવે પરિણામ આપવામાં ઠાગાઠૈયા કરી રહ્યા છે. શહેરની ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી ત્રિપદા અને એચ.બી.કે સ્કૂલના સંચાલકો દ્વારા માંગ્યા મુજબની ફીના નામે વિદ્યાર્થીઓના પરિણામ અટકાવી દેવામાં આવ્યા હતા.

**અનુસંધાન પાના નં.૬**

## શુભલગ્ન

-ડીસા નિવાસી વિનયભાઈ ગોરધનજી પઢિયારની સુપુત્રી ચિ. દિવ્યાના શુભલગ્ન રામચંદ્રજી ઉમાજી સોલંકીના સુપુત્ર ચિ.મેહુલકુમાર સાથે તથા ચંદ્રકાન્તભાઈ ગોરધનજી પઢિયારની સુપુત્રી ચિ.ઋતુ (ઝીલ) ના શુભલગ્ન ઈશ્વરલાલ રામાજી સોલંકીના સુપુત્ર ચિ.મહેન્દ્રકુમાર સાથે તા. ૨૪/૪/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયા.

-અમદાવાદ નિવાસી મિલનભાઈ નાનાલાલ શાહના સુપુત્ર ચિ. સમકિત(એમ.બી.એ.) ના શુભલગ્ન પરેશભાઈ મોતીલાલ શેઠની સુપુત્રી ચિ. આશ્વી સાથે તા. ૨૫/૪/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- અમદાવાદ નિવાસી નવીનકુમાર વાઘજીભાઈ શેઠ(મોટી પાવડવાળા) ની સુપુત્રી ચિ.ઋતુના શુભલગ્ન હસમુખલાલ હાલચંદ સંઘવી (ઢીમાવાળા) ના સુપુત્ર ચિ.શ્રેયાંશકુમાર સાથે તા. ૨૫/૪/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- ખરડોસણ (તા.ડીસા) નિવાસી ઠાકોર બચુજી સોવનજીની સુપુત્રીઓ ચિ. મિત્તલના શુભલગ્ન થરા નિવાસી ઠાકોર સોવનજી રાવતાજીના સુપુત્ર ચિ.દિક્ષિત સાથે તથા ચિ.ચંદ્રિકાના શુભલગ્ન કાંટ નિવાસી ઠાકોર જવાનજી માસુંગજીના સુપુત્ર ચિ.પ્રહલાદ સાથે તા. ૨૨/૪/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

## ચક્ષુદાન એ મહાદાન



**શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ, ડીસા અને દિવ્ય જયોતિ ચક્ષુબેંક ડીસાના સંયુકત ઉપક્રમે ચાલતા ચક્ષુદાન-મહાદાનમાં જેમણે ચક્ષુદાનનો સંકલ્પ કર્યો છે. તેવા શુભેચ્છકોની યાદી નીચે મુજબ છે.**

**(૧)તુલસીબેન પ્રદીપભાઈ કતીરા (મો. ૯૮૨૪૫૧૪૨૫૦)**
**(૨) રાજન લલીતભાઈ સોની (મો. ૮૪૯૦૮૩૬૧૬૧)**
**(૩)કર્તવ્ય લલીતભાઈ સોની (મો. ૯૭૧૪૨૨૪૨૮૯)**

**નોંધ : આપ પણ ચક્ષુદાનના યજ્ઞમાં જોડાઓ**
**સંપર્ક : ૯૪૨૯૪ ૩૦૩૦૧, ૬૩૫૧૨૨૩૮૫૫, ૯૮૨૪૦ ૯૩૭૭૬, ૯૪૨૬૩ ૩૬૧૭૮**

# લાલ કિલ્લાની જાળવણી માટે હવે દાલમીયા ગ્રુપને કોન્ટ્રાક્ટ

નવી દિલ્હી

દેશની મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ઈમારતોમાં સામેલ લાલ કિલ્લાની જાળવણી અને ઓપરેશન સહિતના મામલામાં કોન્ટ્રાક્ટ એક ખાનગી કંપનીને આપી દેવામાં આવ્યા બાદ ભારે હોબાળો મચી ગયો છે. કોંગ્રેસ અને આરજેડીએ સરકારના આ નિર્ણય સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. કોંગ્રેસે પ્રશ્ન કરતા કહ્યું છે કે સરકારી ઈમારતને ખાનગી હાથોમાં સરકાર કઈ રીતે સોંપી શકે છે. હવે સરકાર તરફથી પણ આને લઈને પ્રતિક્રિયા આપી દેવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે આ કોઈ લાભ કમાણી કરનાર ગતિવિધિ તરીકે રહેશે નહીં. સાંસ્કૃતિક રાજ્ય મંત્રી મહેશ શર્માએ કહ્યું છે કે રાષ્ટ્રપતિએ ૨૦૧૭માં વિશ્વ પ્રવાસ દિવસ પર કેન્દ્ર સરકારની એક યોજનાની જાહેરાત કરી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે કોઈ પણ સ્મારકોની સેવાઓમાં કોઈ વ્યક્તિ યોગદાન આપવા ઈચ્છુક છે તો આગળ આવી શકે છે. લાલ કિલ્લા સાથે જોડાયેલી કેટલીક સેવાઓ દાલમીયા ગ્રુપને આપવામાં આવી છે. આ લાભ કમાનાર ગતિવિધિનો હિસ્સો નથી. એડોપ્ટ હેરીટેજ પ્રોજેક્ટને લઈને દેશના મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ પાર્ટીએ કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ આજે પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે સરકાર ઐતિહાસિક મહત્વની ઈમારતોને ઉદ્યોગપતિઓના હાથમાં આપી રહી છે. કોંગ્રેસ પાર્ટીએ પોતાના સત્તાવાર ટ્વીટર હેન્ડલથી આ ચુકાદાને લઈને સરકાર ઉપર પ્રહારો કર્યા છે. હવે સરકાર કયા પ્રતિષ્ઠિત સ્થળને ખાનગી કંપનીને સોંપશે તેને લઈને ચર્ચા છેડાઈ છે. બીજી બાજુ કેન્દ્ર સરકારે કોંગ્રેસના આક્ષેપોને સ્પષ્ટ પણે રદિયો આપ્યો છે. કોંગ્રેસ ઉપરાંત આરજેડી નેતા તેજસ્વી યાદવે કહ્યું છે કે સરકારનો આ નિર્ણય ખૂબ જ નારાજગી સર્જે તેવો છે. તેજસ્વીએ પોતાના ટ્વીટમાં કહ્યું છે કે મોદી સરકાર દ્વારા લાલ કિલ્લાના ખાનગીકરણના પ્રયાસ થઈ રહ્યા છે. આને લાલ કિલ્લાને વ્યક્તિગતના હાથમાં આપી દેવાની બાબત તરીકે પણ જોઈ શકાય છે. હવે વડાપ્રધાનના સ્વતંત્રતા દિવસના ભાષણ પણ ખાનગી કંપનીના નિયંત્રણ હેઠળ મંચથી કરવામાં આવશે. એક અહેવાલ મુજબ કંપનીને ૨૫ કરોડ રૂપિયામાં જાળવણી માટેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ કોન્ટ્રાક્ટ હાંસલ કરવા માટે કંપનીની ટક્કર ઈન્ડીગો અને જીએમઆર ગ્રુપ સાથે હતી. એડોપ્ટ હેરીટેજ પ્રોજેક્ટ હેઠળ ૯૦થી વધારે સ્મારક દત્તક લેવા માટે ઉપલબ્ધ છે. મીડિયા રિપોર્ટ મુજબ કંપની ૩૦ દિવસની અંદર લાલ કિલ્લાની અંદર કામ શરૂ કરશે.

**અનુસંધાન પાના નં.૬**

# સાબરકાંઠા જિલ્લાના જળ સંચયના કામોની સમીક્ષા કરતા મંત્રી પરબતભાઇ પટેલ

પ્રતિ. હિંમતનગર

સમગ્ર ગુજરાતમાં ૧ મેથી જળ અભિયાનની શરૂઆત થનાર છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં હાથ ધરનાર ૪૩૮ કામોની પાણી પુરવઠા અને જિલ્લા પ્રભારી મંત્રી પરબતભાઇ પટેલે સમીક્ષા કરી હતી.

સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના મેસણ ગામેથી પ્રારંભ થનાર જળ અભિયાન અંતર્ગત તમામ તાલુકાઓમાં ચેકડેમ-નહેર સફાઇકામ, ખેત તલાવડી નિર્માણ અને તળાવો ઉંડા કરવાનું કામ કરવામાં આવશે એમ મંત્રી પરબતભાઇ પટેલે બેઠક દરમિયાન જણાવ્યું હતું. મંત્રીએ કયા તાલુકામાં કેટલા કામો થવાના છે અને કેટલા માનવ રોજગારીનું નિર્માણ થનાર છે તે અંગે તાલુકાના લાયઝન અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. તેમણે સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકો મોટી સંસંખ્યામાં જોડાય તે દિશામાં કામગીરી કરવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

બેઠકમાં જિલ્લા કલેકટર પ્રવિણા ડી.કે. જિલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચરન, તમામ પ્રાંત અધિકારીઓ સહિત સબંધિત વિભાગના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરા કોંગ્રેસ દ્વારા સાઈકલ રેલી નીકળી




વડોદરા

પેટ્રોલ-ડીઝલ ભાવ વધારાના વિરોધમાં વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સાઈકલ રેલી કોંગ્રેસ કાર્યાલય, લકડીપુલ થી નીકળી સૂરસાગર , ન્યાય મંદિર થઇ દાંડિયા બજાર પરત ફરી હતી.તેની નિરંજન જોષી દ્વારા લેવાયેલી તસવીર.

# ચેમ્બર ઓફ કોમર્સ અને મસ્કતી માર્કેટના સહયોગથી ઈન્ડિયન ટેક્સટાઈલ ગ્લોબલ સમિટ ફાર્મ ટુ ફેશનનું આયોજન

અમદાવાદ

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ મસ્કતી કાપડ માર્કેટ મહાજનના સહયોગથી રાજ્યમાં સૌપ્રથમવાર વિશ્વ કક્ષાની ફાર્મ ટુ ફેશન- ઈન્ડિયન ટેક્સટાઈલ ગ્લોબલ સમિટનું આયોજન કરાશે. તા. ૪,૫ અને ૬ મેના રોજ કનાવેન્શન સેન્ટર, જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાનાર આ સમિટની થીમ સ્કેલિંગ હાઈટ, નેવીગેટિંગ ફ્યૂચર રહેશે. કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રાલય અને ઈન્ડસ્ટ્રીઝ આએફ કમિશનરેટ, રાજ્ય સરકારના સહયોગથી આ સમિટ યોજાઈ રહી છે. આ સમિટમાં કેન્દ્રિય વાણિજ્યમંત્રી સુરેશ પ્રભુ, મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત અગ્રણીઓ હાજર રહેશે અને બ્રિટન, શ્રીલંકા ઈન્ડોનેશિયા, વિયેતનામ, સહિતના દેશોમાં ગ્રાહકો સમિટમાં ભાગ લેશે. ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલ તમામ લોકોને પ્રશ્નો અને રજૂઆતો માટે તક મળશે.

આ અંગે જીસીસીઆઈના પ્રમુખ શૈલેષ પટવારીએ જણાવ્યું હતું કે, ટેક્સટાઈલ ઉદ્યોગ માટે આ ખાસ ગ્લોબલ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા બધા જ લોકો ઉપસ્થિત રહેશે અને તેમના પ્રશ્નો અને વિચારો રજૂ કરશે. આ ટ્રેડ એક્ઝિબિશનમાં ૧૫૦ થી વધુ સ્ટોલ રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત નામાંકિત મોડેલો દ્વારા ફેશન શોનું પણ આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર સમિટની ફલસૃતિ રૂપે, ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલ બધી જ વ્યક્તિઓ સાથે વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે, એક ''શ્વેત પત્ર'' તૈયાર કરવામાં આવશે અને સરકારને પ્રસ્તુત કરવામાં આવશે.

### આ સમરમાં મોટુ પતલુ ટેલિવિઝન માટે બનાવવામાં આવેલી તેમની ૧૫મી ફિલ્મ મોટુ પતલુ ઈન ધ સિટી ઓફ ગોલ્ડમાં પુનરાગમન કરી રહ્યા છે

બેક- ટુ- બેક ચાર્ટબસ્ટર્સ સાથે ભારતમાં બાળકો માટે સૌથી અગ્રતાનું મનોરંજન સ્થળ નિક્લોડિયન સુપરહિટ મોટુ પતલુ ફ્રેન્ચાઈઝની પંદરમી ટેલિવિઝન માટે બનાવવામાં આવેલી ફિલ્મ મોટુ પતલુ ઈન ધ સિટી ઓફ ગોલ્ડ લોન્ચ કરવા માટે સંપૂર્ણ સુસજ્જ છે. નવું એડવેન્ચર મોટુ પતલુ ઈન ધ સિટી ઓફ ગોલ્ડમાં વધુ એકશન, બેગણાં સાહસો અને સુપર કૂલ મુઝ સાથે રવિવાર, ૨૯મી એપ્રિલે સવારે ૧૧.૩૦ વાગ્યાથી પ્રસારિત થવા માટે સુસજ્જ છે, ફક્ત નિક્લોડિયન ઉપર.આ ફિલ્મમાં મોટુ અને પતલુનો દેશના સૌથી ઉત્તમ ઘોડેસવાર અને સમૃદ્ધ નવાબ દિલાવર ખાન અને તેની પત્ની ગુલ બકાવાલી દ્વારા સુવર્ણ પહાડીમાં તેમના પરિવારના પૂર્વજોની અમૂલ્ય ચીજો ખોવાઈ ગયેલી હોવાથી તે શોધી કાઢવા માટે સંપર્ક કરે છે. જોકે કોઈક ગડબડ તો છે. દિલાવર ખાન અને ગુલ બકાવાલીનો હેતુ શંકાસ્પદ છે. શું આ છટકું છે? શું મોટુ અને પતલુ ખતરામાં પડવાના છે?તો સિટી ઓફ ગોલ્ડની શોધમાં મોટુ અને પતલુ સાથે તમે પણ જોડાઈ જાઓ, એકશન, સાહસ અને મસ્તીથી ભરપૂર, બંને સુવર્ણ પહાડીનું રહસ્ય કઈ રીતે ઉકેલે છે તે જોવા જેવું છે, આ રવિવાર, ૨૯ એપ્રિલે સવારે ૧૧.૩૦ વાગ્યાથી, ફક્ત નિક્લોડિયન પર.

# ન્યુટ્રિશનિસ્ટ કોમલ પટેલે કરી સ્વસ્થ જીવનશૈલીના મહત્વ અંગે ચર્ચા

અમદાવાદ

એક ઈન્ટરએક્ટિવ સેશનમાં ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ લાઈફ સાયન્સ ખાતે જાણીતા ન્યુટ્રિશનિસ્ટ કોમલ પટેલે વિદ્યાર્થીઓ સાથે આજના દોડધામના યુગમાં સ્વસ્થ જીવનશૈલી જાળવવા અંગે ચર્ચા કરી હતી. આ વાતચીત દરમિયાન, તેમણે જણાવ્યું હતું કે તમારા જીવનાં દરરોજ મુઠ્ઠીબર બદામ (આલમન્ડ્સ) ખાવા જેવા નાના ફેરફારો કરવા આવકાર્ય છે અને આ સાથે તેમણે સ્વસ્થ રહેવા માટે નિયમિત કસરત અંગે ભાર મૂક્યો હતો. તેમણે આ સાથે એ પણ જણાવ્યું હતું કે કઈ રીતે આલમન્ડ સાથે સ્માર્ટ રીતે નાસ્તો બનાવી શકાય અને તેનાથી કઈ રીતે સ્વસ્થ જીવનશૈલી અપનાવી શકાય. તેમણે કહ્યું હતું કે સ્વસ્થ હૃદય માટે બદામની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે અને તે વજન ઘટાડવા, ડાયાબિટિસને કાબુમાં રાખવા તથા ભૂખ ઓછી લાગે એ માટે ઉપયોગી નીવડે છે. 'આપણા વ્યસ્ત શિડ્યુલ વચ્ચે યોગ્ય જીવનશૈલી જાળવવી મુશ્કેલ છે અને જીવનશૈલીમાં વધતું જતું બેઠાડું જીવન વધુ મુશ્કેલીઓ સર્જે છે. આપણે સ્વસ્થ જીવન માટે નાના નાના પણ અસરકારક પગલાં લેવાની જરૂર છે. સામાન્ય કદમો કે જેમકે આલમન્ડ્સ જેવો સૂકો મેવો ખાવાથી તે સ્વસ્થ રહેવામાં મદદ કરે છે. આલમન્ડ પ્રોટીન, વિટામીન ઈ, ડાયેટરી ફાઈબર વગેરેથી ભરપૂર હોય છે. જેનાથી જ તે પોષણયુક્ત સ્નેક બનાવવામાં મદદ મળે છે કે જેનાથી આખો દિવસ તમને તે સ્વસ્થ અને ઊર્જાથી ભરપૂર રાખે છે. ન્યુ ઈંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસીનમાં પ્રકાશિત એક અભ્યાસ પ્રમાણે લોકો કે જેઓ બદામ જેવો સૂકો મેવો ખાય છે તે લોકો જેઓ બદામ જેવો સૂકો મેવો નથી ખાતા તેની તુલનામાં મોર્ટાલિટી રેટના તમામ કારણોમાં ૨૦ ટકા જેટલી ઓછી શક્યતા ધરાવે છે. આલમન્ડ દ્વારા નાસ્તો અન્ય અનહોલસમ નાસ્તા કરતા બે ભોજન વચ્ચેના સમયમાં વધુ સ્વસ્થ જીવન આપી શકે છે.'મુઠ્ઠીભર બદામ કે જે સરળતાથી ઓન ધ ગો સ્નેક તરીકે સાથે રાખીને આરોગી શકાય છે અને તે ગમે ત્યાં, ગમે ત્યારે ખાઈ શકાય છે. આ નટ્સ તમે તમારા કોલેજ બેકપેકમાં લઈ જઈ શકો છો અને ક્લાસિસ વચ્ચે ખાઈ શકો છો અથવા તમારા ડેસ્ક પર રાખીને ભણતા ભણતા પણ ખાઈ શકો છો.

### ડબલ્યુટીસી ચંદીગઢ, ડબલ્યુટીસી ગિફ્ટ સિટી, ગાંધીનગર અને ડબલ્યુટીસી નોઇડામાં વિશેષ કોમર્શિયલ સ્પેસ, હવે ઓનલાઈન બિડિંગ દ્વારા ઉપલબ્ધ છે

ગાંધીનગર

વર્લ્ડ ટ્રેડ સેન્ટર એસોસિએશન (ડબલ્યુટીસીએ)ની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી માટે, વર્લ્ડ ટ્રેડ સેન્ટર પહેલી વાર નોઇડા, ચંદીગઢ અને ગિફ્ટ સિટી, ગાંધીનગરની મુખ્ય ત્રણ પરિયોજનામાં ૫ મે, ૨૦૧૮ના રોજ કોમર્શિયલ સ્પેસના ઓક્શન માટે ઓનલાઇન બિડિંગનો ઉપયોગ કરવા જઇ રહ્યું છે.કોમર્શિયલ સ્પેસ, ઓનલાઇન બિડિંગ દ્વારા ઉપલબ્ધ થશે. ગ્રાહકો ઓનલાઇન બિડિંગ માટે ૪ મે ૨૦૧૮ સુધી એક એકમ માટે ૨૦૦૦ અને તેનાથી વધારે ૫૦૦૦ રૂપિયા ચૂકવીને નોંધણી કરાવી શકો છો. કોમર્શિયલ એકમોની સાઇઝ ૨૩૦ વર્ગફૂટથી ૫૭૫૦ વર્ગફૂટમાં છે તથા ૧૨ લાખની મૂળભૂત કિંમતથી લઈને ૩.૭ કરોડ મૂલ્ય સુધી છે. ડબલ્યુટીસી નોઇડા, ડબલ્યુટીસી ચંદીગઢ અને ડબલ્યુટીસી ગિફ્ટ સિટી(ગુજરાત) બધી ડબલ્યુટીસી નોઇડા ડેવલપમેન્ટ કંપની પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પ્રમોટ કરવામાં આવે છે તથા ભારતમાં ડબલ્યુટીસીએની ભાગીદાર છે.

''ડબલ્યુટીસી નોઇડાને આ પ્રકારનું અભિયાન બનાવા પર ગર્વ છે જે ફક્ત અભિનવ જ નથી પરંતુ દેશમાં કોમર્શિયલ રિયલ એસ્ટેટ સ્પેસ કેવી રીતે વેચી શકાય છે, તેની પર એક બેન્ચમાર્ક નિર્ધારિત કરશે. રિયલ એસ્ટેટ સેક્ટરમાં આ પહેલના અગ્રણી થવા માટે ખુબ જ ખુશી આપે છે જે પ્રકૃતિમાં પરિવર્તનીય છે. અમને વિશ્વાસ છે કે ઉત્તર પ્રદેશ સરકારની એમઓએક્સ જેવી સરકારી પહેલમાં એક ઇન ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા અને સ્કિલ ઇન્ડિયા માટે જમીની સ્તરની સફળતા સુનિશ્ચિત થશે અને ભારતીય બજારમાં વૈશ્વિક નિવેશકોના આત્મવિશ્વાસ વધારવાની સાથે સાથે આવા કાર્યક્રમોને વધારો મળશે.

# પારલે પ્રોડક્ટસે મિલાનોના વિસ્તરણ સાથે પ્લેટિનાની રેન્જ વધુ મજબૂત કરી




ભારતની અગ્રણી બિસ્કીટ અને કન્ફેક્શનરી મેન્યુફેક્ચરર, પારલે પ્રોડક્ટ્સ દ્વારા તેના પ્રિમિયમ ડિવિઝન 'પ્લેટિના'નો એક વર્ષ અગાઉ પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેણે હવે એક કદમ આગળ વધીને માર્કેટમાં આ રેન્જની પોઝિશન વધુ મજબૂત બનાવી છે. છેલ્લા એક વર્ષમાં ગ્રાહકો તરફથી હાઉસ ઓફ પારલેની પ્રિમિયમ ઓફરિંગ્સ માટે પ્લેટિના રેન્જને મળેલા હકારાત્મક આવકારને જોઈને કંપનીએ મિક્સડ બેરીસ સેન્ટર ફિલ્ડ કૂકીઝ અને હેઝલનટ સેન્ટર ફિલ્ડ કૂકીઝનો મિલાન રેન્જમાં કર્યો છે. પારલેના નવા વેરિએન્ટ્સનો તેના સૌથી પ્રિમિયમ ચોકલેટ ચિપ કૂકીમાં કરાયો છે જે પ્લેટિનાની ૨૦૦૬થી રજૂ થયેલી ફલેગશીપ પ્રોડક્ટ મિલાનોમાં થયો છે. પારલે પ્રોડક્ટ્સ દ્વારા ફોકસ્ડ અપ્રોચ દ્વારા વેરિઅન્ટ્સની રજૂઆત કરાઈ છે. જેમાં લક્ષિત ઓડિયન્સને તે ઉપલબ્ધ કરાવવા માટે પસંદગીની ચેઈન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.પારલે પ્લેટિના અંતર્ગત મિલાનો રેન્જના વિસ્તરણ સાથે એફએમસીજી કંપની પારલેએ તેની ઘોષણા બે નવી ટીવીસી દ્વારા કરી છે જેમાં સેલિબ્રિટી ટ્વીન્કલ ખન્ના ચમકશે અને આ ટીવીસી આઈપીએલ દરમિયાન રજૂ થશે. ટેલિવિઝન કમર્શિયલ્સ ક્વીર્કી અંડરટોન સાથે ફિલ્માવાઈ છે અને તેમાં કહેવામાં આવ્યું છે કે વ્યક્તિએ વધુ પડતું આહાર માટે સચેત ન રહેવું જોઈએ કે જેથી સ્વાદિષ્ટ મિલાનો કૂકીઝનો સ્વાદ માણી શકાય.ટેપરૂટ ડેન્ત્સુ દ્વારા સર્જાયેલ આ કેમ્પેનમાં બે ટીવીસી સામેલ છે જેમાં એવો સંદેશો છે કે કૂકી દરેક રીતે સારા સ્વાદ માટે છે અને ફીલીંગનો આનંદ લેવા માટે છે તથા જરૂર પડ્યે તે વ્યર્થ નથી. આ બ્રાન્ડમાં ટીવીસી નેરેટિવનો ઈન્ટિગ્રલ પાર્ટ રજૂ કરાયો છે જેમાં ટ્વીન્કલ ખન્ના ફોર્થ વોલ તોડે છે અને સિક્સ પેક અને સાઈઝ ઝીરો ફિગર વિશે મજાક કરે છે જેમાં મિલાનો પેક્સનો ઉપયોગ કરે છે. હકીકત એ છે કે ટ્વીન્કલ ખન્ના ખુદ આ મેસેજિંગ સાથે જોડાયેલ છે અને ટીવીસીમાં 'ધેર ઈઝ મી ઈન એવરી મિલાનો' સાથે તેમની એ લાગણી જોડાયેલી છે. સમગ્રપણે આ એડ લોકોના માનસને ધ્યાનમાં રાખીને બનાવાઈ છે અને તેમાં તમારા હૃદયનો અવાજ સામેલ છે અને કૂકીના દરેક બાઈટ સાથે તે લાગણીનો અનુભવ થઈ શકે છે!'

# રતનપુરા પાટીયા નજીક ટેન્કર અને કાર વચ્ચે અકસ્માતમાં એકને ઈજા

પ્રતિ. મુડેઠા

ડીસા તાલુકાના રતનપુર ગામના પાટીયા નજીક ટેલીફોન એક્સચેન્જ સામે ગઈકાલે દુધના ટેન્કર અને કાર વચ્ચે અકસ્માતમાં કારના ચાલકને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. અકસ્માતની વિગત મુજબ ભીલડી તરફથી આવી રહેલ કાર નં. જીજે-૧૮ એએમ -૦૮૩૭ ને દૂધના ટેન્કર નં.જીજે-૧૨- એયુ- ૭૦૫૬ ના ચાલકે ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ચાલક કાંકરેજના રવિયાણા ગામના


સાદુલસિંહ રાઠોડ

અરવિંદભાઈ જોષીને માથાના ભાગે ઈજાઓ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ટેન્કરનો ચાલક ટેન્કર મુકી ફરાર થઈ ગયો હતો. આ બનાવની જાણ થતાં ભીલડી પીએસઆઈ એસ.બી.આહીર ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી.

# ડીસામાંથી જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

## જુગાર સાહિત્ય સાથે ૨૧૫૦નો મુદ્દામાલ જબ્બે



ડીસા

ડીસાનાં ડીસાના ઓડગવાસ વિસ્તારમાં આવેલ મીરમહોલા કબ્રસ્તાન પાસેના ખુલ્લા વિસ્તારમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની અંગત બાતમીનાં આધારે શહેરના દક્ષિણ પોલસ મથકના સ્ટાફે રેડ કરી હતી. પોલીસે ઘટના સ્થળે જુગાર રમત્તા ત્રણ શખ્સો જેમાં સુનીલકુમાર લાલજી ઠાકોર, અનીલ બાબુલાલ ડગલા તથા પ્રકાશકુમાર રમેશકુમાર ઠાકોરને જુગાર સાહિત્ય મળી રૂ.૨૧૫૦ નાં મુદ્દામાલ સાથે ઝડપી લઇ તમામ વિરુદ્ધ જુગાર કલમધારા અન્વયે ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# થરા માર્કેટયાર્ડ ખાતે સુશાસન અભિયાન અંતર્ગત લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો

તાલુકા પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા માર્કેટયાર્ડખાતે ગઈકાલે ડીસાના ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડયા ના અધ્યક્ષ સ્થાને મીટિંગ યોજાઈ જેમાં થરા માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલ, ભાજપના હોદેદારો તથા મહર્ષિ ચાણકય યુવક મંડળ, થરા દ્વારા ડીસાના ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડયા, જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવેનું ફુલહાર અને શાલ ઓઢાડી સ્વાગત કર્યુ હતુ. આ કાર્યક્રમ ભારતીય જનતા પાર્ટી આયોજીત સુશાસન અભિયાન અંતર્ગત શિહોરી, રણાવાડા તેમજ શિરવાડા જેવા ગામે ગામ જઈ લોકોનો સંપર્ક કરી ભારતીય જનતા પાર્ટીને ૨૦૧૯માં આવનારી લોકસભાની ચુંટણીમાં સ્પષ્ટ બહુમતી વડાપ્રધાન નરેન્દ્રભાઈ


યશપાલસિંહ ટી.વાઘેલા

મોદી ના હાથને મજબુત કરવા માટે આહવાન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં મહેશભાઈ દવે, અણદાભાઈ પટેલ, કુપાજી ઠાકોર, પૃથ્વીરાજસિંહ વાધેલા, પ્રહલાદસિંહ વાધેલા, ખાનુભા વાધેલા, ડો.રાજેશભાઈ બ્રહ્મભટ્ટ, જામાભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાધેલા, વિજુભા વાધેલા, હંસપુરી ગૌસ્વામી, હસમુખભાઈ ચૌધરી સેક્રેટરી, નાગજીભાઈ દેસાઈ, પ્રવિણસિંહ વાધેલા, કરશનભાઈ પટેલ, તલુભા વાધેલા, પ્રહલાદસિંગ વાધેલા, શકિતસિંહ ઝાલા, કુરાભાઈ પટેલ, રાજુભાઈ પ્રજાપતિ, પ્રદીપભાઈ, જયંતીભાઈ ઠક્કર, લખમણભાઈ પટેલ, દિલીપભાઈ શાહ, ગોવિંદભાઈ વી. ચૌધરી, માનસુંગભાઈ પટેલ, ડામરભાઈ પટેલ, ભાજપના તથા મહર્ષિ ચાણકય યુવક મંડળ, થરા હોદેદારો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# પાલનપુર તાલુકાના ભુતેડી ખાતે હનુમાનજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પાલનપુર

પાલનપુર તાલુકા ના ભૂતેડી ગામે હનુમાન મંદિર નો ત્રી દિવસીય મહોત્સવ યોજાયો હતો જેમાં સમગ્ર ગ્રામજનો સહિત આ ગામના જ જે વર્સો થી ધંધાર્થે બહાર રહેતા હતા .તેવા જૈન શ્રેષ્ઠીઓ દ્વારા ભૂતેડી ગામમાં દાન ની સરવાણી કરી મંદિર ની સ્થાપના કરવામાં આવી હતી.

આ મહોત્સવમાં પ્રથમ દિવસે ભજન- સત્સંગ અને ડાયરો, બીજા દિવસે ભગવાન હનુમાનજીની શોભાયાત્રા અને ત્રીજા દિવસે ભંડારો યોજાયો યોજવા માં આવ્યો


સંજય જોષી

હતો. પોતાના વતન ભૂતેડી ગામે આવેલા જૈન સમાજના હેતનભાઈ શાહ તેમજ રાજેશભાઈ મોદી પરિવાર સહિત આવેલા જૈન સમાજ ના લોકો નું ગામના વડીલો તેમજ આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવા. આવ્યું હતું. જૈન સમાજ આં પરિવારો દ્વારા સ્કુલ માં ઓરડા તેમજ ગામમા સવસ્તા રહે તે માટે દાનની જાહેરાત કરી હતી. આ પ્રસંગે ગ્રામજનો સહિત મોટી સંખ્યામાં આજુબાજુ થી ભક્તો તેમજ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લા ઉ.માધ્યામિકના ગ્રાન્ટેડ કર્મચારીઓની મંડળીની બેઠક મળી



પાલનપુર

બનાસકાંઠા જિલ્લા ગ્રાન્ટેડ ઉચ્ચત્તર મા.વિભાગના કર્મચારીઓની ધિરાણ ગ્રાહક મંડળીની વર્ષ ૨૦૧૭/૨૦૧૮ ની સાધારણ સભા પાલનપુરથી સ્વસ્તીક સ્કૂલમાં પી.એચ. દેવના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ સાથે મંડળીના ચેરમેન અને સંઘના પ્રમુખ વિપુલભાઈ જોષી, મંડળીના મંત્રી બાબુજી રાજપૂત અને સંઘના મહામંત્રી આર.વી પટેલ અને સભાસદોમાં એવા ઉ.મા. સંઘના કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મંડળીના હિસાબો અને ઠરાવો મંત્રી બાબુજી રાજપૂતે રજૂ કર્યા અને ચેરમેન વિપુલભાઈ જોષીએ સભાના અહેવાલ અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું અને તેમના જણાવ્યા મુજબ હાલમાં ૨૬૩ સભાસદો આ મંડળીમાં જોડાયેલ છે.

# ધાણધા- ગોઢ- હાથીદરા- વીરમપુર રોડનું સમારકામ ક્યારે થશે ?

તા.પ્રતિનિધિ વડગામ

ગત ચોમાસામાં ધોધમાર વરસાદના કારણે પાલનપુર તાલુકાના વડગામ વિધાનસભામાં સમાવિષ્ટ ધાણધાથી વીરમપુર- અંબાજી લાઈનનો એપ્રોચ રોડ બિસ્માર હાલતમાં હોવાથી વાહન ચાલકોને મુશ્કેલી પડે છે. અંદાજે આઠ


પુષ્કર ગોસ્વામી

માસથી ઉપરોક્ત રોડ તુટી ગયો હોવા છતાં માર્ગ યોજના વિભાગ દ્વારા અંતરિયાળ વિસ્તારના માર્ગો રીપેરીંગ કરાવવાની ફુરસદ નથી. સત્વરે ધાણધા- ગોઢ- હાથીદરા- વીરમપુર રોડનું રીપેરીંગ કામ કરવામાં આવે તેવી પ્રજાની માંગ છે.

# ચડોતર ખાતે ધાન્ધાર પંચાલ સમાજનો ૨૮ મો સમૂહ લગ્નોત્સવ સંપન્ન



## બાર નવ દંપતીઓએ પ્રભૂતા માં પગલાં માંડ્યાં

પ્રતિનિધિ ગઢ

પાલનપુર તાલુકાના ચડોતર ખાતે વૈશાખ સુદ ૧૩નાં શનિવારે પંચાલ સમાજની વાડીમાં શ્રી ધાન્ધાર પંચાલ જ્ઞાતી સમાજનાં બાર નવ દંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતાં.

ચડોતર ખાતે સમાજની વાડીમાં યોજાયેલ સમૂહ લાગ્નોતસવ કાર્યક્રમમાં ઉદઘાટક સુરેશભાઈ અમીચંદભાઈ પંચાલ, સમારંભનાં પ્રમુખ કાંતિલાલ દુર્લભરામ પંચાલ અતિથિ વિશેષ રમેશભાઈ હેમચંદભાઈ પંચાલ તેમજ દાતા શિવરામ મોહનભાઈ પંચાલ તેમજ આશીર્વચન માટે ખાસ ઉપસ્થિત પ.પૂ. રાષ્ટ્રીય સંતની હાજરીમાં દીપ પ્રાગટ્ય કર્યા બાદ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.બાદમાં નવ દંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતાં.આ પ્રસંગે સમાજનાં દાતાઓ દાનની સરવાણી વહાવી નવદંપતિઓને ભેટસોગાદ આપી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા કમિટિનાં પ્રમુખ હરગોવિંદભાઈ નાગરદાસ પંચાલ તેમજ કારોબારીની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.સમાજનાં અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં સમાજબંધુ હાજર રહ્યાં હતાં.

# પાલનપુર ખાતે ૨૭ ઔદીચ્ય બ્રહ્મ સમાજ યુવા ગ્રુપ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાઇ


સંજય જોષી

પાલનપુર

શ્રી સત્તાવીશ ઔદિ. સહ. બ્રહ્મસમાજ યુવાગ્રુપ દ્વારા સમાજનાં બાળકો માટે ચિત્રસ્પર્ધા યોજાઈ હતી. જેમાં સમાજના લગભગ ૪૦ બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા બાળકોને રોકડ ઈનામ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજના પ્રમુખ પ્રકાશભાઈ જોષી, સમાજ અગ્રણી કાન્તીભાઈ એ.રાવલ અને સમાજના અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. નિર્ણાયક તરીકેની ભુમિકા સરસ્વતી હાઈસ્કૂલના ચિત્રશિક્ષક શૈલેષભાઈએ નિભાવી હતી.

જયારે સ્પર્ધાના દાતા તરીકે પીયુષભાઈ એન. જોષી(મડાણા-ગઢ), રાજુભાઈ આર.જોષી (જૂનાડીસા), અરવિંદભાઈ એમ.જોષી( મેસર) અને વિજયભાઈ એમ.રાવલ(હોડા)એ સારો સહકાર આપ્યો હતો.

આ સમગ્ર સ્પર્ધા ને સફળ બનાવવા યુવાગ્રુપના કન્વીનર ભાવેશભાઈ ડી. જોષી અને સહ કન્વીનર સંજયભાઈ કે. રાવલની સાથે સમગ્ર યુવાગ્રુપના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# રામપુરા છોટા પ્રા.શાળામાં ધો.૮ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાની શ્રી રામપુરા છોટા પ્રા.શાળામાં ધોરણ-૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ યોજવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય ભરતભાઈ રામાભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય માટે આશીર્વચન પાઠવ્યા હતા. વિદાય લેતા વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ પ્રસંગે શાળાનો સમગ્ર સ્ટાફગણ ઉપસ્થિત રહ્યો હતો.

## હજારો શ્રદ્ધાળુઓ સવારમાંજ પહોંચી ચુક્યા છે

# કેદારનાથ ધામ આજે શ્રદ્ધાળુ માટે ખુલશે : ભારે ઉત્સાહ

દહેરાદુન

કેદારનાથ મંદિરના કપાટ શ્રદ્ધાળુઓ માટે આવતીકાલે ખુલી જશે. કેદારનાથ મંદિરના પ્રવેશ દ્વારને ખોલવામાં આવે તે પહેલા જ હજારો શ્રદ્ધાળુઓ પહોંચી ચુક્યા છે. આ વખતે કેદારનાથ ધામ ખાતે આવનાર શ્રદ્ધાળુઓને ખાસ સુવિધા જોવા મળનાર છે. મંદિર સંકુળમાં કેટલીક નવી સુવિધા જોવા મળનાર છે. હકી-કતમાં રાજ્ય સરકાર દ્વારા કેદારનાથ ધામની આસપાસ નિર્માણ કામગીરી હાથ ધરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે મંદિરના પ્રવેશ દ્વારને ખાસ રીતે બનાવવામાં આવ્યા છે. જેનુ ધામથી અંતર ૨૭૩ મીટર છે. ઉખીમઠના ઓમકારેશ્વર મંદિરથી ૨૬મી એપ્રિલના દિવેસ ભગવાન શિવની પાલકી કેદારનાથ માટે રવાના થઇ હતી. આ પાલકી ૨૯મી એપ્રિલના દિવસે મંદિરમાં પહોંચનાર છે. હજારો ભક્તોની હાજરીમાં મંદિરના પ્રવેશદ્વારને સવારે સવા છ વાગે ખોલી દેવામાં આવનાર છે. તેના આગલા દિવસે એટલે કે ૩૦મી એપ્રિલના દિવસે સવારે ૪.૩૦ વાગે બદરીનાથના કપાટ ખોલી દેવામાં આવનાર છે. આ વર્ષે ચાર ધામની યાત્રા ૧૮મી એપ્રિલના દિવસે શરૂ થઇ હતી. એ દિવસે ગંગોત્રી અને યમુનોત્રીના પટ ખોલી દેવામાં આવ્યા હતા. પહેલા એવા અહેવાલ આવી રહ્યા હતા કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે સવારે કેદારનાથ ખાતે પહોંચશે. જો કે રાજ્ય સરકારના અધિકારીઓ દ્વારા કોઇ ખુલાસો કરવામાં આવ્યો નથી. રુદ્રપ્રયાગના ડીએમ મંગેશે કહ્યુ છે કે અમારી તૈયારી પર્ણ કરી લેવામાં આવી છે. સુરક્ષા પાસાને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. તમામ શ્રદ્ધાળુઓ સરળતાથી આરામથી દર્શન કરી શકે તે માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઉત્તરાખંડના મુખ્યપ્રધાન ત્રિવેન્દ્રમસિંહે કહ્યુ છે કે યાત્રીઓની સુવિધા માટે ગૌરી-કુંડથી કેદારનાથ વચ્ચે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં પાણી, વીઝળી અને સુરક્ષાનો સમાવેશ થાય છે.

# ગરમીનો પ્રકોપ : પારો વધી ૪૩ ડિગ્રી સુધી પહોંચ્યો

અમદાવાદ

ગરમીનો પ્રકોપ અકબંધ રહ્યો છે. આજે રાજયના અનેક ભાગોમાં પારો ૪૨થી ઉપર પહોંચ્યો હતો. જેથી જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. રાજયમાં સૌથી વધારે ગરમીનો અનુભવ રાજકોટમાં થયો હતો. જ્યાં પારો ૪૩ સુધી પહોંચ્યો હતો. બીજી બાજુ અમરેલીમાં પણ પારો ૪૩ રહ્યો હતો. અમદાવાદ શહેરમાં પણ આવતીકાલે પારો ૪૩ની સપાટી ઉપર પહોંચી શકે છે. અમદાવાદ સહિત રાજયભરમાં ગરમીના પ્રમાણમાં વધુ વધારો થઇ રહ્યો છે. આજે રાજયના ઘણા ભાગોમાં પારો વધીને ૪૩થી પણ ઉપર પહોંચ્યો હતો. અમદાવાદ શહેરમાં વધતી ગરમી વચ્ચે હવે ઘણી જગ્યાઓએ પાણીની પરબોની પણ લોકો દ્વારા શરૂઆત કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાણીજન્ય રોગના કેસોની વાત કરવામાં આવે તો એપ્રિલ મહિનાના માત્ર ૨૧ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૫૯૬, કમળાના ૧૫૯, ટાઈફોઈડના ૧૮૬ કેસ સપાટી ઉપર આવ્યા છે. એપ્રિલ ૨૦૧૭માં ઝાડા ઉલ્ટીના ૬૧૮ કેસ સપાટી ઉપર આવ્યા હતા. એપ્રિલ મહિનામાં ઝાડા ઉલ્ટીના કેસોમાં ઝડપથી વધારો થઇ રહ્યો છે. કમળાના કેસો પર એપ્રિલ ૨૦૧૭ની સરખામણીમાં ઓછા નોંધાયા હોવા છતાં કોઈ નોંધપાત્ર ઘટાડો થયો નથી. મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો એપ્રિલ મહિનાના ૨૧ દિવસના ગાળામાં જ સાદા મેલેરિયાના ૧૬૪ કેસ સપાટી ઉપર આવ્યા છે. ઝેરી મેલેરિયાના ૧૫ કેસો નોંધાયા છે. જ્યારે ડેન્ગ્યુના ૧૦ મામલા સપાટી ઉપર આવ્યા છે. જ્યારે ચિકનગુનિયાના ૩ કેસ નોંધાયા છે. હવામાન વિભાગ દ્વારા ઉંચા તાપમાનને લઇને કોઇ ચેતવણી જારી કરવામાં ન આવતા તંત્રે રાહતનો દમ લીધો છે. આગ ઓકતી ગરમીના પરિણામ સ્વરુપે જનજીવન ઉપર અસર થઇ હતી. બપોરના ગાળામાં રસ્તા સુમસામ દેખાયા હતા. આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઇ મોટા ફેરફાર નહીં થવાની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં પણ પારો વધી શકે છે. તીવ્ર ગરમીના પરિણામસ્વરૂપે જનજીવન ઉપર પણ પ્રતિકુળ અસર થઈ રહી છે. બપોરના ગાળામાં લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. રસ્તાઓ સુમસામ થઈ ગયા છે. આજે પણ બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન આવતીકાલે ૪૩ ડિગ્રી સુધી પહોંચી શકે છે.

અનુસંધાન પાના નં.૬

## દાંતાના પીપળાવાળી વાવનું દંપતી છેતરાયું

# ઠગ મહિલા સિવિલમાંથી ૧૩ દિવસના બાળકને ઉઠાવી ગઈ

અમદાવાદ

બનાસકાંઠા જિલ્લાના એક ગરીબ અને પછાત દંપતિને તેમના નવજાત બાળકને સરકારી સહાય અપાવવાના બહાને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લાવી ત્યાંથી બાળકનું વજન કરાવવાના બહાને એક ઠગ મહિલા માત્ર ૧૩ દિવસના બાળકને ઉઠાવી જઇ ફરાર થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. બીજીબાજુ, સીસીટીવી ફુટેજમાં બાળકને લઈ ભાગી છૂટનાર મહિલા કેદ થઈ જતાં તેના આધારે શાહીબાગ પોલીસે આરોપી મહિલાને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ચકચારભર્યા આ કિસ્સાની વિગત એવી છે કે, બનાસકાંઠા જિલ્લાના અંબાજી-દાંતા રોડ પર પીપળાવાળી વાવ ખાતે રહેતા મુકેશભાઇ કાળાભાઇ ખોખરિયા અને તેમની ગર્ભવતી પત્ની શારદાબહેન એક મહિના પહેલા પાલનપુર બસ સ્ટેન્ડ પર સવિતાબહેન નામની એક મહિલાને મળ્યા હતા. બાળકના જન્મ પર રાજય સરકાર તરફથી રૂ.૧૨ હજારની સરકારી સહાય આપે છે તેવી લોભામણી લાલચ આપી હતી. તમને પણ હું આ સહાય અપાવીશ તેમ કહી સવિતાબહેને શારદાબહેનની સુવાવડની તારીખ જાણી લીધી હતી. બાદમાં ૧૩ દિવસ પહેલાં શારદાબહેને એક પુત્રને જન્મ આપ્યો હતો, જેની જાણ થતાં સવિતાબહેન નામની મહિલા તેમના ઘેર પહોંચી ગઇ હતી અને પેલી રૂ.૧૨ હજારની સરકારી સહાય અપાવવાની લાલચ આપી હતી અને ગઇકાલે દંપતિને લઇને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લઇને આવી હતી. દરમ્યાન મુકેશભાઇને સુવાવડના કાગળિયા જમા કરાવવા મોકલી

અનુસંધાન પાના નં.૬

## ભાજપ શાસનમાં કોઈને બોલવાનો અધિકાર નથી

# અધ્યાપકોને ગેરકાયદે શોકોઝ નોટિસ રદ કરવા માંગ

અમદાવાદ

ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ આજે કહ્યું હતું કે કેન્દ્રની તત્કાલિન યુપીએ સરકાર વડાપ્રધાન મનમોહનસિંહ અને સોનિયા ગાંધીએ દેશના દરેક રાજયમાં વિદ્યાર્થીઓને વાજબી ફીમાં ઉત્તમ શિક્ષણ મળે તે માટે દરેક રાજયમાં કેન્દ્રિય યુનિવર્સિટીની સ્થાપના હેઠળ ગુજરાતને ૨૦૦૯માં સેન્ટ્રલ યુનિવર્સિટીની ફાળવણી કરી હતી. સેન્ટ્રલ યુનિવર્સિટી માટે નિયમો મુજબ તમામ ફેકલ્ટીના પગાર, તમામ બાંધકામ સહિત શોધ સંશોધન લઈ કરોડો રૂપિયા કેન્દ્ર સરકાર આપે છે. જ્યારે સેન્ટ્રલ યુનિવર્સિટી માટે જરૂરી જમીન જે તે રાજય સરકારે ફાળવણી કરવાની હોય છે. ગુજરાતમાં સેન્ટ્રલ યુનિવર્સિટીને નવ વર્ષ જેટલો સમય દરમ્યાન વારંવારની રજુઆત છતાં રાજયની ભાજપ સરકારે જરૂરી જમીનની ફાળવણી કરી નથી. જેથી રાષ્ટ્રીય કક્ષાના શૈક્ષણિક સંસ્થાથી ગુજરાત અને દેશના વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચિત રાખવામાં આવ્યા છે. ધાનાણીએ કહ્યું હતું કે સમગ્ર દેશમાં જ્યાં પણ કેન્દ્રિય યુનિવર્સિટી છે તે રાજયને ફાળવણી થાય ત્યારે જ જે તે રાજયના કેપિટલની બાજુમાં જમીન ફાળવણી કરવામાં આવતી હોય છે. સેન્ટ્રલ યુનિવર્સિટીના અધ્યાપકોએ નિયમ મુજબ જમીન ફાળવણી માટે વારંવાર રજુઆત કરી હોવા છતાં રાજય સરકારે હજુ સુધી જમીન ફાળવણી માટે નિર્ણય કર્યો નથી. ૪૦-૫૦ એકર જમીન વડોદરા-આજવા ખાતે ફાળવવામાં આવી છે.

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી દેશના વિવિધ વ્યાવસાયિકો સાથે સંવાદના ભાગરૂપે શિક્ષકો,

અનુસંધાન પાના નં.૬

# ક્ષેત્રિય પક્ષોને સંગઠિત કરવા કેસીઆરની આક્રમક તૈયારી

હૈદરાબાદ

તેલંગાણા રાષ્ટ્રીય સમિતિના પ્રમુખ અને તેલંગાણાના મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવે ભાજપ અને કોંગ્રેસના સકંજામાંથી દેશને મુક્ત કરવાની વાત કરી છે. ચંદ્રશેખર રાવે કહ્યું છે કે કોંગ્રેસ પાર્ટીએ દેશને મુશ્કેલીમાં મુકવામાં સૌથી મોટી ભૂમિકા ભજવી હતી. હૈદરાબાદના પાર્ટીની બેઠકને સંબોધતા રાવે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે રાજ્યોના સાર્વભૌમત્વ અધિકારોમાં અતિક્રમણ કરવું જોઈે નહીં. સાથે સાથે અતિક્રમણ કરવાના બદલે કૃષિ, આરોગ્ય, શિક્ષણ, ગ્રામીણ અને શહેરી વિકાસ જેવા મુદ્દા પર રાજ્યોને વધારે સત્તા આપી દેવી જોઈએ. પીવાના પાણીની બાબત મુદ્દે પણ રાજ્યોને સત્તા સોંપવી જોઈએ. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ બીજી મેના દિવસે હૈદરાબાદની મુલાકાત લેનાર છે. જેમાં ફેડરલ મોરચાની રૂપરેખાના સંદર્ભમાં વાતચીત કરવામાં આવનાર છે. કેસીઆર દ્વારા હાલમાં અલગ મોરચો બનાવીને ભાજપ અને કોંગ્રેસને પડકાર ફેંકવાની તૈયારી દર્શાવી છે. કેસીઆરનું કહેવું છે કે તેઓ આગામી બે મહિના દરમ્યાન દેશભરમાં પ્રવાસ કરશે અને તમામ ક્ષેત્રિય પાર્ટીઓને ભેગી કરીને એક મજબૂત મોરચો બનાવવાના પ્રયાસ કરશે. તેમનું કહેવું છે કે દેશને કોંગ્રેસ અને ભાજપના સકંજામાંથી મુક્ત કરાવવાનો સમય આવી ગયો છે. ચંદ્રશેખર રાવનું કહેવું છે કે તેઓ ૨૯મી એપ્રિલના દિવસે એટલે કે આવતીકાલે ડીએમકેના વડા એમ.કે. સ્ટાલીન સાથે વાતચીત કરશે. કેસીઆર અગાઉ અનેક મોટા નેતાઓને મળીને નવા મોરચાના સંદર્ભમાં વાતચીત કરી ચુક્યા છે. તૃણમૂલ કોંગ્રેસના વડા અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, જેડીએસના પ્રમુખ અને પૂર્વ વડાપ્રધાન દેવગૌડા સાથે પણ તેઓ વાતચીત કરી ચુક્યા છે. સૂચિત મોરચા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. કેસીઆરનું કહેવું છે કે ફેડરલ મોરચામાં રાજકીય પક્ષોનો વિશ્વાસ વધી રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસની વિશ્વસનિયતા સતત ઘટી રહી છે.

## તંત્રી સ્થાનેથી ...

**વિદ્યા પ્રાપ્ત કરવા નિરંતર અભ્યાસ કરવો જ પડે છે.**

# શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીનો પ્રશ્ન નિવારવો જરૂરી

વર્તમાન સંજોગોમાં શહેરો કરતા ગામડાઓમાં પીવાના પાણીના પ્રશ્નને હલ કરવાના ભલે ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે પરંતુ શહેરોમાં પાણીનો વેડફાટ જ્યાં સુધી બંધ નહિં થાય ત્યાં સુધી પીવાના પાણીની મુશ્કેલીને કેવી રીતે નિવારી શકાશે. આ પ્રશ્ન સંદર્ભે પાણી પુરવઠા વિભાગ અને પ્રત્યેક સમાજના લોકોએ વિચારવું જોઈએ. બીજી તરફ પ્રદુષિત પાણીનો પ્રશ્ન ગંભીર બની રહ્યો છે, નગરપાલિકા કે મહાનગરપાલિકા હોય કે પછી ગ્રામ પંચાયત હોય આ તમામ સત્તાધિશો દ્વારા નિષ્ક્રિયતા દાખવવામાં આવતાં સામાન્ય લોકો ભોગ બની રહ્યા છે. જ્યારે જવાબદાર તંત્ર બેજવાબદાર બને ત્યારે જ આવી પરિસ્થિતિ સર્જાય છે.

હાલમાં જોવા જઈએ તો અમદાવાદ જેવા મહાનગરમાં સ્વચ્છ પાણી લોકોને ઉપલબ્ધ થતું નથી. અમદાવાદના ઉત્તર ઝોન વિસ્તારમાં તથા દક્ષિણ વિસ્તારમાં મોટી ગટરો આધુનિક સાધનોથી સાફ કરવાના નામે કરોડો રૂપિયા માનીતી કંપનીઓને ખટાવવામાં આવે છે. તેમ છતાં ગટર લાઈનો ગંદા પાણીથી ભરાયેલી રહે છે. જેના કારણે પીવાના પાણીની પાઈપ લાઈનમાંથી જે પાણી આવે છે તે પાણી પ્રદુષિત આવતું હોવાની બુમરાડ મચી છે. ખરેખર તો સત્તાધિશોએ આ બાબતે જે તે તંત્ર દ્વારા પીવાના પાણી બાબતે તત્પર રહેવું જોઈએ? પાલિકા કે પછી મ્યુ.કોર્પોરેશન આ બાબતે શા માટે ચૂપકીદી સેવી રહેલ છે. લોકો તમામ પ્રકારના વેરા ભરતા હોવા છતાં પણ પાણી જેવી સુવિધા તંત્ર ઉપલબ્ધ ન કરી શકતું હોય તે શરમજનક બાબત કહી શકાય.

જ્યારે શહેરમાં પાણી અને ગટરનો હવાલો સંભાળતાં સીટી ઈજનેરે કેટલીક ગટર લાઈનો સાફ કરાવી છે છતાં અમુક બાકી રહી જવા પામી હોવાથી લોકોના આરોગ્યનો પ્રશ્ન ગંભીર બન્યો છે અને દુષિત પાણીની સમસ્યા સર્જાઈ છે. પીવાના પાણીમાં ગંદુ પાણી આવે તે કેવી રીતે ચાલી શકે? આ બાબતે બે અધિકારીઓ વચ્ચે વિવાદ આગળ વધે તે પહેલાં મ્યુ.કમિશ્નરે તમામ ગટરલાઈનો ચેક કરવાની આપેલી સુચનાનો અમલ થવો જોઈએ.

અમદાવાદ જેવા મહાનગરમાં ગટર લાઈનો સાફ કરવા માટે કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. તે કંપનીઓ શું કામ કરે છે અને કેવું કામ કરે છે. તે બાબતે સમીક્ષા થવી જોઈએ. આમાં કોઈ પણ જાતનો વિવાદ ચાલી શકે નહિં.

ઉનાળાની ઋતુમાં પીવાના પાણીની સમસ્યા ગંભીર બની રહેવાની તેની સાથે સાથે પ્રદુષીત પાણીની સમસ્યા વધવાની શક્યતાને નિવારી શકાય તેમ નથી. શહેરના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની તંગી હોવાની ફરિયાદો પણ ઉઠી છે. જ્યારે શહેરમાં પીવાના પાણીની સમસ્યા ગંભર બની છે. ત્યારે રાજ્યના કેટલાક ગામડાઓમાં તો ત્રણ ત્રણ દિવસ સુધી પીવાનું પાણી પણ ઉપલબ્ધ થતું નથી, લોકો ફરિયાદ કરે તો કોને કરે? આ સવાલ દિવસે દિવસે ગંભીર બનતો હોવા છતાં પણ લાગતા વળગતા સત્તાધિશો દ્વારા આ બાબતે કોઈ જ કાર્યવાહી થઈ શકી નથી. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાાણીની સમસ્યાને નિવારવા ચોક્કસ સમિતિની રચના થવી જોઈએ અને જવાબદારો દ્વારા રોજીંદી કામગીરીની સમીક્ષા થવી જોઈએ. હાલના તબક્કે અમદાવાદ સહિત રાજ્યના કેટલાક ગામડાઓમાં પ્રદુષિત પાણીની સમસ્યાને ત્વરિત નિવારવી જરૂરી છે.

# શત્રુગન સિન્હાને શોલે માટે ના કહેવાનો અફસોસ છે!




પોતાના રમુજી ટાસ્કી, મસ્તીપૂર્ણ વાતો અને બોલીવુડના મહેમાનોની આકર્ષક હરોળ સાથે કલર્સનું એન્ટરટેનમેન્ટ કી રાત જ૯ – લિમિટેડ એડિશન તમારા વીકએન્ડસને રોમાંચક બનવવા ફરી પાછું આવેલ છે. શોને ઘણી બોલીવુડ સેલિબ્રિટીઝ નિખાલસપણે પોતાના રહસ્યોદઘાટન કરતી જોવા મળનાર છે જે દુનિયાથી અજાણ છે. સૌમયા ટંડન, બલરાજ અને નેહા પેન્ડસે સાથે ફ્રેન્ક વાણીુતમાં, લીજેન્ડરી શત્રુગન સિન્હાએ દર્શકોને અવાક કરી દીધાં. આવી રહેલ વીકએનડ એપિસોડ પીઢ અભિનેતાને પોતાના આકર્ષણ અને વ્યક્તિત્વ વડે સંપૂર્ણ કાસ્ટને વિસ્મિત કરતાં જોશે. એમણે પોતાના જીવનના અનુભવોની તથા અત્યાર સુધીની પોતાની મુસાફરીની આપ–લે કરી જે તમને ચોકકસપણે એ માનતા કરી દેશે કે ભારે પરિશ્રમ અને સમર્પણનું વળતર મળે જ છે.ખેર, કેટલીક વખત તમારે આગળ વધીને પોતાના નિર્ણયોને વધાવી લેવા પડે છે. હાસ્ય ચોકકસ પણ ખુશાલીની ચાવી છે!આ શનિવાર રાત્રે ૯.૦૦ કલાકે આ સ્પેશ્યલ એપિસોડ ફક્ત કલર્સના એન્ટરટેનમેન્ટ કી રાત @9 – લિમિટેડ એડિશન પર નિહાળો.

# &TV પર મેરી હાનિકારક બીવીએ સદી ફટકારી!



આરંભથી &TV પર મેરી હાનિકારક બીવીએ તેની અજોડ સંકલ્પના સાથે દર્શકોમાં ઉત્તમ સુમેળ સાધ્યો છે. હમણાં સુધી જે વિષય પર ખુલ્લેઆમ કે મુક્ત રીતે હમણાં સુધી ચર્ચા કરાતી નહોતી એવા વિષયને સ્પર્શ કરીને વર્તમાન સમયમાં નવો દાખલો બેસાડયો છે. શોએ વારસદાર પેદા કરવો અને પુરુષ પર તેની અસરો વિશે સંકળાયેલાં ઘણાં બધાં સામાજિક દબાણોમાં કોમેડી થકી ડોકિયું કરાવ્યું છે.આ શો માટે લેવાયેલું જોખમ એકદમ સફળ થયું છે, કેમ કે શોએ ૧૦૦ એપિસોડનું પ્રસારણ કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. મેરી હાનિકારક બીવીએ તેના અનુભવી કલાકારો અને નવલ વારતારેખા સાથે દર્શકોને જકડી રાખ્યા છે. કરણ સૂચક અને જિયા શંકર અભિનિત આ શોમાં બંને વચ્ચે અજોડ કેમિસ્ટ્રીને લીધે શો ટૂંક સમયમાં જ લોકપ્રિયતાનાં શિખર સર કરવા લાગ્યો છે. આ સુંદર સિદ્ધિની ઉજવણી કરવા માટે બધા કલાકારો અને ક્રુએ ભેગા મળીને સંગીત અને ડાન્સ સાથે કેક- કટિંગ કરીને આ દિવસને યાદગાર બનાવ્યો હતો.વધુ જાણકારી માટે જોતા રહો મેરી હાનિકારક બીવી, દર સોમવારથી શુક્રવાર રાત્રે ૧૦.

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**




# શેરબજારમાં ઉછાળે નફારૂપી વેચવાલી નોંધાશે...!! નફો બૂક કરો...!!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૩૦.૦૪.૨૦૧૮ થી ૦૪.૦૫.૨૦૧૮

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!

મિત્રો,ગત સપ્તાહ દરમિયાન શેરબજારમાં તેજીની આગેકૂચ રહી હતી. ગ્લોબલ માર્કેટના પોઝિટિવ સમાચાર પાછળ ભારતીય શેરોમાં નવી લેવાલી આવી હતી, કોર્પોરેટ કંપનીઓના પરિણામો ધારણા કરતાં પ્રોત્સાહક આવી રહ્યા છે, જેને પરિણામે તેજીવાળા ખેલાડીઓએ બ્લુચિપ અને ઈન્ડેક્સ બેઈઝ્ડ શેરોમાં લેવાલી કાઢી હતી. રાજકીય ગતિવિધિ, ઊંચા વેલ્યુએશન, લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ જેવાં પરિબળોથી બજારનું સેન્ટિમેન્ટ અમુક સમય સુધી ખરડાયું હતું અને ના કારણે એફપીઆઈએ ભારતના શેરબજારમાં વેચવાલી કરી હતી.હાલમાં કોર્પોરેટ રિઝલ્ટ સીઝન ચાલે છે, તેથી રોકાણકારો “ થોભો અને રાહ જુઓ ની નીતિ “ પણ અપનાવી રહ્યા છે.એપ્રિલ ૨૦૧૮ માં સૌથી સારો દેખાવ આઈટી ક્ષેત્રનો રહ્યો છે. હજી કેટલાંક ટ્રેડિંગ સત્રો સુધી આઈટી ઈન્ડેક્સ અને મિડ-કેપ આઈટી શેર્સમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી શકે છે. લાર્જ-કેપ આઈટીમાં ટીસીએસે પણ ૨૦ ટકા જેટલુ તગડું વળતર દર્શાવ્યું છે. બીજી બાજુ નિફ્ટીએ સોમવારના બંધ સુધીમાં ૪.૬૬ % નો સુધારો નોંધાવ્યો છે. જ્યારે નિફ્ટી આઈટીએ તેના કરતાં લગભગ ત્રણ ગણી એટલે કે અંદાજીત ૧૨% ની વૃદ્ધિ દર્શાવી છે. કેટલાંક મિડ-કેપ આઈટી શેર્સ છેલ્લાં કેટલાંક ટ્રેડિંગ સત્રોમાં અંદાજીત ૪૦ % સુધીનું ઊંચું વળતર નોંધાવ્યું છે. એનએસઈ ખાતે લિસ્ટેડ આઈટી શેર્સના એપ્રિલ મહિનામાં દેખાવ પર નજર નાખીએ તો રામ્કો સિસ્ટમ્સ ૪૦% થી વધુના વળતર સાથે ટોચ પર છે. મિત્રો, ૨૦% થી ઊંચું વળતર દર્શાવતાં અન્ય કાઉન્ટર્સમાં માઈન્ડ ટેક અંદાજીત ૩૬%, ડેટામેટિક્સ અંદાજીત ૩૪ %, માઈન્ડટ્રી અંદાજીત ૩૦%, જીએસએસ અંદાજીત ૨૯%, ટ્રાઈજિન અંદાજીત ૨૭ %, એક્સિસ કેડ્સ અંદાજીત ૨૬%, ટેક સોલ્યુ અંદાજીત ૨૬%, સાસ્કેન કોમ્પ્યુ અંદાજીત ૨૫ %,ક્વીકહીલ અંદાજીત ૨૩ % અને ટેરા સોફ્ટ અંદાજીત ૨૩ % નો સમાવેશ થાય છે. લાર્જ-કેપ આઈટી કાઉન્ટર્સમાં એકમાત્ર ટીસીએસે અંદાજીત ૨૦ % સાથે નોંધપાત્ર રિટર્ન દર્શાવ્યું છે.ટીસીએસે માર્ચ ૨૦૧૮ દરમિયાન અંદાજીત રૂ ૨૮૪૯ની સપાટી સુધી તળિયું દર્શાવ્યું હતું. જ્યાંથી તે તબક્કાવાર સુધરતો રહ્યો હતો અને અંતિમ બે સત્રોમાં સારાં પરિણામો પાછળ તેણે અંદાજીત ૮ % થી વધુ વધીને તા. ૨૬.૦૪.૨૦૧૮ ના રોજ રૂ ૩૫૨૫ સુધીની ઐતિહાસિક ટોચ નોંધાવી હતી.આઈટી અગ્રણીએ દિવસ દરમિયાન ૧૦૦ અબજ ડોલરના માર્કેટ કેપને પાર કર્યું હતું અને આમ કરનાર તે દેશની એકમાત્ર કંપની બની હતી. તાજેતરમાં ટીસીએસે સારાં પરિણામો દર્શાવ્યાં હતાં ઉપરાંત મિડ-કેપ આઈટી કંપનીઓમાં સુધારો તો છેલ્લા ઘણા દિવસોથી શરૂ થયો છે જેનું મુખ્ય કારણ ડિફેન્સિવ શેર્સમાં ફ્લોનો પ્રવેશ હતોમારા મતે માત્ર આઈટી કંપનીઓ જ નહીં પરંતુ ટ્રેડર્સ હવે ફાર્મા કંપનીઓ તેમજ એફએમસીજી ક્ષેત્રે પણ ખરીદી કરી શકે છે. આ ક્ષેત્રોમાં ખરીદીનું એક કારણ તાજેતરમાં રૂપિયામાં જોવા મળેલી નરમાઈ પણ છે. પટેલ ઉમેરે છે કે છેલ્લાં પાંચ ટ્રેડિંગ સત્રોથી રૂપિયો ઘસાઈ રહ્યો છે અને તેને કારણે સર્વિસ ક્ષેત્રના શેર્સ વધુ આકર્ષક બનશે.

### સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો, નોર્થ કોરિયાએ અણુ અને મિસાઈલ પરીક્ષણ બંધ કરવાની અને આર્થિક વૃદ્ધિમાં આગળ વધવાની જાહેરાત કરી છે. તે સાઉથ કોરિયા અને અમેરિકા સાથે મંત્રણાની તૈયારી કરી રહ્યું છે. જો કે ઘણા નિષ્ણાતોને નોર્થ કોરિયાના ઈરાદા અંગે આશંકા છે ઉપરાંત અમેરિકા અને ચીન વચ્ચે વેપારયુદ્ધને કારણે વૈશ્વિક બજારનું સેન્ટિમેન્ટ વોલેટાઈલ છે. ગ્લોબલ ટ્રેડ વોર અને અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં વધારા જેવા પરિબળોને કારણે ભારતના અર્થતંત્ર પર અસર પડશે એમ અર્થશાસ્ત્રીઓ દ્વારા એક અભ્યાસમાં મત વ્યકત કરાયો છે. ટ્રેડ વોર ઉપરાંત અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા અપેક્ષા કરતા વ્યાજ દરમાં ઝડપી વધારાથી કેપિટલ આઉટફલો જોવા મળી શકે છે એમ પણ રિપોર્ટમાં નોંધ લેવાઈ છે. ૨૦૨૨ સુધીમાં ભારતમાંથી ૨૨ અબજ ડોલરની મૂડીનો આઉટફલો થઈ શકે છે. ભારતમાં જો રાજકીય અસ્થિરતા ઊભી થશે તો સ્થિતિ વધુ ખરાબ બની શકે છે. રાજકીય અસ્થિરતાના કિસ્સામાં રૂપિયામાં ઘટાડા સાથે ૨૦૨૨ સુધીમાં મૂડીનો આઉટફલો ૩૨ અબજ ડોલર જેટલો રહી શકે છે. આવા કિસ્સામાં જો ભારત ફોરેક્સ રિઝર્વનો ઉપયોગ કરશે તો વ્યાજ દરમાં વધારો થશે એમ પણ રિપોર્ટ વધુમાં જણાવે છે.આ વર્ષના ફેબ્રુઆરીમાં વૈશ્વિક શેરબજારોમાં વેપારયુદ્ધ સંબંધિત વેચવાલી ચાલુ થયા બાદ એશિયાનાં બજારોમાં ભારતના બજારે ચોથા ક્રમે સૌથી ખરાબ દેખાવ કર્યો છે. હાલના ભૂરાજકીય જોખમ અને વેપારયુદ્ધને કારણ એફઆઈઆઈ કેશ માર્કેટમાં નાણાં પાછાં ખેંચી રહ્યા છે.ગત સપ્તાહે આશરે ૨૫૦ મિલિયન ડોલરના શેરો વેચ્યા હતા. એપ્રિલમાં અત્યાર સુધી વિદેશી ફંડ્સે આશરે ૫૦૦ મિલિયન ડોલરના શેરો વેચ્યા છે. ભારતના બજાર માટેની મુખ્ય ચિંતા ડોલર સામે રૂપિયામાં નરમાઈ છે. ભારતની વેપારખાધ વધીને ૧૩.૬૯ અબજ ડોલર થઈ હોવાથી ભારતના ચલણે એશિયાનાં ચલણોમાં સૌથી ખરાબ દેખાવ કર્યો છે.આ સમયગાળામાં ભારતના ફેબ્રુઆરી પછીથી ચીન, ફિલિપાઈન્સ અને હોંગકોંગના બજારમાં ઘટાડો થયો હતો. આમ આ દેશોનાં બજારોએ ભારત કરતાં પણ ખરાબ દેખાવ કર્યો હતો. ભારતના બજારમાં ઘટાડા માટે કેટલાંક સ્થાનિક પરિબળો પણ કારણભૂત છે. ચાલુ નાણાકીય વર્ષના કેન્દ્રીય બજેટમાં ઈક્વિટી પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ લાદવામાં આવ્યો હતો તેનાથી રોકાણકારોએ નફો બુક કરવાનું પસંદ કર્યું હતું.ભારતના ઔદ્યોગિક ઉત્પાદન માં સતત ચોથા મહિનામાં વધારો થયો હતો. આઈઆઈપી વૃદ્ધિદર ફેબ્રુઆરીમાં ૭.૧% ના તંદુરસ્ત સ્તરે હતો. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અથવા સીપીઆઈ ફુગાવો માર્ચમાં ઘટીને ૪.૨૮% થયો હતો જે ફેબ્રુઆરીમાં ૪.૪૪% હતો.વૈશ્વિક વેપારયુદ્ધ સંબંધિત અનિશ્ચિતતામાં ઘટાડો તેમજ ફુગાવો અંકુશમાં રહેવાની ધારણા છે સાથે સાથે માર્ચ ક્વાર્ટરમાં કંપનીઓના મજબૂત રિઝલ્ટની ધારણા, ગ્રામીણ અર્થતંત્રમાં મજબૂત બાઉન્સબેક અને ચાલુ વર્ષે સામાન્ય વરસાદની આગાહી જેવાં પરિબળોથી બજારમાં તેજી આવી છે. બેન્ક કૌભાંડ, રાજકીય અનિશ્ચિતતા, વ્યાજદરમાં વધારો અને વૈશ્વિક બજારની વોલેટિલિટી તેમજ રોકડની અછત જેવાં પરિબળોને બજારે અત્યાર સુધી ડિસ્કાઉન્ટ કરી દીધાં છે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮ -૧૯ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા....

વિદેશી સંસ્થાઓના વાર્ષિક રોકાણ સંદર્ભે જોઈએ તો ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૮,૬૧૯ કરોડની વેચવાલી, માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૭૯૦૪.૮૫ કરોડની ખરીદી તેમજ ૨૫ એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૭૪૧૯.૫૪ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭ -૧૮ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા...

મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી, જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૦૦૯૦.૯૧ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૩.૨૧ કરોડની ખરીદી, ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૧૪૨.૮૮ કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૩૯૮.૭૩ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૭,૮૧૩ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૬૬૯૩.૯૧ કરોડની ખરીદી તેમજ ૨૫ એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૭૦૮૪.૦૮ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, એપ્રિલ મહિનામાં ટ્રેડિંગ સારું રહ્યું છે. આ અપટ્રેન્ડ મુખ્યત્વે બોન્ડ યીલ્ડમાં રિવર્સલ અને એલટીસીજી ટેક્સ પ્રેરિત વેચાણ બંધ થવાના કારણે સર્જાયો છે.સવાલ એ છે કે આ અપટ્રેન્ડ આગળ ચાલુ રહેશે કે કેમ...કારણ કે વેલ્યુએશન ફરીથી પહેલાં જેટલા થઈ ગયા છે. બીજું નુકસાનકારક પરિબળ ક્રૂડનો વધતો ભાવ છે. ક્રૂડ ચાર વર્ષની ઊંચી સપાટીએ પહોંચીને ૭૨.૫ ડોલર પ્રતિ બેરલ થયું છે જેનાથી ફુગાવો વધશે અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓની નફાકારકતાને અસર થશે. ખાદ્ય પદાર્થોમાં ભાવ ઘટવાથી માર્ચમાં સીપીઆઈ ફુગાવો ઘટીને ૪.૨૮% થયો હતો જે ફેબ્રુઆરીમાં ૪.૪% હતો. ક્રૂડના ભાવમાં તાજેતરમાં થયેલો વધારો મધ્યપૂર્વના તણાવના કારણે છે. અત્યારના સ્તરથી ક્રૂડ અને ડોલર ના ભાવ વધે મધ્યમ ગાળામાં યુએસના લશ્કરી પગલાંથી વૈશ્વિક બજારમાં વોલેટિલિટી શક્ય છે તેનાથી વૈશ્વિક બજારો પર પ્રતિકૂળ અસર થશે કારણ કે આ સંઘર્ષમાં અગ્રણી ઓઈલ ઉત્પાદક દેશો સામેલ છે.

વૈશ્વિક અને સ્થાનિક બજારમાં ઊંચી વોલેટિલિટીના કારણે ઈનફ્લોમાં આ ઘટાડો મધ્યમ ગાળા માટે ચાલુ રહે તેવી શક્યતા છે પરંતુ લાંબા ગાળે એસેટનું ફાઈનાન્શિયલાઈઝેશન મુખ્ય પરિબળ હશે તેથી આ ટ્રેન્ડ હકારાત્મક રહેવાની શક્યતા છે.એક અંદાજ પ્રમાણે નિફ્ટી જેવા સૂચકાંક માટે ચોથા ક્વાર્ટર માટે વાર્ષિક ધોરણે પીએટીમાં ૧૫ ટકાથી વધુ વૃદ્ધિ શક્ય છે. ગયા ક્વાર્ટરમાં પણ આવી જ અપેક્ષા હતી પરંતુ વાસ્તવમાં ફાઈનાન્સ, ફાર્મા અને ટેલિકોમ સેક્ટરનો નબળો દેખાવ રહ્યો હતો. આ ક્વાર્ટર માટે પણ બજારને અનુકૂળ બેઝ ઈફેક્ટ પર આશા છે પરંતુ ફાઈનાન્સ, સિમેન્ટ, ફાર્મા અને ટેલિકોમ જેવાં સેક્ટર નબળો દેખાવ ચાલુ રાખે તેવી શક્યતા છે.

ટૂંકમાં સ્થાનિક બજાર એક ટ્રેડિંગ રેન્જમાં પ્રવેશ્યું છે ભારતના આ દેખાવના સાતત્ય માટે કોર્પોરેટ અર્નિંગમાં સારી રિકવરી જરૂરી છે.નિફ્ટી અને સેન્સેક્સની કંપનીઓ માટે ચોથા ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે આશરે ૧૫% વૃદ્ધિની ધારણા છે. અમેરિકા અને ચીન વચ્ચેના વેપારયુદ્ધને કારણે એપ્રિલમાં એફઆઈઆઈ સાવધ બન્યા હતા.જો ચોથા ક્વાર્ટરના અર્નિંગ પ્રોત્સાહક રહેશે તો એફઆઈઆઈ તેમના ન્યુટ્રલ વલણમાં ફેરફાર કરી શકે છે.

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ





**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૨૩/૦૪/૨૦૧૮ ના રોજ ૧૦૫૭૯ પોઈન્ટ ખુલીને ૧૦૫૩૧ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૭૪૪ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૧૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૩૮ પોઈન્ટના ઉછાળે ૧૦૭૨૩ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૨૩/૦૪/૨૦૧૮ ના રોજ ૨૫૧૩૫ પોઈન્ટ ખુલીને ૨૪૭૦૫ પોઈન્ટના નીચા મથાળેથી ૨૫૪૭૭ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૭૭૨ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૪૬૧ પોઈન્ટના ઉછાળે ૨૫૪૬૮ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૭૨૩)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૮૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૬૮૮ પોઈન્ટથી ૧૦૬૪૭ પોઈન્ટ, ૧૦૬૩૦ પોઈન્ટની અતિ મહત્વની નીચી સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૮૮૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૫૪૬૮)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૬૦૬ પોઈન્ટના પ્રથમ અને ૨૫૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૫૪૦૪ પોઈન્ટથી ૨૫૩૬૦ પોઈન્ટ, ૨૫૨૫૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

૧) **HDFC** બેન્ક ( ૧૯૩૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ ફ્યુચર સ્ટોક રૂ.૧૯૦૩ ના પ્રથમ સપોર્ટથી ખરીદવાલાયક...!! બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૯૪૪ થી રૂ.૧૯૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) ઈન્ડસિન્ડ બેન્ક ( ૧૮૭૩ ) :- આ સ્ટોક રૂ.૧૮૬૦ નો પ્રથમ તેમજ રૂ.૧૮૪૭ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૮૮૮ થી રૂ.૧૮૯૩ સુધી ની તેજી તરફ રુખ નોંધાવશે...!!

૩) બાયોકોન લિમિટેડ ( ૬૬૩ ) :- ૧૮૦૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૬૪૭ નો પ્રથમ તેમજ રૂ.૬૩૦ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફાર્મા સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૬૭૭ થી રૂ.૬૮૬ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

૪) **HDFC** લિમિટેડ ( ૧૮૬૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૮૮ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૮૯૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૮૪૪ થી રૂ.૧૮૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૯૦૯ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

૫) **ACC** લિમિટેડ ( ૧૫૫૩ ) :- રૂ.૧૫૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૫૮૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! ટૂંકાગાળે રૂ.૧૫૩૭ થી રૂ.૧૫૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૫૯૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

૬) લાર્સેન લિમિટેડ ( ૧૩૮૧ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૦૪ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૪૧૪ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૩૬૭ થી રૂ.૧૩૫૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૪૩૦ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) કોચિન શિપયાર્ડ ( ૫૩૯ ) :- શિપિંગ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૫૧૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૫૦૫ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૫૬૩ થી રૂ.૫૭૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૫૮૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) એવરેસ્ટ ઈન્ડસ્ટ્રીઝ ( ૫૦૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૪૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૪૭૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૫૧૯ થી રૂ.૫૨૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) મહિન્દ્રા લોજિસ્ટિક ( ૪૮૬ ) :- રૂ.૪૬૦ નો પ્રથમ તેમજ રૂ.૪૪૭ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૪૯૯ થી રૂ.૫૧૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) અવધ સુગર ( ૩૭૨ ) :- સુગર સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૮૬ થી રૂ.૩૯૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૩૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) ઈમામી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ( ૩૧૩ ) :- રૂ.૩૦૩ નો પ્રથમ તેમજ રૂ.૨૯૦ ના સ્ટોગ સપોર્ટથી રિઆલિટી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૩૨૭ થી રૂ.૩૩૭ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) કોસમો ફિલ્મ્સ ( ૨૮૬ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૨૬૦ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૨૯૯ થી રૂ.૩૧૩ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ઢૈંઢૈંછઝ ક્લોથીંગ ( ૧૭૫ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૬૦ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૮૮ થી રૂ.૧૯૩ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) **GTPL** હાથવે ( ૧૬૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેલોકોમ સેક્ટરનો

આ સ્ટોક રૂ.૧૩૩ આસપાસ રોકાણકારે રૂ.૧૭૩ થી રૂ.૧૮૮ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૧૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

૧) ડોલ્ફિન ઓફશોર ( ૯૬ ) :- ઓઈલ ઈકવિપમેન્ટ એન્ડ સર્વિસ સેક્ટરનો આ સ્ટોક ડિલેવરી બેઈઝ રૂ.૧૦૯ થી રૂ. ૧૧૭ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) ગલ્ફ પેટ્રો ( ૭૯ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે ઓઈલ માર્કેટિંગ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૭૦ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૮૩ થી રૂ.૯૦ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) શિવમ ઓટોટેક ( ૭૭ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૪ નો પ્રથમ તેમજ રૂ.૬૦ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ઓટો પાર્ટસ સેક્ટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૮૩ થી રૂ.૮૮ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૪) **HBL** પાવર ( ૪૮ ) :- રૂ.૪૨ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૫૩ થી રૂ.૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૩૮ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૧૦૬૮૮ થી ૧૦૮૦૮ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...


## કેપ્સુલ

### લપસી જવાનો ડર

લોકલ ટ્રેઈનના ડબામાં બહુ ભીડ હતી. બાબલો સરકીને એક ટાલિયા માણસ પાસે ભરાઈ ગયો. આ જોઈ ટાલિયો ખીજાઈને બોલ્યો, અલ્યા આમ ધક્કા મારવા કરતાં મારા માથા પર જ બેસી જાને.

બાબલાએ એક નજર એના માથા પર નાંખી અને પછી જવાબ આપતાં કહ્યું,ના કાકા, મને બસ અહીંજ રહેવા દો ત્યાંથી લપસી જવાનો ડર લાગે છે.

ooooooo

### કયાંક ભાત પણ છે

એકવાર બાબલો એની કલ્પના માસીના ઘરે ગયો જમતા જમતા ભાતમાં કાંકરા આવવાથી એના દાંત કકડી ઉઠયા આ જોઈ કલ્પના માસીએ પુછયું, શું વાત છે બાબલા, ભાતમાં કાંકરા છે...?

બાબલો :ના રે, કયાંક કયાંક ભાત પણ છે.!..

ooooo

### સૌથી મોટો ફરક

શિક્ષક : બોલો જોઈએ માખી અને હાથીમાં શું ફરક હોય છે ?

કેતન : હાથીને સુંઢ હોય છે ના.

મૌલિક : માખીને પાંખો હોય છે.

કેતન : હાથીને પાંખો નથી હોતી.

બાબલો : સૌથી મોટો ફરક એ છે કે માખી હાથી પર બેસી શકે છે. હાથી માખી પર નથી બેસી શકતો.

ooo



# ઉત્સવઘેલા આપણે

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

આપણે ઉત્સવઘેલા છીએ. કોઈક ઉત્સવ આવે તો આપણે અડધા અડધા કે કયાંક આખે આખા થઈ જઈએ છીએ. સંસ્કૃતમાં તો આપણા માણસોને ઉત્સવ પ્રીય કહ્યા છે. ઠીક છે એ સમય સુખશાંતિનો, ધનધાન્યથી છલકાતો હતો એટલે ઉત્સવ પ્રિય કહ્યા હોય. ઘરમાં રોકડ રકમ, કોઠીમાં અનાજ ચિક્કાર ભરેલું હોય પછી માણસને આવતી કાલ માટેના ઘીગોળની ચિંતા નથી હોતી. તેથી ખાવું પીવું ને જલસા કરવાની નીતિ હોય અને તેથી આપણી સંસ્કૃત ભાષાના કવિ-લેખકોએ લખ્યું હોય પણ આજે એવુ રહ્યું નથી. આજે ઘડી ઘડી ઉત્સવ પ્રિય થવા જતાં અર્થાત્ ઉત્સવ ઉજવતા ખરા બપોરે બાર વાગી જાય છે. ઘણાને તો ઉત્સવ એટલે કે તહેવાર આવતાં પહેલાં શું શું લાવવાનું છે અને શો શો ખર્ચ કરવાનો કે એનું બજેટ તૈયાર કરવું પડે છે. બજારમાં ખરીદવા ગયા અને જો નાણાંકીય દશા અવળી દિશામાં જવા માંડી હોય તો પત્નીના સેન્ડલ કે પતિના બુટ લાવવાનું કેન્સલ કરવું પડે છે. હું જુના સેન્ડલથી ચલાવી લઈશ કે હું બુટ વગર દિવાળી ખેંચી કાઢીશ.. હા છોકરાઓની કોઈ ચીજમાં કાપ કરી નથી શકાતો.. એ નક્કી...

આજના ટ્રેન્ડ પ્રમાણે માબાપ પોતે પોતાના અરમાન પર કુહાડી, કરવત મારીને છોકરાને ગમતી વસ્તુ અપાવી રાજી રાખે છેએ જ છોકરાઓ સમય જતાં મા બાપની આશા અરમાનની હુતાસણી કરે છે.. એના પાર વિનાનાં કિસ્સા જોવા મળે છે. ખેર આપણે બજેટ બનાવવું પડે છે, પહેલાંના જમાનામાં રાજાઓએ બજેટ બનાવ્યાનો કોઈ ઉલ્લેખ નથી. આટલા રૂપિયાની તલવારો અને આટલા રૂપિયાના ગાંઠીયા..

એથી એ લોકો ઉત્સવ પ્રિય હતા. આજે જમાનો સમય બદલાયો છે તો પણ ઉત્સવો તો ઉજવાય જ છે. કયાંક ગાંઠના પૈસે કયાંક પારકાના પૈસે, આપણા દેશમાં બારે માસ ચૂંટણીઓ ચાલતી હોય છે અને એને ઘણા એક ઉત્સવ માનીને ઝંપલાવે છે. ચૂંટણીમાં તો ચૂંટાઈને એક જ આવવાનો હોય છે પણ પાછળ ફટાકડા ફોડનારા. .સૂત્રો પોકારનારા.. ગુલાલ ઉછાળનારા અને હજુ તો આ ચૂંટાઈ આવ્યા પહેલાંનો ઉત્સવ છે. ચૂંટાઈને આવશે તો ન જાણે કેવા ગાંડાઘેલા થઈ જશે.

આપણા દેશનું આ દ્રશ્ય છે અન્ય દેશોમાં આવું હશે કે કેમ ખબર નથી. બાકી આપણે આવું રોજ નહીં તો દર ચાર પાંચ દિવસ ખરૂ યાદ રહે. આવી રીતે મનાવનારા અન્યની પરવા કરતા નથી. એ બે નંબરની વાત છે ત્યારે હું તોભારપુર્વક કહું છું કરે કોઈ અને ભોગવે કોઈ.

એક કુંભારને એની પત્ની સાથે ચા બાબતે સવાર સવારમાં મગજમારી થઈ ગઈ. મગજમારી કયારે થાય એ કાંઈ નક્કી નથી હોતું. મોસમ અને મહિલા માટે તો સત્ય વાત છે.મોસમ અને મહિલાને કયારે સ્ક્રુ ઢીલો કે ટાઈટ થઈ જાય એ કાંઈ કહેવાય નહીં.. એવું જ કંઈક મગજમારીનું.. મગજમારી ગમે ત્યારે.. ગમે તેની સાથે થઈ જાય એમ ઘણીવાર સાવ કચરા જેવી વાત હોય છે તો કયાંક ખુબ મોટી..

આ કુંભારને ડાયાબીટીસ હતો અને એણે પોતાની પત્નીને સખ્તાઈથી આદેશ આપ્યો હતો કે તારે મારી ચા કાયમ મોળી બનાવવી એ પછી સવારની હોય કે બપોરની..

મોળી એટલે માનીને એના બધાય આદેશોનું પાકી રીતે પાલન કરતી હતી પણ એક દિવસ ટ્રેન ટ્રેક પરથી ઉતરી પડી.. રોજ મોળી બનતી ચા એ દિવસે બરાબરની શેરડીના રસની સમકક્ષ બની ગઈ. પછી મગજમારી થઈ.. ઉત્સવ પ્રીય લોકો ન જાણે શું શું બોલી નાખે છે કે.. ન કહી શકાય, ન સાંભળી શકાય.

એણે કહ્યું, આવી સ્ત્રી મને ગમતી નથી એની સાથે મારે રહેવું નથી. ઉત્સવ પ્રીય આ દેશમાં નારીઓ પણ જે જવાબ આપે છે.. શું કહેવું..? હું અદાલત જઈશ ને લગ્નની ગાંઠને છોડી દઈશ.. પત્નીના આવા સાહીત્યિક શબ્દો સાંભળી કુંભાર બહાર આવ્યો બહાર ભાર ઉંચકી ઉભેલા ગધેડાને દંડે ને દંડે ઝુડવા માંડયો.

અહીં કરે કોઈ અને ભોગવે કોઈ એ સાબિત થઈ ગયું. કુંભારની પત્નીએ ગળી ચા બનાવી અને માર ગધેડાને ખાવી પડી.. ગધેડો પણ ઉત્સવ પ્રિય છે. દેશનો નાગરીક હતો. ભાર સાથે ભાગ્યો. આખા રસ્તે ઢેખાળા પડયા. અને જતાં અવતાં લોકોને સહન કરે વારો આવ્યો.ઉત્સવ પ્રીય આ દેશમાં કરે કોઈને ભોગવે કોઈ.. પછી શું થયું એની ખબર નથી પણ મગજમારી ગમે ત્યારે થઈ જાય.

મગજમારી ગમે ત્યારે થઈ જાય એ વાત સાચી પણ કેટલાકની સાથે મગજમારી કરવી નકામી. સરવાળે મગજમારી મોંઘી પડે છે. એ ધ્યાન રાખવું ભલે ચાણકયે કહ્યું ના હોય પણ પત્ની આગળ સસરા એન્ડ કુ.આગળ.. બોસ આગળ... પોલીસ આગળ કોઈ ગુંડા આગળ.. સામાજીક કાર્યકર આગળ.. પત્રકાર આગળ પણ કયારેય મગજમારી કરવી નહીં. આપણે ઉત્સવ પ્રીય છીએ મન મોટું રાખીને જવા દેવું.

હમણાં વર્લ્ડ હેરીટેજમાં અમદાવાદનું નામ આવ્યું અને ઉત્સવઘેલા સૌ બહારે આવી ગયા. કોઈકે કેક કાપી તો કોઈએ પેંડા વહેંચ્યા. કોઈ એકબીજાના ગળે મળ્યા.. ફટાકડા ન ફુટે એ કેમ ચાલે ? કયાંક રોશની થઈ આહાહા..હા.. જાણે એવો માહોલ થયો કે અમદાવાદ બધા નાગરીકો ઈંગ્લેન્ડની રૂપાળી છોકરીઓ સાથે લગ્ન કરીને દહેજમાં એક એક કરોડ લઈ આવ્યા પણ. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## કેવા ગ્રહો ઉંચેથી પાડી મૃત્યુ કરે છે ?




જીવન જીવવા માટે આપ્યું છે તો જન્મે તેનું મૃત્યુ નિશ્ચિંત છે જ, રાવણ જેવો મહાપરાક્રમી રાજા જેના વશમાં નવ ગ્રહો હતા, દેવો પણ તેની તરફેણમાં હતા, શીવનો તે પરમ ભકત હતો તો પણ તે હજારો વર્ષ જીવી આખરે તેનું પણમૃત્યુ થયું તો આપણા આયુર્વેદીનું જ્ઞાન ધરાવતા ઋષીમુનીઓ પણ ન રહ્યા તો આપણે સામાન્ય જીવની તો વાત જ શું કરવી ? મોત તો એક દિવસે આવવાનું જ છે.

કેવા ગ્રહો ઉંચેથી પાડીને મૃત્યુયોગ બનાવે છે ?

જે જાતકની જન્મકુંડળીમાં પ્રથમ ભાવમાં સૂર્ય પાંચમા ભાવમાં શની આઠમા ભાવમાં ચંદ્ર અને નવમા ભાવમાં મંગળ હોય તો ઉપરનો યોગ પણ બને છે. ઉપાય : સૂર્ય, ચંદ્રની વિધિ વિધાન કરવાથી મોત ભયંકર તો નહીં પણ સામાન્ય મોત તો પડવાથી થાય છે જીવનનો તો આખરે અંત જ છે.

દ્રષ્ટાંતકુંડળી : અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં પ્રથમ ભાવમાં સૂર્ય છે પાંચમા ભાવમાં શની રહ્યો છે. આઠમા ભાવમાં ચંદ્ર છે અને નવમા ભાવમાં મંગળ આવેલ છે આમ આવી વ્યકિત ઉંચેથી પડવાથી મોત થતું હોય છે. ઉપાય : ઉપર બતાવ્યા પ્રમાણે કરવાથી મોત નાજુક રીતે થતું હોવાનું શાસ્ત્રોનું મત છે.


**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**


# આધુનિકતા અને સુરક્ષાથી સજ્જ અમેરીકન પ્રમુખોની મોટરકાર

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

અમેરીકાના પ્રેસીડેન્ટ માટે કેડીલેક મોડલની મોટરકાર ટેકનોલોજીકલ કરિશ્મા જેવી છે. આ મોટરકાર વિવિધ પ્રકારના ઉપકરણો વડે સજ્જ છે. એટલું જ નહીં પણ તેનો દેખાવ પણ જાજરમાન અમેરીકન પ્રમુખના દબદબાને શોભાવે તેવો હોય છે.માર્ચ ૪, ૧૯૦૯ ના રોજ ચૂંટાયેલા અમેરીકન પ્રમુખ વિલીયમ હાવર્ડટાફ્ર સૌ પ્રથમ અમેરીકી પ્રેસીડેન્ટ હતા કે જેમના માટે સરકારે પર્સનલ મોટરકાર વસાવી હતી. આ પહેલાં જેટલા પણ પ્રેસીડેન્ટ થઈ ગયા તેઓ ઘોડા જોડેલી ખાસ બગીઓ વાપરતા હતા. ટાફ્ટ માટે ખરીદવામાં આવેલી મોટરકાર સ્ટેનલી સ્ટીમર પ્રકારની હતી. આ મોટરકાર પેટ્રોલના બદલે વરાળ યંત્રથી સજ્જ ૪૦ હોર્સ પાવરની હતી. આ મોટરકારમાં કુલ છ વ્યક્તિઓ બેસી શકતી હતી અને તે સમયે આ મોટરકારની કિંમત હતી ૪,૦૦૦ અમેરીકી ડોલર.

વિલીયમ ટાફ્ટ ૧૯૧૩ સુધી અમેરીકાના પ્રેસીડેન્ટ રહ્યા ત્યાં સુધી આ મોટરકારનો ઉપયોગ કર્યો હતો. ત્યારબાદ નવા બનેલા અમેરીકી પ્રમુખ વુડો વિલ્સન માટે પેટ્રોલથી ચાલતી આધુનિક કેડીલેક મોટરકાર ખરીદવામાં આવી હતી. વિલ્સન ૧૯૨૧ સુધી પ્રધાન પદે રહ્યા ત્યાં સુધી બીજી ત્રણ મોટરકારો પીયર્સ, એરો પ્રકારની ખરીદી હતી. આ મોટરકાર પ્રત્યે વિલસનને એટલો બધો લગાવ હતો કે પ્રમુખપદેથી નિવૃત્ત થતી વેળા તેમણે એક મોટરકાર પોતાના ખર્ચે ૩૦૦૦ ડોલર ખરીદી લીધી અને બાકીની બે મોટરકારને સરકારે હેન્રી ફોર્ડ મ્યુઝીયમને ભેટ કરી હતી.

અમેરીકામાં પ્રેસીડેન્ટ તરીકેનો હોદો સંભાળનાર દરબેક પ્રમુખે પોતાના ઉપયોગ માટે નવીનકોર આધુનિક મોટરકાર ખરીદવા માંડી હતી. ત્યારબાદ પ્રમુખના હોદાને શોભે તેવી આલીશાન મોટરો ખરીદવાની પ્રણાલી પડી પરંતુ જ્યારે પ્રમુખ મોટરકારમાં બેસીને પ્રવાસ કરતા હતા ત્યારે સુરક્ષાનો પ્રશ્ન હંમેશા ધ્યાન બહાર રહેતો હતો. આ પ્રશ્ન ત્યારે જ પ્રકાશમાં આવ્યો જ્યારે નવેમ્બર ૨૨, ૧૯૬૩ ના રોજ ડલાસમાં લોકમેદનીને આવકારવા માટે ખુલ્લી લીંકન કોન્ટીનેન્ટલ પ્રકારની લીમોઝીનમાં બેસીને જઈ રહેલા પ્રમુખ જહોન કેનેડીની હત્યા થઈ. આ ઘટનાએ અમેરીમાની સીક્રેટ સર્વિસ માટે વોર્નીંગ સીગ્નલ સાબીત થઈ. ત્યારબાદ અમેરીકન પ્રમુખની મોટરકાર સુરક્ષા વ્યવસ્થાની દ્રષ્ટીએ આધુનિક બનાવવામાં આવી. આ માટેની જવાબદારી છેવટે સીક્રેટ એજન્સી સર્વિસે ઉપાડી લીધી સન ૧૯૬૩ બાદ જે પણ પ્રમુખો માટે મોટરકાર બની તે બધી જ આધુનિક સ્ટાઈલ તથા સુરક્ષાની દ્રષ્ટીએ બેમીસાલ બનતી ગઈ.અમેરીકન પ્રમુખ જયોર્જ બુશની મોટરકાર કેડીલેક વન તરીકે ઓળખાય છે. આ મોટર આધુનિક દ્રષ્ટીએ ઉમદા બનાવી છે. જ્યારે બરાક ઓબામાએ અમેરીકન પ્રમુખની સત્તા સંભાળી ત્યારે જનરલ મોટર્સે એમના માટે વધુ હાઈટેક મોટરકાર બનાવી હતી. જે વધુ લાંબી અને વધુ સુરક્ષિત હતી. અચાનક થતા ગોળીબાર સામે, હેન્ડ ગ્રેનેડ સામે તેમજ બોમ્બ ધડકા સામે એમાં બેઠેલ પ્રમુખ સલામત રહે તેવી વ્યવસ્થા તેના નિર્માણકર્તાઓએ મોટરનું બાહ્ય કવચ સ્ટીલ ટાઈટેનિયમ, એલ્યુમીનીયમ અને સિરામીક વડે સજ્જ હતી. બાહ્ય કવચની જાડાઈ પણ અધિક સલામત બનાવેલ એટલે મોટરકારનું વજન આશરે સાડા ચાર ટન જેટલું હતું. આ મોટરકારના નિષ્ણાંતોએ ગાડીનું એન્જીન ૩૬૫ હોર્સ પાવરનું બનાવ્યું હતું. આ મોટરકારના વિન્ડ શિલ્ડના અને બારીના બુલેટપ્રુફ કાચ એસોલ્ટ રાયફલની ગોળી તેમજ પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ફાયર કરેલી. ૪૪ મેગનમ રીવોલ્વરની ગોળીની પણ કાંઈ અસર થતી નથી એવા મજબુત હતા.આ મોટરકારજે રસ્તા ઉપરથી પસાર થાય છે ત્યારે ત્યાં આજુબાજુમાં રેડીયો સંદેશાને બ્લોક કરતા ઝામર પણ મોટરકારમાં લગાવેલા હતા. એક પછી એક કુલ ૩૫ મોટરકારનો કાફલો લઈને અમેરીકન પ્રમુખ નીકળે છે ત્યારે આ ઝામરયંત્રો આસપાસના રેડીયો સિગ્નલોને વેરવિખેર કરી નાખે છે. પરિણામે કોઈપણ આતંકવાદી સંગઠન રીમોટ કંટ્રોલ વડે બોમ્બ એકટીવ કરી શકતા નથી. મોટરકારમાં બેઠેલા પ્રમુખ પ્રજાજોગ સંબોધન કરી શકે તે માટે મોટરમાં જ માઈક્રોફોનની સગવડ હોય છે. જેનું કનેકશન મોટરની બહાર ફીટ કરેલ સ્પીકર્સ સાથે જોડાયેલું હોય છે. સી.ડી. ચેન્જર, રેડીયો, ટીવી, મસાજ કરવા માટે વાઈબ્રેટવાળી સીટ ફોલ્ડીંગ ડાઈનીંગ ટેબલ જેવી આધુનિક સુવિધા સજ્જ સાધનોથી સજ્જ આ મોટરકાર હોય છે. ટુંકમાં એવું કહેવાય કે અમેરીકન પ્રમુખોની મોંઘેરી મોટરકાર સુરક્ષાની સાથે આધુનિકતાથી સજ્જ મોટરની એવરેજનો આંકડો લીટરદીઠ માત્ર ૨.૬ કી.મી.નો જ છે.

**-કમલેશ કંસારા**

# માતા કુમાતા ન ભવતિ...???

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

સોલંકી વંશના સામ્રાજયની નિશાની જેવા પાટણ શહેરની પ્રતિષ્ઠાને લાંછન લગાડે તેવું દુષ્કર્મ પુત્રએ માતાની સાથે આચર્યું છે. અંધકાર અને એકલતાનો લાભ ઉઠાવી એક યુવાન પુત્ર હેવાનીયત આચરે એ કેટલું શર્મનાક છે ? સજ્જનો ચુપ થઈ જાય છે અને દુર્જનો દ્રષ્ટા બનીને ખેલ જોયા કરેછે ત્યારે મહાન લેખક બર્નાડ શોનું વાકય યાદ આવે છે. દેખ કબીરા.. 'શો મસ્ટ ગો ઓન..' તમાશાને તેડું નહીં.

જનેતા જગતમાં એક એવી આદર્શ વ્યક્તિ છે જેને જનની જન્મભૂમિ કરતાં વધારે પવિત્ર અને પારદર્શક માનવાની હોય છે. બાવીસ વરસનો પરિપકવ યુવાન પોતાની માતા સાથે દુષ્કર્મ આચરે.. અને એ પણ માતાને કોટડીમાં પુરી બંધક બનાવી તેનું શીયળ ચુંથી નાખે એ કેમ ચલાવી લેવાય ? આવા દુષ્કર્મના આરોપીને કઠીન અને મોટી આજીવન સજા થવી જોઈએ અથવા અંગ્રેજોના સમયની કાળા પાણીની સજા થવી જોઈએ.. આવા આરોપીને સમાજ અને વ્યક્તિઓએ પોતે શારીરિક સજા કરી પછી કમાનુન હવાલે કરવો જોઈએ.

કવી બોટાદકરની પંક્તિઓ આંસુ સારે એવું એક સોલંકી વંશના મહાનગરમાં બને ત્યારે પાટણના નાગરીકો અને ન્યાયના પહેરેદારો માટે દિલધડક દાસ્તાનથી શર્માવું જોઈએ.. દેખ કબીરા.. એકાંત અને એકલતના આ બંને શારીરિક તેમજ માનસિક વિકૃતિઓ છેલ્લા દસેક વરસમાં અતિશય ફુલી ફાલી છે. માતા સાથે દુષ્કર્મ આચરનાર પુત્ર જેવું એક અગાઉ ટયુશન કરતી શિક્ષિકાને પોતાના વિદ્યાર્થી સાથે આચરેલું છે.. એ બાબતે એક સુંદર આર્ટિકલ મેં છપાયો ત્યારે કેટલીક શિક્ષિકાઓ ધુંઆપુંઆ થઈને મને ફોન કરી જવાબ માગતી હતી. મેં દરેકને સારો અને સાત્વિક ભાષામાં જવાબ આપવા પ્રયત્ન કરેલો.

દેખ કબીરા.. દીકરાના દુષ્કર્મ માટે મનોવૈજ્ઞાનિક તારણ કંઈ આવું હોઈ શકે. શરીર સુખની ભુખ એ મનો શારીરિક આવેગ છે. આવા આવેગોથી જે બચી શકતો નથી એ આવા દુષ્કર્મ કરવા પ્રેરાય છે. આ એક માત્ર મનોશારીરિક જાતીય ઉત્પાત છે. મનોચિકિત્સકોના મતે ખઆવા કિસ્સામાં છોકરાની લગ્નવાળા ઉંમરના સમયમાં ગમે ત્યાં લગ્ન કરી આપવા જેથી તેના આવેગો અવળા માર્ગે ગતિ કરે નહીં આવા યુવાનો માટે એકલતા અને એકાંતવાળી જગ્યા પણ દુષ્કર્મ માટે પ્રેરણા બનતી હોય છે.. દેખ કબીરા..

માતા કદી કુમાતા બનતી નથી, પુત્ર ભલે કુપુત્ર બને પણ માતા એક એવી અલગારી ચીજ છે જેનો કોઈ પર્યાય નથી.. મા.. એટલે મા.. મા તે.. મા બીજા વન વગડાના વા.. આવાં અનેક સદ્ વિશેષણો જેને અપાય છે એવી મા પોતાની કુખે જન્મેલા સંતાનને વશ થઈ જાય અને તે સંતાન તેની સાથે દુષ્કર્મ કરી જાણે એ વિનય-વિવેક-શિષ્ટાચાર અને સદાચાર ઉપર કલંક છે.

ન્યાયની દેવી પાસે આપણે એક આશા જરૂર રાખીએ આવા સંતાનો માટે પણ સખ્તાતિ સખ્ત સજા અને સામાજીક નાલેશી ઉભી થાય એવી જીંદગી જીવવાની ફરજ પાડવી જોઈએ.. દેખ કબીરા..

પાટણની પ્રભુતાને ચાર ચાંદ લાગવાની જગ્યાએ સોલંકી વંશની ઐતિહાસીક નગરીને કલંકિત કરનાર આવા નર રાક્ષસોને શહેરમાંથી તાત્કાલિક દેશવટો આપવો એ જ મોટી સજા છે..


**ડૉ. બી. પાટણ વાડીયા**
**(અમદાવાદ)**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**


## મુખ્ય ભૂમિકાવાળી ફિલ્મ કરવા ઈચ્છુક નથી : તબ્બુ



ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની શાનદાર અભિનેત્રી તરીકે ગણાતી તબ્બુએ કહ્યુ છે કે તે હવે મુખ્ય ભૂમિકાવાળી ફિલ્મો કરવા માટે બિલકુલ ઈચ્છુક નથી. જો કે તે ફિલ્મોમાં સક્રિય રહેવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. તે મલ્ટીસ્ટાર ફિલ્મોમાં હવે રહેવા માંગે છે. જો કે મોટી યાદગાર ભૂમિકા અદા કરવાની તેની હજુ પણ ઈચ્છા છે. તબ્બુ પોતાની કેરિયરમાં અનેક શાનદાર ભૂમિકા અદા કરી છે. જેમાં જટિલ, ઈન્ટેન્સ અને પડકારરૂપ ભૂમિકાનો સમાવેશ થાય છે. જો કે તે હવે હળવી ભૂમિકા કરવા માંગે છે. ટેન્શનફ્રી રોલ કરવા માટે તેની ઈચ્છા છે. આ જ કારણસર તબ્બુએ આગળ ચાલીને રોહિત શેટ્ટીની ગોલમાલ અગેઈન ફિલ્મમાં કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. હાલમાં જ જ્યારે અમે આ ફિલ્મના સંબંધમાં વાત કરી રહ્યા હતા ત્યારે તબ્બુએ કહ્યુ હતુ કે તે હવે નંબર ગેમમાં પડવા માંગતી નથી. સોશિયલ મિડિયા આજે લોકોની જરૂરનો હિસ્સો છે. આને કઇ રીતે લેવામાં આવે છે તે અંગે પુછવામાં આવતા તબ્બુએ કહ્યુ હતુ કે તે ઈસ્ટાગ્રામ પર છે અને તેને લઇને ખુશ પણ છે. કારણ કે તેને હમેંશા ફોટાઓને લઇને ક્રેઝ રહ્યો છે. ટ્વીટર પર તે નથી.

કારણ કે ત્યાં જઇને તે વાત કરતી નથી. આ તમામ બાબતો જરૂરી છે કે કેમ તે અંગે તે ચક્કરમાં પડવા માંગતી નથી. ગંભીર ફિલ્મોની શાનદાર અભિનેત્રી તરીકે આપની ઓળખ છે તેને લઇને જે છાપ ઉભી થઇ છે તેનાથી તે ખુશ છે કે કેમ તે અંગે પુછવામાં આવતા તબ્બુએ કહ્યુ છે કે તેની એક પ્રકારની છાપ ઉભી થઇ છે. આને લઇને તે ખુશ છે. તેનુ કહેવુ છે કે તે પોતાની કોઇ ચીજને બદલી નાંખવા માટે તૈયાર નથી. તે એક ફ્લોમાં કામ કરી ચુકી છે. ક્યારેય કોઇ પરંપરાને તોડવા અથવા તો સ્થાપિત કરવા માટે કામ કર્યુ નથી.

# પ્રજામાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ કયારેય આદર્શ આચારસંહિતા જાળવી શકયા નથી

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

દેશમાં અને સંસદ કે વિધાનગૃહોમાં પ્રવર્તતી અરાજકતાના પરિણામે કયારેક મનોમન એવું લાગે છે કે આપણી લોકશાહી હજુ પણ અપરિપકવ છે. તેની પાછળનું કારણ શું ? કોઈપણ કામ વાણીથી અસરકારક રીતે થઈ શકે તે માટે આપણા ચૂંટાયેલા પ્રતિનિધિઓ ધમાલ, ઘોંઘાટ અને મારામારી સુધી પહોંચી જતા હોય છે. ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ આવું શા માટે કરતા હશે ? તેમનામાં રહેલી સભ્યતા ખરેખર મરી પરવારી ચુકી હશે ? જે લોકોએ દેશની આઝાદી અને સુખાકારી માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કર્યું હતું તેવો સિદ્ધાંત આજના પ્રતિનિધિઓ અપનાવી શકશે ખરા ? ગાંધી બાપુના સિદ્ધાંતો અને તેમના સપનાનું ભારત હવે પહેલાં જેવું રહ્યું નથી. ઉત્તમ પ્રકારનું શાસન કોને કહેવું તે પણ હવે વિચારીને બોલવા જેવું છે.

પ્રજામાંથી ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓ કયારેય આદર્શ ભાવના વ્યકત કરી શકતા નથી. માત્ર પોતાના હીતોનું રક્ષણ કેવી રીતે થાય છે તે જોવામાં અને વિચારવામાં જ પાંચ વર્ષનો મહામુલો સમય કાઢી નાખતા હોય છે. આવા પ્રજાના પ્રતિનિધિઓ પાસે આપણે બીજી કોઈ અપેક્ષા રાખી શકીએ નહીં. ચૂંટણીમાં વિજયી બન્યા પછી જે લોકોએ પોતાનો મત આપ્યો હતો તે લોકોના સંબંધો પણ ભુલી જતા હોય છે.વર્તમાન સંજોગોમાં ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાના મુળભુત પાયાઓ પર રચાયેલું બંધારણ અમુક તજજ્ઞોના મતે જિલ્લાનું શ્રેષ્ઠ બંધારણ કહી શકાય. ડૉ.બાબાસાહેબ આંબેડકરે એક વખતે કહ્યું હતું કે, ભલે બંધારણ ગમે તેવું સારૂં હોય, તેનો પ્રભાવ તો શાસકોની ચારિત્ર્ય નિષ્ઠા પર જ હોય છે. જોકે કમનસીબી એ આ બાબતે વર્તમાન સ્થિતિ બગડતી જાય છે. ખરેખર તો બંધારણનું મૂલ્યાંકન દર ૨૬ મી જાન્યુઆરીએ થવું જોઈએ. જો આવું થાય તો સરકારની આદર્શતાનું વાસ્તવિક ચિત્ર નજરે પડી શકશે. સરકારે તમામ સમસ્યાઓનું ત્વરીત અને વ્યાજબી નિરાકરણ લાવવું જોઈએ. આજની સ્થિતિ એવી છે કે લોકશાહીના મહાપર્વ સમાન ચૂંટણીમાં જીત મેળવવા માટે ધર્મ જ્ઞાતિ, ભાષા, સંપ્રદાયની વિભિન્નતાને ઉજાગર કરી તે ધોરણે મત માંગવામાં કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવારને સહેજ પણ સંકોચ હોતો નથી. આપણા મુળ બંધારણમાં ભાઈચારા અને સમાનતાની ભાવના પાયામાં છે.આજે ધર્મના ઓઠા હેઠળ દેશના ભાગલા પડયા, પરંતુ ધર્માંધતા ઘટવાના બદલે સતત વધી રહી છે. આ બાબતે દેશનેતાઓએ યોગ્ય કરવા માટે આગળ આવવું જોઈએ. આપણે આપણી ધાર્મિક ભાવનાઓને ઉજાગર કરવા માટે અને તે બાબતે જાગૃત થવા પ્રયત્નો કરીશું તો જ ધર્મના ઓઠા હેઠળ થતા ભાગલા કયારેય પડી શકશે નહીં. રાજકીય નેતાઓએ પણ આ અંગે વિચારવું જોઈએ.આજે કાયદાનું શાસન દિવસે દિવસે ઢીલું પડતું જાય છે. પોલીસ રીક્ષા ગુનેગારોને એન્કાઉન્ટરો દ્વારા પડકારશે તે બાબતે હવે પોલીસ પર દેશની જનતાને વિશ્વાસ રહ્યો નથી. કાયદાની કલમો પરથી લોકોને કયા કારણથી વિશ્વાસ ઉઠી ગયો છે. તે બાબતે હવે સરકારે જ સમીક્ષા કરવી જોઈએ. દેશમાં લોકશાહી

**લોકોએ જે અપેક્ષા રાખી હતી તે પૂર્ણ થઈ શકી નથી**

# નબળી ન સમજો મેહરને

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

દેશની રાજધાની દિલ્હીનો વસંતકુંજ વિસ્તાર ઉચ્ચકુળના ખાનદાન લોકોનો વસવાટ - વિસ્તાર માનવામાં આવે છે. જવાહરલાલ નહેરુ વિશ્વવિદ્યાલય, આઈ.આઈ.ટી. અને. સી.ઈ. આર.ટી.જેવી રાષ્ટ્રીયસ્તરની જાણીતી શૈક્ષણિક સંસ્થાઓ તેની આજુબાજુ છે. હજુ અહીં વસ્તીની ગીચતા યમુનાપારના શાહદરા, સીલમપુર કે પુરાની દિલ્હી વિસ્તારો જેટલી થઈ નથી.

આ વસંતકુંજ વવિસ્તારના ડી.બ્લોકમાં કર્નલ અમનપ્રીતસિંહ રહેતા હતા. તેમની પત્ની સેંટ લોરેટો સ્કૂલમાં શિક્ષિકા હતી અને ઘરમાં એક દીકરી અને એક દીકરો. એક આદર્શ કુટુંબ, રિટાયરમેન્ટ બાદ કર્નલ અમનપ્રીતસિંહ એચ.સી.એલ. કંપની નોયડામાં મુખ્ય સુરક્ષા અધિકારી તરીકે કામ કરતા હતા. તેમના જેવી ઉતસ્હી અને ઈમાનદાર વ્યક્તિ માટે કામની કોઈ ખોટ ન હતી. એચ.સી. એલમાં કામકાજ સંભાળતા તેમને હજુ બે મહિના જ થયા હતા તેમની પત્ની સ્કૂલે ચાલી જતી અને નોઈડા. ત્યારે ઘરમાં તેમના સાસુ સુરજીત કૌર અને નાનો દીકરો કરણવીર રહેતા દીકરી મેહર તેની મા સાથે સ્કૂલે જતી તે નવમાં ધોરણમાં ભણતી હતી.

વવસંતકુંજ વિસ્તારમાં વધુ લોકો રહેતા ન હતાં પરંતુ જે રહેતાં હતા એ મોટા ભાગના નોકરિયાત હતા આમતો કોલોનીથી પોલીસ સ્ટેશન વધુ દૂર નહોતું છતાં ત્યાંના રહેવાસીઓએ સલામતીની દષ્ટિએ કોલોનીમાં પોતાની સગવડ કરેલી હતી. કોલોનીના રક્ષણ માટે ચારે બાજુ સુરક્ષા દિવાલ અને તેના જુદાજુદા મુખ્ય દરવાજાઓ પર સુરક્ષા ગાર્ડ મૂકીને કોલોનીવાસી આરામથી રહેતા હતા. ઘરમાં કામકાજમાં જરૂર પડે તેવા ઘરકામ કરતા નોકરો, નોકરાણી બાઈઓ પણ આવવા લાગી હતી. લોકો નિશ્ચિત થઈને જીવતા હતા તેવામાં એક બનાવ બની ગયો.

૨ માર્ચ, ૨૦૦૭ ના બપોરનો સમય હતો. દિવસના લગભગ બાર સાડાબારનો સમય હતો. ખુશનુમા વાતાવરણ હતું જાગતા હતાં એ બાળકો બધા વાર્ષિક પરીક્ષાઓની તેયારીઓમાં કે પરિક્ષાઓમાં વ્યસ્ત હતા. નબળી ન સમજો મેહરને


દેશની રાજધાની દિલ્હીનો વસંતકુંજ વિસ્તાર ઉચ્ચકુળના ખાનદાન લોકોનો વસવાટ - વિસ્તાર માનવામાં આવે છે. જવાહરલાલ નહેરુ વિશ્વવિદ્યાલય, આઈ.આઈ.ટી. અને. સી.ઈ.આર. ટી.જેવી રાષ્ટ્રીયસ્તરની જાણીતી શૈક્ષણિક સંસ્થાઓ તેની આજુબાજુ છે. હજુ અહીં વસ્તીની ગીચતા યમુનાપારના શાહદરા, સીલમપુર કે પુરાની દિલ્હી વિસ્તારો જેટલી થઈ નથી.

આ વસંતકુંજ વિસ્તારના ડી.બ્લોકમાં કર્નલ અમનપ્રીતસિંહ રહેતા હતા. તેમની પત્ની સેંટ લોરેટો સ્કૂલમાં શિક્ષિકા હતી અને ઘરમાં એક દીકરી અને એક દીકરો. એક આદર્શ કુટુંબ, રિટાયરમેન્ટ બાદ કર્નલ અમનપ્રીતસિંહ એચ.સી.એલ. કંપની નોયડામાં મુખ્ય સુરક્ષા અધિકારી તરીકે કામ કરતા હતા. તેમના જેવી ઉત્સાહી અને ઈમાનદાર વ્યક્તિ માટે કામની કોઈ ખોટ ન હતી.

એચ.સી.એલમાં કામકાજ સંભાળતા તેમને હજુ બે મહિના જ થયા હતા તેમની પત્ની સ્કૂલે ચાલી જતી અને નોઈડા. ત્યારે ઘરમાં તેમના સાસુ સુરજીત કૌર અને એ નાનો દીકરો કરણવીર રહેતા દીકરી મેહર તેની મા સાથે સ્કૂલે જતી તે નવમાં ધોરણમાં ભણતી હતી.

વસંતકુંજ વિસ્તારમાં વધુ લોકો રહેતા ન હતાં પરંતુ જે રહેતાં હતા એ મોટા ભાગના નોકરિયાત હતા આમ તો કોલોનીથી પોલીસ સ્ટેશન વધુ દૂર નહોતું છતાં ત્યાંના રહેવાસીઓએ સલામતીની દષ્ટિએ કોલોનીમાં પોતાની સગવડ કરેલી હતી. કોલોનીના રક્ષણ માટે ચારે બાજુ સુરક્ષા દિવાલ અને તેના જુદાજુદા મુખ્ય દરવાજાઓ પર સુરક્ષા ગાર્ડ મૂકીને કોલોનીવાસી આરામથી રહેતા હતા. ઘરમાં કામકાજમાં જરૂર પડે તેવા ઘરકામ કરતા નોકરો, નોકરાણી બાઈઓ પણ આવવા લાગી હતી. લોકો નિશ્ચિત થઈને જીવતા હતા તેવામાં એક બનાવ બની ગયો.


૨ માર્ચ, ૨૦૦૭ નો બપોરનો સમય હતો. દિવસના લગભગ બાર સાડાબારનો સમય હતો. ખુશનુમા વાતાવરણ હતું જાગતા હતાં એ બાળકો બધા વાર્ષિક પરીક્ષાઓની તેયારીઓમાં કે પરિક્ષાઓમાં વ્યસ્ત હતા.પ્રાઈવેટ સ્કૂલ અને સરકારી સ્કૂલ બધે ભણતાં બાળકો પરીક્ષા આપ્યા પછી જલદી જલદી ઘર તરફ પાછા ફરી રહ્યા હતા મેહર પણ તેમાં એક હતી.તેની ઉંમર હજુ ચૌદ વર્ષ બે માસ જેટલી થઈ હતી. અને તે અત્યારે નવમાં ધોરણમાં ભણતી હતી તેનું આજનું પેપર

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ધાનેરા...

**પાના નં .૧ ચાલુ**

જાહેર કરવામાં આવતાં ૪૬૪ કરોડના ખર્ચે નેશનલ હાઈવેનું પણ ખાતમુહૂર્ત થશે. આ રસ્તાની પહોળાઈ ૭ મીટર છે જેને નવીનીકરણમાં ૭ માંથી ૧૦ મીટર કરવામાં આવશે.

વધુમાં વસંતભાઈ પુરોહિતે જણાવેલ કે, નર્મદા કેનાલના બ્રીજની ગોળાઈના સુધારણા અને વડગામડા સરાલ ગામે પુલોના કામ સાથે ૧૪૯ નાનામોટા નાળા, બસસ્ટેશન, ટ્રક વે બાય, ભારત સરકારના સ્વચ્છતા અભિયાન અંતર્ગત, પે.એન્ડ યુઝની વ્યવસ્થા, સાઈડમાં કાચી ગટર લાઈન રોડ ફર્નીચર, ગામના ચાર રસ્તા સુધારવા તેમજ ગોળાઈ સીધી કરવી અને ઢોળવોનું કટીંગ પુરાણ કરી સપાટ રસ્તો બનાવવાની કામગીરી કરવામા આવશે. જ્યારે જગદીશભાઈ સોલંકી, (નાયબ ઈજનેર નેશનલ હાઈવે ઓથોરીટી) એ જણાવેલ કે આ કામગીરી એકથી દોઢ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે. અને સરકાર દ્વારા ઝડપથી જરૂરી જગ્યાએ કામચલાઉ ડાયવર્ઝન અને ધોવાણ થયેલ રસ્તાની મરામત તેમજ પાણીનો નિકાલ અને રેતી ના હટાવવાની કામગીરી પૂર્ણ કરી રસ્તો ટ્રીફીકેબલ કર્યો હતો.

## ત્રિપદા તેમજ...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

તેમ છતાં રાજયના શિક્ષણમંત્રી તો ઠીક જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પણ કોઈ સંચાલકો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. સરકારની આ ઢીલી નીતિઓના પરિણામે સંચાલકોએ ફરીવાર શિક્ષણમંત્રીની ઉપરવટ જઈ રહ્યા હોવાની વાત પુરવાર થઈ ગઈ છે. રાજયના શિક્ષણ મંત્રી અને ભાજપના સિનિયર આગેવાન એવા ભુપેન્દ્રસિંહ ચુડાસમા જયારથી ગુજરાત વિધાનસભામાં શાળાઓના ફી નિયમન અંગેનો કાયદો પસાર કર્યો છે ત્યારથી માત્ર વારંવાર નિવેદનો કરીને વાલીઓને ન્યાય અપાવીશુંની ઠાલી વાતો કરતા જોવા મળે છે. તેઓ ઘણીવાર કહી ચૂક્યા છે કે, વાલીઓને નુકસાન નહી જાય, પરંતુ આજદિન સુધી એક પણ વાલીને સરકાર દ્વારા ન્યાય આપવામાં આવ્યો નથી. ઉપરોકત બંને શાળાઓમાં શાળા સંચાલકોની દાદાગીરી અને માંગ્યા મુજબની ફી ફરવા કરાયેલા દબાણ બાદ વાલીઓએ હોબાળો મચાવ્યો હતો પરંતુ સરકારી તંત્ર તરફથી કોઈ જ મદદ નહી મળતાં આખરે કેટલાક વાલીઓ તોતીંગ ફી ભરવા મજબૂર બન્યા હતા.

## લાલ કિલ્લાની...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

ત્યારબાદ તેમને પાંચ વર્ષ માટે લાલ કિલ્લાની જવાબદારી સોંપી દેવામાં આવશે. કંપનીની યોજના ૧૫મી ઓગસ્ટના દિવસે વડાપ્રધાનના સંબોધન પહેલા લાલ કિલ્લાની અંદર રાત્રિ ગાળામાં રોશનીની ખૂબસુરત વ્યવસ્થા કરવાનો રહ્યો છે. સાથે સાથે કંપની એમ પણ માને છે કે લાલ કિલ્લાની જાળવણી માટેનો કોન્ટ્રાક્ટ મળ્યા બાદ તેમની પ્રતિષ્ઠામાં વધારો થશે.

## ઠગ મહિલા...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ ઠગ મહિલા શારદાબહેનના હાથમાંથી બાળક લઈને લાવો તેનું વજન કરાવીને આવું છું એમ કહી બાળક લઈ ગઈ હતી. ઘણા લાંબા સમય સુધી રાહ જોવા છતાં સવિતાબહેન નામની મહિલા પરત નહી આવતાં ગરીબ માતા-પિતાએ પોતાના બાળકની સિવિલ હોસ્પિટલમાં ખૂણેખૂણે તપાસ કરી હતી. પરંતુ બાળકની કોઈ ભાળ નહી મળતાં આખરે તેમણે શાહીબાગ પોલીસમથકનો સંપર્ક કર્યો હતો. પોલીસને ઘટનાની ગંભીરતા અને સંવેદનશીલતા સમજાતાં પોલીસે તાત્કાલિક સઘન તપાસ આરંભી હતી. પોલીસે સિવિલ હોસ્પિટલના સીસીટીવી ફુટેજ ચેક કરતાં ઠગ મહિલા બાળકને લઈને જતી કેદ થયેલી જણાઈ હતી, જેથી સીસીટીવી ફુટેજના આધારે પોલીસે આરોપી મહિલાને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## અધ્યાપકોને ગેરકાયદે...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અધ્યાપકો સાથે ચર્ચા કરી રહ્યા છે. શિક્ષણના ક્ષેત્રમાં ગુ-જરાત સરકાર દ્વારા પુરતા પગલાં લેવામાં આવી રહ્યા નથી. પરેશ ધાનાણીએ આ મામલામાં ભાજપ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. ભાજપ સરકારની માનસિકતા છે કે કોઈપણ વ્યક્તિને બોલવાનો અધિકાર નથી. સેન્ટ્રલ યુનિવર્સિટીના અધ્યાપકોને અપાયેલી ગેરકાયદે નોટીસ તાત્કાલીક રદ કરવા કોંગ્રેસે માંગ કરી છે.

## ગરમીનો પ્રકોપ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવાની જરૂરિયાત દેખાઈ રહી છે. ગરમીના પ્રમાણમાં હાલમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં લોકોને વધુ ગરમીનો અનુભવનો સામનો કરવો પડી શકે છે. હાલમાં વધતા તાપમાની વચ્ચે પાણીથી ફેલાતી બિમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદ સહિત રાજયમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે.

## કેન્દ્રીય મંત્રી ...

**પાના નં .૮ ચાલુ**

જેમાં લોકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. બેઠકમાં નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંભણીયાએ જિલ્લાના આયોજનની વિગતો આપી હતી. બેઠકમાં ઈ.ચા. જિલ્લા. વિકાસ અધિકારી એ.બી. પાંડોર, કાર્યપાલક ઈજનેર (સિંચાઈ) આર.એન. નિનામા સહિત જિલ્લાના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાવ- સુઈગામ...

**પાના નં .૮ ચાલુ**

યુવાનોને પોલીસ બેન્ડ, ડેરીમાં નોકરી અપાવી સરહદી સીમાડે આવેલા સુઈગામ પંથકને તાલુકાનો દરજ્જો અપાવી નવી કોર્ટ પ્રાંત કચેરી, તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી જેવી તમામ કચેરીઓ કાર્યરત કરવામાં આવી છે. સુઈગામને સી.એચ.સી. કેન્દ્રનો દરજ્જો અપાવ્યો, દર વર્ષે આ પંથકમાં મફત ફી મેડીકલ સારવાર કેમ્પનું આયોજન ગરીબ દર્દીઓને નિઃશુલ્ક સારવાર અપાઈ છે. ૨૦૧૫-૨૦૧૭ ના પૂરપ્રકરણમાં શંકરભાઈ ચૌધરીએ વાવ સુઈગામ પંથક ઉપરાંત સમગ્ર બ.કાં. જિલ્લાના મશીહા પૂરવાર થયા છે. હાલમાં તેઓ ૨૦૧૮ ની વિધાનસભાની ચૂંટણીમાં સામાન્ય મતોથી પરાજીત થવા છતાં પણ સરહદી પંથકની હરહંમેશા ચિંતા કરી રહ્યા છે. ઢીમાના વિકાસ માટે ૫ કરોડ ફાળવી વિકાસના કામોના શ્રી ગણેશ કરાવ્યા છે. આમ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધી વાવ સુઈગામ પંથકના વિકાસ માટે પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરીએ મહત્વનું યોગદાન પૂરું પાડ્યું છે. તેની સુવાસ સમગ્ર સરહદી પંથકમાં દેખાઈ રહી છે

## આશ્ચર્ય : યાત્રાધામ ...

**પાના નં .૮ ચાલુ**

જ્યારે પવિત્ર યાત્રાધામમમાં આવતાં દર્શનાર્થીઓ કુદરતી અને મનમોહક વાતાવરણ જોઈ ખુશી અનુભવી રહ્યાં છે અને શ્રી ધરણીધર ભગવાનને ઐતિહાસિક મહત્વ ધરાવતાં પવિત્ર માંદેળા તળાવમાં આવું કુદરતી સૌંદર્ય કાયમી બની રહે તેવી પ્રાર્થના કરી રહ્યાં છે.અત્રે ઉલ્લેખનીય છે કે પવિત્ર યાત્રાધામ ઢીમામાં ઐતિહાસિક મહત્વ ધરાવતાં માંદેળા તળાવમાં કમળ ઉગ્યા છે અને ભગવાનનાં ઈતિહાસની સાક્ષી બન્યું છે.

## બનાસકાંઠામાં...

**પાના નં .૮ ચાલુ**

૧૫ રૂપિયા સુધી વેચાઈ રહી છે. પણ ઉત્પાદન ઓછુ હોવાથી ખેડુતોને નુકશાન થઈ રહ્યું છે. દર વર્ષ કરતાં આ વર્ષે શક્કરટેટીના વાવેતરમાં પણ વધારો થયો છે. બનાસકાંઠા જિલ્લામાં પાકતી શક્કરટેટી અને તડબુચની માંગ અન્ય રાજ્યોમાં પણ થઈ રહી છે. પણ આ વર્ષે વાતાવરણની અસર પાક પર થઈ છે. જિલ્લા બાગાયત વિભાગમાંથી શક્કરટેટી અને તડબુચના વાવેતરની વિગતો મળતા જિલ્લામાં તડબુચનું ૮૧૬ હેક્ટરમાં જ્યારે શક્કરટેટીનું ૭૧૮ હેક્ટર જમીનમાં વાવેતર થવા પામ્યું છે.

## ૧૦ હજાર તળાવો,...

**પાના નં .૮ ચાલુ**

આવનારી પેઢીઓ પણ આપણા જેવું સરસ જીવન જીવી શકે તે માટે પાણીના મહત્વને સમજવું જરૂરી છે. મંત્રીએ કહ્યું કે નર્મદા, સુજલામ-સુફલામ અને ભૂગર્ભ જળ રિચાર્જના લીધે રાજયમાં ૬૩ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈ માટે પાણી મળે છે. તેમણે કહ્યું કે ભૂતકાળમાં આપણા વડવાઓ માણસોને પીવાના પાણી માટે પરબો અને પશુઓને પીવાના પાણી માટે હવાડા બંધાવતા હતા. આજે તળાવો, ચેકડેમો બાંધવાથી આવનારી પેઢીઓને ફાયદો થશે તેમ તેમણે જણાવ્યું હતું. મંત્રીએ કહ્યું કે સ્વૈચ્છીક સંસ્થાઓના સહયોગથી રાજયમાં ૧૦ હજાર જેટલાં તળાવો, ચેકડેમોના કામો કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે ખેડુતો, પશુઓ, પક્ષીઓ સહિત સમગ્ર જીવસૃષ્ટિકના કલ્યાણ માટે જળસંચયનું કામ આશીર્વાદરૂપ પુરવાર થશે.

બનાસકાંઠા જિલ્લામાં ૧૯૩ તળાવો ઉંડા કરવા, ૮૫ ચેકડમ ડીસિલ્ટીચગ કરવા તથા દાંતીવાડા, સિપુ અને મુક્તેશ્વર ડેમમાંથી પુરાણ થયેલ માટી બહાર કાઢી ડીસિલ્ટી ગનાં કામ કરવામાં આવશે. ધાનેરા રેલ રિવરનું ડીસિલ્ટી ગનું કામ ૨૦૦ મીટર લંબાઈમાં કરવામાં આવશે. સિંચાઈ વિભાગ પંચાયત દ્વારા ૪૪ તળાવોના કામ કરવામાં આવશે. સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા બ્રાન્ચર, ડિસ્ટ્રી બ્યુકટર અને માઈનોર કેનાલોમાં સફાઈની કામગીરી કરવામાં આવશે. દાંતા તાલુકામાં આવેલ ધામણી નદીને જીવંત કરવાનો પ્રોજેકટ બનાવવામાં આવ્યોગ છે.

બનાસકાંઠા જીલ્લા માં આવેલ નગરપાલિકા વિસ્તોરોમાં પણ જળસંચયના કામો હાથ ધરવામાં આવશે. માર્ગ અને મકાન વિભાગ (રાજય) દ્વારા રેઈન વોટર હાર્વેસ્ટી ગ સિસ્ટરમ અન્વસયે વિભાગ હેઠળના પીઆરબી પરના કુલ ૮૫ મકાનોના ટેરેસના કુલ એરીયા ૧,૧૯,૮૩૧.૬૮ ચો.મી. ઉપર વોટર હાર્વેસ્ટી ગ સિસ્ટમમ અન્વમયે જળસંચય માટે કામગીરી કરવામાં આવશે. વનવિભાગ દ્વારા ૧૪ તળાવ અને ૧૩ ચેકડેમો ડિસિલ્ટીગ કરવામાં આવશે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૨૦૦**
રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૨૦૦
સોનુ તોલો ૩૨૦૦૦-૩૨૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૦૦**
પામોલીન ૧૧૮૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૫૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૬૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૬૩-૪૬૫**
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૩૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૩૪૫
૨ લી. ૧૬૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૨૯૫૦-૩૧૦૦**
**ખાંડ એમ. ૩૦૦૦-૩૧૦૦**
ખાંડએલ. ૩૧૦૦-૩૧૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૬૦૦
લીંબુ ૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૧૦૦૦-૧૧૫૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૮૦-૧૨૦
**ભીંડા ૫૦૦-૬૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૧૧૦૦-૧૯૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૫૦૦-૭૦૦
બાદશાહ બટાકા ૩૦૦-૩૨૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૮૦૦-૧૨૦૦

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ........................................

## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

સુદ્રઢ કરવા કાયદા અને નિયમોનુ પાલન થવું જરૂરી છે. વર્તમાન સંજોગોમાં કાયદાની કલમોનું જ્યાં ત્યાં ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ સરકાર વિકાસ અને કલ્યાણકારી યોજનાને પરિપૂર્ણ કરી શકી નથી. યોજનાઓ માટે જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે ગ્રાન્ટની પુરેપુરી રકમ વપરાતી નથી. જેથી લાભાર્થીઓને પુરેપુરો લાભ મળતો નથી. છેલ્લા પચીસ વર્ષમાં ઉદારીકરણ બાદ દેશનો આર્થિક વિકાસ નોંધપાત્ર થયો છે. સૌ કોઈને ઓછે વત્તે થોડો ઘણો ફાયદો થયો છે તેનો ઈન્કાર કરી શકાય તેમ નથી.

વર્તમાન સંજોગોમાં આર્થિક પ્રશ્નોની સમીક્ષા થવી જોઈએ અને ગરીબ લાભાર્થીઓએ આર્થિક રીતે લાભ થાય તે બાબતે રાજય સરકારોએ તત્પર રહેવું જોઈએ. સરકારે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે વધુમાં વધુ ગ્રાન્ટ ફાળવવી જોઈએ આનાથી દેશજનોના મોટા ભાગના પ્રશ્નો નિવારી શકાશે.

જોકે નવી આર્થિક નીતિથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઘણી બધી યોજનાઓથી વાકેફ કરી શકાશે. વિદેશ નીતિમાં ઓછું ધ્યાન આપીને સરકારે દેશની અંદરના પ્રશ્નો સંદર્ભે વિચારવું જોઈએ.

## કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

પણ વાત અમદાવાદને વિશ્વ ધરોહરમાં સ્થાન મળ્યું. સાચું ખોટું રામ જાણે પણ ફટાકડા ફોડતા.. ગુલાલની છોળો ઉડાડતાં મેં જોયા.. અરે મીઠાઈ ખાતા.. ડીજેના તાલ નાચતાં જોયું.

ઉત્સવ ઘેલા લોકો છે એ નક્કી એક જગ્યાએ નાચા નાચ મંડી હતી. મને થયું ગુજરાતમાં ગુજરાતણો એ જેમ નામ કાઢયું છે એમ આ..ત્યાં તો એક જણાએ કહ્યું અંકલ જોઈ શું રહા છો જોડાઈ જાવ.. પણ જ્યાં હું સગાં છોકરાના સાળીના લગ્ન પ્રસંગે નાચ્યો નથી ત્યાં અમદાવાદના હેરીટેઝ પ્રસંગે નાચવાનો હતો. રામ રામ કરો ભાઈ.. ત્યાં તો એક જણાએ મને રીતસરનો ખેંચીને કહ્યું, યુવાનો તો સદાય નાચતા હોય છે પણ કાકાઓ નાચતા નથી. ચાલો નાચો.. અને અમદાવાદના પ્રસંગે એક હાથ આમ કર્યો.. પગ આમ કર્યો અને થોડુંક નાચી લીધું. અમદાવાદ તારા નામ પર પણ.. પણ.. અમદાવાદના નામ પર ખુશ થઈને નચાય એવું નથી. એ નક્કી ઠીક છે વર્લ્ડ ધરોહરમાં એનું નામ કંઈક આવ્યું હોય પણ અમદાવાદનું નામ.. શામાં શામાં આવે એ આ ઉત્સવ પ્રીયા પ્રજા તો જાણે છે. કદાચ નેતાઓ નહીં જાણતા હોય કે શું એ પ્રશ્ન છે ?

ગંદકીમાં નંબર વન છે દર પંદર કે વીસ ડગ કાપો તો નાનો ઉકરડો હોય જ.. અને ખાડાઓની તો વાત જ શું કરવી ? એમાં કંઈ કેટલાયના અંગ ભંગ થતાં હશે વાહન પણ તુટતાં હશે અને કુતરાંનો ફુલટાઈમ ત્રાસ. અરે.. અરે જેના માથે ટ્રાફિકની જવાબદારી છે એવા ખાં સાહેબો.. મેમા માસ્તરો ખરે ટાણે જ ખોવાઈ જાય છે. આ બધીય વિગતોનો કાચો પાકો ચિક્કો મોકલો પછી વર્લ્ડ હેરીટેઝમાં સ્થાનનો આનંદ લો.વિશ્વના અન્ય શિસ્તબદ્ધ શહેર જુવો ત્યાંની વ્યવસ્થા જુઓ. ઉત્સવ પ્રિય પ્રજા તો ભલે પછી શીખે પણ જે ટોચ પર બેઠા છે એમને ખાસ શીખવા જેવું છે. વિદેશી યાત્રીઓ આવે છે ત્યારે લીલા પડદા શું કામ ભરવા-લગાવવામાં આવે છે ? પહેલાં બરાબરની સફાઈનો મર્મ શીખો, ઉત્સવ પ્રીયો.. પછી જ ખોટા ખેલ તમાશા કરો.. ઘરમાં કુલ્લે તેલ નથી અને તાજમહાલ બનાવવો છે .. હેં મારા દેશના બુડથલો..

સબકો સંમતિ દે.. ભગવાન...

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## એનું નામ છે જીવન

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

ઘણું સારું ગયું હતું. તેથી એ બહુ જ ખુશ હતી. અને જલદીમાં જલદી ઘેર પહોચવા માંગતી હતી.

સ્કૂલની બસ પુરપાટ ઘરની તરફ દોડી રહી હતી. અને તેનાથી પણ વધુ ઝડપે મેહરના મનના વિચારો દોડતા હતા.. ઘેર તેનો નાનો ભાઈ કરણવીર અને નાની સુરજીત કૌર હતાં તે ઉપરાંત ઘરમાં એક નોકર પણ હતો. તેનું નામ તો મિથલેશ હતું. પણ બધા તેને છોટું કહીને જ બોલવતાં તે ઘણા સમયથી ઘરનું કામ કરતો હતો. મેહરના પપ્પાએ ઘરકામ માટે તેને રાખ્યો હતો. દીકરો કરણવીર નાનો હતો દીકરી ભણતી હતી. તેથી તેમને ઘરકામમાં સુવિધા રહે તે માટે આવા એક છોકરાની જરૂર હતી. કોઈ ઓળખીતાએ સૂચવતાં તેમણે દયા ખાઈને પોતાને ત્યાં રાખી લીધો એ તેનું ઘણું ધ્યાન રાખતા. અને કોઈ વાતે મુશ્કેલી પડવા દેતા ન હતા.

બસમાંથી ઊતરીને મેહર કોલોનીમાં પ્રવેશી તેની સાથે તેની સ્કૂલના બીજા બાળકો પણ હતા તેમની સાથે હલ્લો, હાય, બાય બાય કર્યા બાદ પોતાના ઘર તરફ આવી. કોલોનીના દરવાજે ચુસ્ત - દુરસ્ત ગાર્ડે હસીને બાળકોનું સ્વાગત કર્યું. ઘરથી દૂર પરદેશમાં નોકરી કરતા તેને આ હસતા ફૂલ જેવા બાળકોમાં પોતાના બાળકોની છબી દેખાતી.

મેહર આગળ વધી એટલે ફ્લેટમાં બાજુમાં રહેતી ગુડ્ડી આંટીએ હસીને પૂછ્યુ. બેટા આવી ગઈ. હા આંટી કહેતી મેહરે આગળ વધી પોતાના ફ્લેટનું બારણું ખખડાવ્યું. અંદરથી કોઈ અવાજ ન આવ્યો. એટલે મેહરે વિચાર્યું કે તેનો ભાઈ કરણ કદાચ ટી.વી. જોતો હશે. બચ્ચુને હમણાં ખબર પાડું. ભણવા - ગણવાનું નામ નહી ને આખો દિવસ ટી.વી. નાનીમાં પણ તેની સાથે બેસી જાય છે. મેહરે બીજી વાર ડોરબેલ વગાડ્યો. પણ અંદરથી આ વખતે પણ અવાજ નહી આવતા મેહરે ખિજાઈને ફરી એક વાર ડોરબેલ વગાડી. તે વિચારતી હતી કે કદાચ કરણ અને નાનીમાં અંદરના ઓરડામાં ટી.વી. જોતાં હોય તો છોટું ક્યાં ગયો ? તેણે વિચાર્યું કે કદાચ નાનીએ તેને કંઈ કામ માટે મોકલ્યો હશે. એવો વિચાર કરતાં તેણે ફરી અનેક વાર ડોરબેલ વગાડવા જતી હતી ત્યાં ફાટક દઈને બારણું ખૂલ્યું.

તેણે જોયું કે બારણું છોટુંએ ખોલ્યું હતું. તેના ચહેરાનો રંગ ઊડી ગયેલો હતો પરંતુ થાકેલી મેહરે તેના તરફ ધ્યાન ન આપ્યું. તે સીધી પોતાના રૂમમાં ગઈ. બેગને ઠેકાણે મૂકતાં તેનું ધ્યાન અંદરના ઓરડા તરફ ગયું. તો તેમાં કોઈ અવાજ સંભળાતો નહોતો. પપ્પા - મમ્મી ઘેર ન હોવાથી તેને કરણ સાથે વાતો કરવાનું મન થયું. તેણે બુટ - મોજાં ઉતારતા છોટુંને પૂછ્યુ. 'ભઈલો અને નાનીમાં ક્યાં છે?

ગુરુદ્વારે ગયા છે છોટુંએ નીચું જોઈને ટૂંકો જવાબ આપ્યો. મેહરને ખબર હતી કે નાનીમાં ઘણી વખત કરણને લઈને ગુરુદ્વારા જાય છે. તેથી વિચાર્યું કે આજે પણ ગયા હશે. તેણે છોટુંને એ પણ પૂછી લીધું કે કેટલીવાર પહેલા ગયા છે? ત્યારે છોટુંએ કહેલું ઘણીવાર થઈ છે આવતાં જ હશે' મેહરે વિચાર્યું કે ભાઈ અને નાનીમા આવે પછી જ ખાવાનું ખાઈશ. તેથી મન મારીને એ ટીવીનું રિમોટ પકડી બેસી ગઈ.આમ તેમ ચેનલો ઘુમાવવા છતાં તેનું મન લાગતું ન હતું ઘરમાં ચારે તરફ નીરવ સ્તબ્ધતા છવાયેલી હતી. આ પહેલા તેને પોતાનું ઘર આટલું પરાયા જેવું લાગ્યું ન હતું. છોટુંને રહેવાની જગ્યા અલગ હતી જ્યારે તેને કોઈ કામ માટે બોલાવાય ત્યારે જ એ ઘરમાં આવતો પણ આજે મેહરે જોયું કે તેના રૂમ તરફ કંઈક વધુ આંટા મારી રહ્યો છે.

જ્યારે નાનીમા અને કરણને આવતા વાર થઈ તો મેહરે છોટું ને બોલાવ્યો. તે એકદમ સામે આવી ગયો. મેહરે પૂછ્યું, નાનીમા અને કરણ હજુ નથી આવ્યા તો હું શું કરું ? છોટુંએ રૂખો જવાબ આપ્યો. મેહરે આશ્ચર્યથી તેના ચહેરા તરફ જોઈને પૂછ્યું છોટું તું આ કેવી વાત કરે છે. આવી રીતે બોલવાનું ? હું તો આ રીતે જ બોલીશ તારે શું છે છોટુંએ તેની સામે આંખ મેળવી કહ્યું. છોટુના ચહેરામાં આવેલ આ ન ધારેલો ફેરફાર જોઈને એકવાર તો મેહર ડરી ગઈ. પણ તેણે અક્કડ થઈને કહ્યું હું પૂછું છું કે નાની અને ભાઈ ક્યાં છે ? બોલ જવાબ આપ?

મેં મારી નાંખ્યાં અને હવે તારો વારો છે. એમ કહેતા છોટુંએ મેહરને જોરથી ધક્કો માર્યો.

મેહર આ સાંભળીને અને અચાનક હૂમલો થતાં ચકિત રહી ગઈ. તેણે પોતાની જાતને સંભાળી અને બચાવ માટે ડોક પાછળ ફેરવી. છોટુ પૂરી તાકાત લગાવીને તેને પોતાના કાબૂમાં કરવાની કોશિશ કરતો હતો. મેહર પોતાના બચાવમાં હાથ-પગ પછાડતી હતી. ફોજી અધિકારીની દીકરી હોવાથી બહાદુરી તેના લોહીમાં જ હતી. જેથી તે એટલી જલદી હાર માનવા તૈયાર ન હતી. અચાનક જ રાક મોકો મળતા જ મેહરે લાત મારી છોટુને પોતાનાથી દૂર હટાવ્યો.

દૂર હટતા જ છોટુએ આમતેમ નજર દોડવી અને ત્યાં નજીકમાં પડેલ એક વીજળીનો તાર હાથમાં લઈ લીધો. તે સાથે એ બબડતો હતો. મને એમ હતું કે મોડી આવશે. હવે આવી જ ગઈ છે તો મર તારા ભાઈ અને નાનીની જેમ એમ કહેતા કહેતા છોટુએ તારનો ગાળિયો બનાવી મેહરના ગળાની તરફ ફેંક્યો, મેહરે પોતાના બચાવમાં માથું ખસેડી લીધું પણ તેનો હાથ ગળિયામાં આવી ગયો. છોટુએ તેને આગળ તરફ ખેંચ્યો.મેહર હતી એ તમામ તાકાત લગાવતાં છોટુની છાતીમાં પોતાનું માથું માર્યું. છોટું લથડયો પણ તે સાથે મેહર પણ પોતાનું સમતોલન જાળવી ન શકી અને તે પડી. છોટું ઝપટ મારી ઊભો થતાં બોલ્યો હવે હું તને નહી છોડું એમ કહી તેણે તારનો ગાળિયો મેહરના ગળામાં નાખી દીધો. ગળા પર ગાળિયાનું ખેંચાણ વધતા મેહરને લાગ્યું કે જો આ વખતે નહી બચું તો મોત નક્કી છે.

એવું વિચારીને છેલ્લો પ્રયત્ન કરતા મેહરે દબાયેલી હાલતમાં પણ છોટુને બચકું ભર્યું ખૂબ જોરથી વલખતાં છોટુ પાછો પડતાં મેહરને મોકો મળી ગયો. તે જાતને છોડાવીને એકદમ બહાર ભાગી.

બારણાની બહાર જતાં જોઈને છોટુ પણ તેની પાછળ દોડ્યો. પણ બહાર નીકળતા જ એ અટકી ગયો. કેમ કે ફ્લટમાંથી નીકળતાં જ નીચે પ્રેસવાળી આંટી રાણી ત્યાં હતી. મેહરને આ રીતે બેબાકળી બહાર ભાગીને આવતા જોઈ એ તેની પાસે આવી ગઈ. પાછળ પાછળ છોટુ પણ ભાગતો ઘરની બહાર નીકળ્યો. એ તેમને ભેગાં થયેલાં જોઈ ર્કાલોનીના દરવાજા તરફ ભાગ્યો. તે દરમિયાન અવાજ સાંભળીને બીજા પાડોશીઓ પણ બહાર નીકળી આવ્યાં. છોટુને આ રીતે ભાગતો જોઈને જાણી ગયા કે જરૂર કંકઈક ગરબડ છે. તે બધાં જોરથી 'પકડો..પકડો..' કહેતાં બૂમો પાડતા છોટુની પાછળ દોડ્યા.

દૂરથી આવતા અવાજો સાભળી અને આ બધો બનાવ જોઈને દરવાજે ઉભેલા સિક્યુરીટી ગાર્ડે દરવાજો ફટાક દઈને બંધ કરી દીધો અને તે છોટુની આવી સામે ઉભો રહી ગયો. તે દરમિયાન લોકોએ છોટુને પકડી પાડ્યો. મેહરે આખી વાત કરતાં લોકોએ તરત ફોન કરીને પોલીસને બોલાવી લીધી. મેહરેના પપ્પા-મમ્મીને પણ ખબર આપી.

પોલીસની આગળ છોટુએ પોતાની આખી કરતૂત કહી. પોલીસે છોટુને સાથે લઈ જઈને ઘરની અંદર ટ્રકમાં મેહરની નાની અને ભાઈ કરણના મૃતદેહો કબજે લીધા. તે સાથે કીમતી ચીજવસ્તુઓ અને દાગીના,પૈસાથી ભરેલ બેગ કબજે કરી. જેને લઈને તે ભાગી જવા માંગતો હતો, પરંતુ તે દિવસે પરીક્ષાને કારણે મેહર સ્કૂલેથી વહેલી ઘરે આવી ગઈ. જેથી તે બેગ લઈને જઈ ન શક્યો. પરંતુ મેહરે વારંવાર પૂછવા છતાં તેને નાની અમથી છોકરી સમજીને તેણે હુમલો કરી દીધો. બે ખૂન તો તે આ પહેલાં કરી જ ચૂક્યો હતો. તેનો પર ખુન્નસ સવાર થયેલું હતું. પણ આ તેની ભૂલ સાબિત થઈ. મેહરે તેનો બરાબર સામનો કર્યો. અને પોતાનો જીવ તો બચાવ્યો પણ સાથોસાથ પોલીસના હાથે પકડાવવામાં પણ મદદ કરી. જ્યારે આ વાતની ખબર લોકોને પડી ત્યારે મેહરની બહાદુરીની ચર્ચા સામે આવી. જે સાહસ અને હિંમતથી તેણે હત્યારાનો મુકાબલો કરેલો તેનાં સસૌએ ખૂબ વખાણ કર્યા. તેની આ બહાદુરીની આખી વાત અખબારો અને અન્ય માધ્યમો દ્વારા વહેતી થતાં ભારતીય બાળકલ્યાણ પરીષદ દિલ્હીને જાણ થતાં ઉચ્ચસ્તરીય કમિટી દ્વાર તેનું નામ'રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર' માટે પસંદ કરવામાં આવ્યું.

પોતાના કામ પ્રત્યેની લગની અને સમર્પણ એ મેહરના વ્યક્તિત્વના વિશિષ્ટ ગુણો છે. દિલ્હીમાં જ્યારે રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર મેળવનાર બાળકોનો પરિચય કરાવવા માટે પ્રેસ કોન્ફરન્સ થઈ તે દિવસે મેહરને સ્કૂલની પરીક્ષા હતી.પરંતુ બિલકુલ ખરા મૌકે પરિચય શરૂ થયો ત્યારે જ મેહર પરિક્ષા આપીને પાછી ફરી. મેહર ખૂબ જ શિસ્તની ભાવના વાળી છે. તેને પોતાના ભાઈ અને નાની ખૂબ જ યાદ આવે છે.

**નટવર હેડાઉ**

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

# શંખેશ્વરમાં મોંઘવારીના મુદ્દે મામલતદારને આવેદનપત્ર

પાટણ

પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકા મથક ખાતે તાલુકા કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ દ્વારા શંખેશ્વર મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ખેડુતોના પડતર પ્રશ્નો, પેટ્રોલ, ડિઝલ, શિક્ષણ ફી ના ભાવ વધારાની બાબતે આવેદનપત્રમાં જણાવવામાં આવી હતી. શંખેશ્વર કોંગ્રેસ સમિતિના તાલુકા પ્રભારી રમેશજી ઠાકોર, પ્રમુખ પ્રહલાદજી ઠાકોર, પ્રદેશ ડેલિગેટ બલભદ્રસિંહ જાડેજા, પાટણ જિલ્લા મંત્રી કાંતિજી ઠાકોર, ઠાકોર સેનાના હેમુજી ઠાકોર, તથા મહિલા પ્રમુખ કૈલાસબેન ઠાકોર આવેદનપત્ર આપવામાં જોડાયા હતા.

# સ્વાગત ફરિયાદની અદાવતમાં આધેડને છરી મારતા ફરિયાદ

પાટણ

સરસ્વતી તાલુકાના અજીમાણા ગામે રહેતા ગેમરભાઈ જેસંગભાઈએ કલેક્ટર કચેરીમાં ગામના જ રબારી વિક્રમભાઈ કાનજીભાઈ સામે કોઈ બાબતે જિલ્લા કલેક્ટર કચેરીમાં સ્વાગત ફરિયાદ કરેલ હોઈ જે બાબતની અદાવત રાખી વિક્રમભાઈ રબારી, કાનજીભાઈ રબારી, ગેવરભાઈ સરતાનભાઈ રબારી તથા રબારી શંભુભાઈ સરતાનભાઈએ ગેમરભાઈ રબારીને કહેલ કે સ્વાગત ફરિયાદપાછી ખેંચી લો નહિં તો તમને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી ઉશ્કેરાઈ જઈને ગાળો બોલતા હતા ત્યારે ગાળો બોલવાની ના પાડતા ચારેય ઈસમોએ ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે વિક્રમભાઈ રબારીએ તેમની પાસેની છરી કાઢી ગેવરભાઈના પિતાને ડાબી સાઈડે મારી ઈજાઓ પહોંચાડતા આ અંગે ગેમરભાઈએ ચાર વ્યક્તિઓ સામે પાટણ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાધનપુર માર્કેટયાર્ડના ચેરમેનપદે સતત ૧૪ મી વખત બિનહરીફ ચૂંટાયા

**અમથાભાઈ ચૌધરી ૧૯૯૦થી ચેરમેનપદે સેવા આપે છે**


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર માર્કેટયાર્ડના ચેરમેનપદની ચૂંટણી શનિવારે જિલ્લા રજિસ્ટ્રાર ચૂંટણી અધિકારી સુનિલભાઈ ચૌધરીની દેખરેખ હેઠળ યોજવામાં આવી હતી,જેમાં માર્કેટયાર્ડના ચેરમેનપદે અમથાભાઈ ચૌધરી સતત ૧૪ મી વખત બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.અમથાભાઈ ચૌધરી ૧૯૯૦ થી માર્કેટયાર્ડના ચેરમેન તરીકે સેવા આપે છે,ખેડૂતો અને માર્કેટયાર્ડના વેપારીઓના હિતમાં હંમેશા પ્રયત્નશીલ રહેતા હોવાથી તેમની સામે કોઈ ઉમેદવારી નોંધાવતું નથી. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી,તાલુકા ભાજપ પ્રમુખ ભોજાભાઈ આહીર,માર્કેટયાર્ડના સદસ્યો બાબુભાઈ ચૌધરી,પેથાભાઈ રબારી,ભાવાજી ઠાકોર સહીત સદસ્યો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.ચૂંટણીના પરિણામ બાદ અગ્રણીઓ અને કાર્યકરોએ એકબીજાના મોં મીઠા કરાવ્યા હતા.

# ચાણસ્માની પ્રાથમિક શાળા નં.૨ માંથી રૂા.૧૦ હજારના મુદામાલની ચોરી

ચાણસ્મા

ચાણસ્મા પ્રાથમિક કુમાર શાળા નં.૨ ના શાળાના રૂમના દરવાજા તોડી કેટલાક અજાણ્યા ઈસમોએ અંદર પ્રવેશ કરી એક એલ.સી.ડી. ૨૬ ઈંચનું એક કી બોર્ડ, અને માઉસ મળી રૂા.૧૦૦૦૦ ના મુદામાલની ચોરી કરી અજાણ્યા ઈસમો ફરાર થઈ જતાં શાળાના આચાર્ય મનોજકુમાર રણછોડલાલ પટેલે ચાણસ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **પાંથાવાડા** | ચીકુડી | ૧૩૫૦-૧૫૨૫ |
| રાજગરો | ૮૫૦-૯૪૨ | સોવા | ૭૮૦-૮૨૫ |
| ઈ.ગુલ | ૧૧૨૫-૧૨૯૩ | | **થરા** |
| જીરુ | ૨૫૮૦-૨૭૫૧ | જીરૂ | ૨૩૫૦-૩૦૬૨ |
| એરંડા | ૭૬૦-૭૭૨ | એરંડા | ૭૬૩-૭૭૮ |
| રાયડો | ૬૮૦-૭૦૪ | રાયડો | ૬૬૦-૬૯૦ |
| | **ધાનેરા** | ઘઉં | ૩૦૭-૩૯૫ |
| એરંડા | ૭૬૧-૭૭૬ | ગવાર | ૬૬૫-૬૬૬ |
| રાયડો | ૬૫૦-૭૦૬ | બાજરી | ૨૪૦-૨૫૮ |
| ઘઉં | ૨૯૫-૩૫૨ | સુવા | ૮૦૦-૮૪૫ |
| બાજરી | ૨૩૨-૨૭૯ | | **સિદ્ધપુર** |
| ગવાર | ૬૭૦-૭૩૯ | જીરૂ | ૨૫૦૨-૨૬૧૨ |
| સુવા | ૭૭૦-૮૭૬ | વરી. | ૯૧૨-૧૨૭૧ |
| રાજગરો | ૮૬૦-૯૬૯ | ઈસ. | ૧૨૦૦-૧૨૭૦ |
| જીરૂ | ૨૪૦૦-૨૯૬૦ | ઘઉં | ૨૯૦-૪૧૨ |
| વરી. | ૯૫૦-૧૨૦૯ | એરંડા | ૭૪૦-૭૮૦ |
| મેથી | ૬૩૩-૬૪૦ | રાયડો | ૬૬૫-૭૬૦ |
| રજકો | ૧૩૦૦-૧૫૦૦ | મેથી | ૪૯૧-૫૫૦ |
| ઈસ. | ૧૦૦૦-૧૫૨૦ | બાજરી | ૧૮૦-૨૬૫ |
| અજમો | ૧૧૦૦-૧૩૮૦ | જુવાર | ૮૧૯ |
| અન્ય | ૬૩૯-૧૫૦૦ | સવા | ૮૨૦-૮૬૪ |
| | **થરાદ** | | **પાટણ** |
| રાયડો | ૭૦૦-૭૩૦ | જીરૂ | ૨૨૦૦-૨૮૨૫ |
| જીરુ | ૨૩૦૦-૩૦૨૬ | વરી. | ૧૦૦૦-૧૭૨૮ |
| સોવા | ૬૫૦-૮૬૦ | મેથી | ૪૦૦-૫૨૧ |
| ચિકુડી | ૧૨૫૦-૧૪૨૧ | સુવા | ૭૫૦-૮૭૧ |
| એરંડા | ૭૬૦-૭૭૪ | રાયડો | ૬૫૦-૭૩૬ |
| ઈસબગુલ | ૧૨૦૦-૧૫૮૧ | એરંડા | ૭૫૦-૭૭૮ |
| વરીયાળી | ૧૦૭૨-૧૨૮૨ | ઈસ. | ૧૦૧૧-૧૧૫૧ |
| અજમો | ૧૨૦૦-૨૦૦૦ | અજમો | ૬૭૦-૧૦૮૦ |
| | **રાહ** | ઘઉં | ૩૦૩-૪૭૧ |
| રાયડો | ૬૮૫-૭૦૦ | બાજરી | ૨૧૫-૨૭૫ |
| એરંડા | ૭૬૫-૭૭૫ | જવ | ૩૦૨-૩૦૬ |
| | | કપાસ | ૭૩૦-૧૦૩૦ |

# રાધનપુર તાલુકાના નાનાપુરામાં સગર્ભા મહિલાઓને કીટ વિતરણ કરાઈ


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના નાનાપુરા ગામે શનિવારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા સગર્ભા મહિલાઓને કીટ વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.જેમાં સેન્ટરની ઓછા વજનવાળી મહિલાઓને કીટ વિતરણ કરવામાં આવી હતી અને આરોગ્ય વિષયક બાબતો અંગે સલાહ-સૂચનો આપવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર ડો.સીંગ, તાલુકા ડેલિગેટ અને સમિતિના અધ્યક્ષ લવજીભાઈ ઠાકોર, સમિતિના સદસ્ય ડો.રણછોડ ભાઈ રબારીએ હાજરી આપી કીટનું વિતરણ કર્યું હતું.આ પ્રસંગે સેન્ટરની આશાવર્કર બહેનો,મહિલા હેલ્થ વર્કર બહેનો તેમજ ફેસીલીટર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# વિજાપુરમાં આંગડિયો લૂટાયોઃ રિવોલ્વરની અણીએ ૨.૨ લાખની લૂંટ

મહેસાણા- વિજાપુરઃ વિજાપુરના ટીબીરોડ પર શાકમાર્કેટ પાસે આવેલા કોમ્પેક્સમાં આવેલી આર.કાંતિલાલ આંગડિયા પેઢીમાં ગુરૂવારે ભરબપોરે ઘૂસેલા ૪ બુકાનિધારી શખસોએ રિવોલ્વર અને બેઝબોલ બતાવી કર્મચારી પાસે તિજોરી ખોલાવી રૂ. ૨.૦૨ લાખની લૂંટ કરી કર્મચારીઓને ઓફિસમાં પૂરી કરી પલાયન થઈ ગયા હતા.આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતાં પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી છે.

વિજાપુર શાકમાર્કેટની બાજુના કોમ્પલેક્ષમાં આવેલ આર કાંતિલાલ આંગડિયા પેઢીમાં કામ કરતા નરેન્દ્રભાઈ પટેલ,કાંતિભા પટેલ અને મનુભાઈ ઠક્કર જમીને આશરે ૨.૧૫ કલાકે આરામ કરી રહ્યા હતા તે જ સમયે દરવાજો ખોલીને એક પછી એક અંદર પ્રવેશેલા ૪ બુકાનીધારીઓએ તેમની સામે રિવોલ્વર અને બેઝબોલ ધરી દેતા તમામ ભયભીત બની ગયા હતા.પેઢીના કર્મચારીઓને એક બાજુ બેસી જવાની સૂચના આપી ચાર પૈકીના એક લૂટારૂએ નરેન્દ્રભાઈ પટેલને પૈસા આપી દો. તેમ કહેતા જ તેમણે પૈસા નથી તેવો વળતો જવાબ આપતાં ઉશ્કેરાયેલા લૂટારૂઓએ તિજોરીમાંથી પૈસા કાઢી આપ કહેતા જ ડરના માર્યા નરેન્દ્રભાઈએ ચાવીથી તિજોરી ખોલી આપતાં રૂ ૨.૦૨ લાખ લૂંટી કર્મચારીઓને અંદર પૂરી પેઢીનો દરવાજો બહારથી બંધ કરી કારમાં ભાગી ગયા હતા.

ત્યાર બાદ કર્મચારીઓએ બાજુની દુકાનમાં ફોન કરીને વેપારીની મદદથી પેઢીમાંથી બહાર નીકળી તરત જ પેઢીના માલિક અને પોલીસને ઘટનાની જાણ કરી હતી.આ સમગ્ર બનાવ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો. આ બનાવની જાણ થતાં પોલીસ કન્ટ્રોલ ઈન્ચાર્જ દેવડાભાઈએ જિલ્લા ભરમાં નાકાબંધી કરાવી હતી. વિજાપુર પોલીસે ચાર શખસો સામે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દારૂ ભરેલી કારનો પીછો કરતા પોલીસ પર હુમલો, જવાનો ઘાયલ

હિંમતનગર

ગુજરાતમાં દારૂબંધીનો ચુસ્ત કાયદો હોવાછતાં દારૂ પીવાય છે. આજે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ડોડીસરકા પાસે આરઆરસેલના જવાનો કારમાં દારૂ ભરીને લઈ જવાતો હોવાની બાતમી મળતા તેનો પીછો કરતી હતી. ત્યારે કારચાલકે પોલીસ પર કાર ચડાવી દેવાનો પ્રયાસ કર્યો હતો અને સાતેક શખ્સે પોલીસજવાનો પર હુમલો કર્યો હતો.

બાતમીને આધારે આરઆર સેલની ટીમ એક કારનો પીછો કરી હતી. આરઆર સેલની ટીમે ખાનગી કારને રોકી હતી ત્યારે પોલીસ જવાન પર ગાડી ચડાવવાનો પ્રયાસ થયો હતો અને સાત શખ્સે હુમલો કરી દેતા પોલીસકર્મીઓના પગ તૂટ્યા હતા અને માથાના ભાગે ઈજા પહોંચી હતી. ઘાયલ પોલીસકર્મીઓને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# રાધનપુરમાં ડોર ટુ ડોર કચરા માટે ત્રણ સાયકલ ફાળવાઈ


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાંથી ડોર ટુ ડોર કચરો લેવા માટે નગરપાલિકા દ્વારા ત્રણ સાયકલો ખરીદવામાં આવી છે. જે રવિધામ, વોરવાડ તેમજ તેના આજુ-બાજુના વિસ્તારો અને મેઈન બજારમાંથી કચરો લેવા માટે ગોઠવવામાં આવી છે. આ સાયકલો આવતા સફાઈ કામદારોને પણ સરળતા રહેશે અને નાની ગલીઓમાં છેક અંદર સુધી જઈને કચરો એકઠો કરી શકાશે. હાલમાં શહેરના આલગ-અલગ વિસ્તારો માટે ટ્રેકટરો દ્વારા ડોર ટુ ડોર કચરો ઉઘરાવવામાં આવે છે, જે શહેરની અલગ-અલગ સોસાયટીઓ અને મહોલ્લામાં ફરીને કચરો ઉઘરાવે છે.

# પાટણમાં ખાતેદારના ખાતામાંથી પૈસા ઉપાડી લેવા બાબતે સ્ટેટ બેંકના કેશિયરને પાંચ વર્ષની સજા

પાટણ

પાટણ શહેરમાં આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખાના કેશિયર દ્વારા વર્ષ ૨૦૧૨ એક ખાતેદારના ખાતામાંથી ટુકડે ટુકડે રૂા.૧,૧૦,૦૦૦ રકમ ખોટાણા વાઉચરી બનાવી તેમજ ખોટી સહીઓ કરી ઉપાડી લેવાનો કેસ ગત મંગળવારે પાટણ ચીફ જ્યુડીશીયલની કોર્ટમાં ચાલી જતાં બેંકના કેશિયરને દોષિત ઠેરવી પાંચ વર્ષની કેદ અને રૂા.૧૦૦૦૦ નો દંડ ફટકાર્યો હતો.

જાણવા મુજબ પાટણ ખાતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની છ મુખ્ય શાખાઓ કેશિયર તરીકે ફરજ બજાવતા મનુભાઈ અદાભાઈ પરમારે ફરજ દરમ્યાન બેંકના ખાતેદાર દિનેશભાઈ નાનાલાલ રાઠોડ (રહે.પાટણ) ના ખાતામાંથી ટુકડે ટુકડે ખોટા વાઉચરો બનાવી ખોટી સહીયો કરી રૂા.૧,૧૦,૦૦૦ જેટલી રકમ ઉપાડ લીધી હતી. જે બાબતની જાણ દિનેશભાઈને તથા બેંકના ચીફ મેનેજરને થતાં અને તે બાબતની તપાસ ચલાવતાં આ રકમ વિડ્રો વાઉચર પર ઉપાડી હોવાનું પ્રકાશમાં આવવા પામ્યું હતું અને તેમાં મનુભાઈએ આ રકમ ગેરકાયદેસર રીતે ઉપાડેલ હોવાનું જણાતા પોલીસ ફરિયાદ થઈ હતી. સદર કેસ ચાલી જતાં મનુભાઈ પરમારને પાંચ વર્ષની સજા અને રૂા.૧૦ હજારનો દંડ ફટકારવામાં આવેલ.

# શામળાજી આરટીઓ પાસેથી રૂ.૨.૨૫ લાખનો દારૂ ઝડપાયો

શામળાજી/મોડાસાઃ

શામળાજી પીએસઆઈ એમ બી ગઢવીને મળેલી બાતમી આધારે તેઓએ તેમના સ્ટાફ સાથે રવિવારે વહેલી સવારે શામળાજી થી રતનપુર તરફના હાઈવેમાં આરટીઓ પાસે વોચ ગોઠવી રાજસ્થાન બાજુથી આવતા વાહનોનું સઘન ચેકીગ હાથ ધર્યું હતું.દરમિયાન રાજસ્થાન બાજુથી આવતા પીકપ ડાલા નંબર આર જે ૦૬ જીબી ૯૩૩૪ શંકાસ્પદ જણાતાં તપાસ અર્થે ઉભું રખાવ્યું હતું. તેમાંથી ૫૨૮ બોટલ ટીન વિદેશી દારૂ કિંમત ૨.૨૫. ૬૦૦નો મળી આવ્યો હતો. દારૂનો જથ્થો તેમજ ગાડી સહિત કુલ ૫.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ દારૂ ભરી આવતા અબ્દુલ હમિદ મન્સૂરી રહેવાસી ભીલવાડા રાજસ્થા નની અટકાયાત કરી કાર્યવાહી હાથ ધરી

# હિંમતનગરના ભાદરડી ગામે ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણી કરાઈ

**પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૬ લાભાર્થીઓને ગૃહપ્રવશે કરાયો**



સતીષ ભટ્ટ

હિંમતનગર

૧૪ એપ્રિલથી પ્રારંભ થયેલા ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત શનિવારના રોજ હિંમતનગરના ભાદરડી ગામે સાબરકાંઠા સાસંદ શ્રી દિપસિંહની અધ્યક્ષતામાં ગ્રામ શક્તિ દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૭ લાભાર્થીઓને ગૃહપ્રવેશ કરાવવામાં આવ્યો હતો. પ્રાસંગિક ઉદબોધન કરતા સાસંદ શ્રી દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને ઘરના સંકલ્પ સાથે કેન્દ્ર સરકાર કામ કરી રહી છે જેને રાજય સરકાર અસરકારક રીતે કામ કરી રહી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ત્રણ વર્ષમાં એક કરોડ પાકા મકાન બનાવવાનો લક્ષ્યાક છે. જયારે ગુજરાત રાજયમાં અત્યાર સુધી ૩ કરોડથી વધુ ગ્રામિણ પરીવારોને આ યોજના સાથે સાંકળી લઈને ઘરના ઘરનુ સ્વપ્ન સાકાર કર્યુ છે.

વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, ઘરની સાથે વીજળી પણ જરૂરી છે તેથી ઉજાલા યોજના અંતર્ગત જરૂરીયાત મંદ પરીવારોને મફત વીજ કનેક્શન અને એલ.ઈ.ડી બલ્બ આપવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા ગેસ કનેકશન અને આરોગ્યની સેવા સાથે સાંકળી લઇ તેમના સ્વાસ્થ્યની પણ ચિંતા કરવામાં આવી રહી હોવાનું તેમણે ઉમેર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી ડામોરે સમગ્ર ગ્રામ સ્વરાજ અભિયાનની રૂપરેખા આપી અભિયાનમાં સહભાગી થવા અપીલ કરી હતી

કાર્યક્રમમાં હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, કેન્દ્રના સેક્રટરી શ્રી અશોકકુમાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેસાઇ, તમામ તાલુકા વિકાસ અધિકારી શ્રીઓ સહિત આસપાસના ગ્રામજનો તથા લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાધનપુરના ધારાસભ્ય દ્વારા વડપાસર તળાવના બ્યુટીફીકેશન માટે ગ્રાન્ટ ફાળવવા માંગ


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાં નવાબી વડપાસર તળાવ આવેલું છે,જો તેને યોગ્ય પ્રમાણમાં વિકસિત કરાય તો શહેરીજનો માટે એક પ્રવાસન સ્થળ તરીકે ઉપસી આવે તેમ છે.આ બાબતને ધ્યાનમાં રાખીને રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર દ્વારા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને નગર આયોજન વિભાગને લેખિતમાં રજુઆત કરીને વડપાસર તળાવને ફરતે વોકવે અને અદ્યતન બગીચો બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવા માંગ કરી છે. ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે કરેલી રજુઆતમાં જણાવ્યા મુજબ રાધનપુર નગરી જુના નવાબી સ્ટેટ વખતની રાજધાની હતી,આ રાજધાની નગરીની ફરતે કોટ-કિલ્લો હતો,જેમાં પટણી દરવાજાથી થેગિયા દરવાજા સુધી વડપાસર નામે ઓળખાતું મોટું નગરી તળાવ આવેલું છે.આ તળાવની અંદર રાજધાની કિલ્લાથી તળાવ વચ્ચે નવાબી સ્ટેટનો બંગલો આવેલો છે. આ બંગલામાં જવા-આવવા રાજમહેલમાંથી પુલ પણ બનાવવામાં આવેલો છે. વડપાસર અને તેની પરિમિતિમાં સામે કિનારે મહાદેવજીનું મંદિર આવેલું છે, અને બાજુમાં લઘુમતી કોમની ધાર્મિક દરગાહ આવેલી છે.અને બાગ પણ આવેલ છે, જે નવાબી સ્ટેટમાં દિલ ખુશાલ બાગ તરીકે ઓળખાતો હતો. અગાઉના વર્ષોમાં અછત અને અર્ધઅછતની પરિસ્થિતિ માં તળાવની વચ્ચે આવેલા નવાબી બંગલાની ચારેબાજુમાં આવેલ ફૂલઝાડ તેમજ મરામતના અભાવે બંગલો આજે જર્જરિત હાલતમાં છે.

## અગાઉ બે વખત ગ્રાન્ટ આવી છે

**પાલિકામાં અગાઉ ભાજપની બોડી હતી ત્યારે સમયાંતરે વડપાસર તળાવના બ્યુટીફીકેશન માટે બે વખત ગુજરાત સરકાર દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી,પરંતુ તળાવનું બ્યુટીફીકેશન થઈ શક્યું નથી,અને માત્ર આડા-અવળા પથ્થર લગાવીને થોડો દેખાવ જ માત્ર કરવામાં આવ્યો છે.છેલ્લી વખત તો આ તળાવના બ્યુટીફીકેશન માટે પચ્ચીસ લાખ રૂપિયા જેવી માતબર ગ્રાન્ટ આવી હતી, પરંતુ આ ગ્રાન્ટ ક્યાં વપરાઈ છે,તેની કોઈને જાણ નથી.**

# કિસાન કલ્યાણ મહોત્સવ અંતર્ગત બેઠક યોજાઈ

પાટણ.

ગુજરાત રાજયમાં તા ૦૨/૦૫/૨૦૧૮ ના રોજ "કિસાન કલ્યાણ મહોત્સવ"ની કૃષિ, પશુપાલન તેમજ સહકાર વિભાગ દ્વારા ઉજવણી કરવાની છે. જે મુજબ રાજયના દરેક જિલ્લાના દરેક તાલુકા દીઠ કિસાન કલ્યાણ મહોત્સવનું એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવાનું છે. પાટણ જિલ્લામાં કિસાન કલ્યાણ મહોત્સવ કાર્યક્રમના સફળ આયોજન અને અમલીકરણ તેમજ તાલુકા કક્ષાની અમલીકરણ સમિતિના ગઠન માટે જિલ્લાકક્ષાએ સમિતિની બેઠક તાઃ-૨૩/૦૪/ ૨૦૧૮ ના રોજ જિલ્લા પંચાયત, કમિટી હોલ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરુના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.જેમાં કિસાન કલ્યાણ મહોત્સવના સફળ અમલીકરણના ભાગરૂપે ખેતીવાડી, પશુપાલન, બાગાયત, જી.એલ.ડી.સી, કે.વી.કે. સમોડા, જી,જી. આર. સી તેમજ અન્ય લાઈન ડિપાર્ટમેન્ટના ખાતાના અધિકારી ઉપસ્થિત રહયા હતા. સદર કાર્યક્રમમાં ખેડૂતોની આવક બમણી કરવાના હેતુસર કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રીઓ તેમજ અન્ય પ્રગતિશીલ ખેડૂતો સદર પ્રોગ્રામમાં હાજર રહી ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડશે. મહોત્સવ અંતર્ગત જિલ્લાના દરેક તાલુકા દીઠ કાર્યક્રમમાં પ્રદર્શનના ભાગરૂપે વિવિધ ખેડૂત ઉપયોગી સ્ટોલની ગોઠવણી કરવામાં આવનાર છે. સદર મિટીગમાં જિલ્લાના ખેતીવાડી અધિકારી એસ. એસ.પટેલ,આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી એમ.એસ. પટેલ, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ડી.ડી.પટેલ, તાલુકાના અમલીકરણ અધિકારીઓ, જી.એલ.ડી.સી પ્રતિનિધિ, જી,જી.આર.સી પ્રતિનિધિ તેમજ અન્ય ખાતાના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. જેમાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સદર કાર્યક્રમના અમલ માટે માર્ગદર્શન પુરું પાડયું હતું.વધુમા મીટીગમાં "પાણી બચાવો ઝુંબેશ"અંતર્ગત ચર્ચા કરવામા આવી હતી. જેમાં તમામ તાલુકામાં પાણી બચાવો ઝુંબેશ માટે "કિસાન કલ્યાણ મહોત્સવ" કાર્યક્રમમાં વધુમાં વધુ પ્રચાર પ્રસાર કરી ખેડુતોને આ અભિયાનમાં જોડાવા માહિતગાર કરવામાં આવશે તેવું સુચન કરવામા આવ્યું હતું.